માગશર
૧૯૮૭નુ

કુમાર

તંત્રી : રવિશંકર રાવળ


૮૪
મો અંક



સર્વનાશ

અશુભ ખબર લઇ આવેલા, દુઃખાર્ત નેત્રોવાળા રાજદૂતનું આ ચિત્ર અજંતાની ૧૭મા નંબરની ગુફાના મંડપની ભીંતના એક ટુકડા પર છે. એક હાથે દંડ ટેકવી બીજા હાથે તેના અશુભ ખબરનો સંપૂર્ણ ખ્યાલ આપતો આ વૃદ્ધ ચહેરો રેખાના સામર્થ્યનો અનુપમ નમૂનો છે.

આવતી કાલનાં નાગરિકોનું માસિક



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ગોપ

ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ

['કુમાર'ના માગશર ૧૯૮૭ના અંકનું મુખચિત્ર]

કુમાર

માગશર ૧૯૮૭

ખાંભી

[દ્રુતવિલંબિત]


અહીં હશે ચમકી વીજ એક દિ'
ખણખણાટ થતાં હથિયારનાઃ
વહી હશે નવ-શોણિતની નદી
બલિ થતાં કંઈ બત્રીસલક્ષણા.

શૂરકથા શત વર્ષ જીવાડવા
અહીં મૂકેલ શિલા કંઈ કોતરીઃ
સળગતો ભૂતકાળ અહીં ફરી
શહીદનાં પથદર્શન પૂજવા.

અહીં જ એ ઇતિહાસ પડી રહ્યો
સ્વજનસંઘ ગણી તરુની ઘટાઃ
મૂક શિલા મહીં પૌરુષ પેખતાં
મનુજ અંતર સ્વપ્ન ઘડી રહ્યો.

ઇન્દુલાલ ગાંધી





હિંદ સ્વરાજ પામશે કે નહિ એ પ્રશ્ન તો એકેએક હૃદયમાં ગુંજી રહ્યો છે, પરંતુ ઘણાની માન્યતા અને વર્તન એવાં લાગે છે કે થોડાએક માણસો જે વખતે સ્વાતંત્ર્ય માટે મથન કરી રહ્યા હોય છે તે ઘડીએ તેઓ માત્ર જોનારા કે ટીકા કરનારા જ હોય છે; અને પેલા થોડા ઝૂઝનારાઓની સંખ્યા પણ ખપી જાય તો એ વાતો કરનારા કે ભૂસો જોનારાને કશું યે ધ્યેય રહેતું નથી. દેશના ખેડુતો ખુવાર થાય અને દાઝવાળા દેશનેતાઓ તથા જુવાનો જેલમાં જાય કે સજા ખમે તે સિવાયના બાકી રહેલા વર્ગને સ્વરાજ માટે કશો આવેગ કે સક્રિય તત્પરતા હોય તો 'સ્વરાજ આવશે કે નહિ' એવો 'પ્રશ્ન' આજે થાય નહિ; 'ખાતરી' હોય. 'હિંદ સ્વરાજ' એ એકેએક હિંદીનું ધ્યેય છે, 'હિંદ સ્વરાજ' માટે મરીફીટવાનો ધર્મ એકેએક હિંદવાસીને શિર છે અને જે ભીષણ પ્રયત્ન દેશમાં આજે થઈ રહ્યો છે તેમાં એક પણ ભારતીય બાળકનો હિસ્સો ન હોય તો એટલું રાષ્ટ્રબળ ઊણું રહે છે હું મારી જન્મભૂમિને પ્રાણથી પણ અધિક ચાહું છું, પ્રશ્નો કરનારના દિલમાં એટલી ધગશ હોય હું તેનાસ્વમાન નેસ્વાતંત્ર્ય માટે જીવનભર મથવાનો મારો ધર્મ સમજું છું, એ નિષ્ઠા દરેક જણના દિલમાં જ્યોત પેઠે જાગતી હોય તો હિંદ સ્વરાજ મેળવવાનું જ. 'મળશે?' એવી શંકા રાખવાનું કારણ જ ન રહે.

એ જાતનો પ્રશ્ન તમે કોઇને પણ પૂછો તે પહેલાં તમારી જાતને પૂછજો કે ભારતની સ્વતંત્રતા વિના તમે નિભાવી લો એટલા પામર હજી રહ્યા છો? તમને લાગે કે તમારે અને તમારા કરોડો હિંદવાસી ભાઇબહેનો માટે આજે સ્વાતંત્ર્ય, મુક્તિ અને ઉન્નતિનાં બારણાં બંધ થયાં છે, તમારાં શરીર મન અને પ્રવૃત્તિ ઉપર અનેક અંકુશો અને ચોકીઓ પડી છે, જીવનની આફતો સામે ટકવાને તમે નિ:સહાય સાધનહીન કાંગલા બની રહ્યા છો, તમારી અને તમારાં મા-બહેનોની રક્ષા કરવાને તમારી કશી જ મજાલ કે તૈયારી નથી, દેશના રક્ષકો અને રાજના કાયદા પણ તમને ન્યાય આપી શકતા નથી;—આ બધું તમને ખરેખર લાગે તો તમે 'મળશે?' પ્રશ્ન કદી કરવાના નહિ;—'મેળવવા' માટે તમે સળગી ઊઠવાના. આજે તો તમારે માટે ચોમેર અંધકારથી યે કાળી નિરાશા જ છે. જ્યાંજ્યાં તમે ન્યાય, રાહત કે સહાનુભૂતિ માટે આશા રાખી હાથ લંબાવો છો ત્યાં તમને ને તમારા કોટિ બાંધવોને કાયમની ગુલામીમાં જકડી લઇ તમારા રસકસ ઉપર શેઠાઈ જમાવવાનાં ષડ્યંત્રો જ ગોઠવાએલાં દેખાય છે. તમારાં દુ:ખો અને અન્યાયોની વાત હસી કઢાય છે—કલ્પિત લેખાય છે, તમારી વચ્ચે મતભેદ ઊભા કરાવી તમારૂં ધ્યેય ભૂલાવી દેવાની જાળ પથરાય છે અને તમારા જ દેશબંધુઓને હાથે તમારાં અપમાન, અધોગતિ અને સત્યાનાશનો પ્રયોગ ચાલી રહ્યો છે.

એકેએક માણસ આ સ્થિતિમાંથી છૂટવા નિશ્ચય કરે અને મથે તો જગતના કોઇ પણ રાજપ્રપંચીઓના કાવાદાવા કે ભેદનીતિ ફાવવાનાં નથી. જો સ્વતંત્રતા અને સ્વમાન મનુષ્યની પહેલી લાગણી હોય તો કોઇ પણ રાજસત્તા કે જાલિમ બળ તેના પર સવાર નહિ થઇ શકે. સત્યની ટેક નિભાવનાર ઈશ્વર છે અને તેને આશરે રહેલાઓએ કદી કશું ગુમાવ્યું નથી. તેમનાં શરીરને દુ:ખ દેનારા જ પરિણામે પાયમાલ થયા છે. તેમને દેહાંત કરનારા રાજાધિરાજોની કીર્તિ મેલી થઇ છે અને તેમની નજર આગળ જ શહીદોની આણ જગતભરમાં પ્રકાશ કરી ગઈ છે. એક જ સાત્વિક માણસના ટેક અને ભોગ પશુરાજ્યમાં અંગારા વરસાવી શક્યા છે તેની શાખ ઇતિહાસનાં અનેક પાનાં પૂરે છે.

સ્વરાજ આવશે, જરૂર આવશે. પણ તમે શું કરી રહ્યા છો તે પહેલું વિચારજો. સ્વરાજ લાવવાની કોઇ ક્રિયામાં તમે શામિલ છો ખરા? તમે તે માટે કેટલો વખત ને ભોગ આપી રહ્યા છો? સ્વરાજ હિંદના દરેક જણ માટે હોય તો દરેક જણનો તેને માટે પ્રયાસ હોવો જોઇએ.

સ્વરાજ મેળવવાના માર્ગો માટે તકરારમાં ન પડશો. કોઇ ખાદી દ્વારા હિંદના આર્થિક સ્રાવ અટકાવે તો કોઇ ઉદ્યોગ-પરિવર્તનથી અનેક ચીજો ઉત્પન્ન કરે અને રાષ્ટ્રને સહાય કરે; કોઇ સમાજસુધારણામાં ઝૂઝીઝૂઝી કામ કરી ફીટે તો કોઇ ધર્મપ્રચારથી લોકનીતિ અને જાતીય સંસ્કારમાં ઉન્નતિ લાવે. એ બાબતનો વિવાદ તો કોઇ સાથે કરશો નહિ દરેક જણ તેની નિષ્ઠામાં સાચો હોય અને પ્રામાણિક સેવા તથા ભોગ આપી રહ્યો હોય તો તે દરેક જણ રાષ્ટ્રસેવક છે, 'સ્વરાજ'નો ભક્ત છે, સ્વાતંત્ર્યનો સૈનિક છે. પણ માત્ર પોતાનો જ વેપાર ટકાવી રાખવાના બહાને, પોતાની જ નોકરી સાચવી રાખવાની કે પેટપૂજા સાચવી લેવાની ઓથે કોઇ દલીલો કરે તેનાથી ઠગાતા નહિ. ઘણા યે મોટા અધિકારો ભોગવે છે, મોટાં કારખાનાં ચલાવે છે, વેપારો ખેડે છે, તેઓ પોતાની જાતને બચાવવા ઠગાઇભરી દલીલો કરે છે અને બીજાઓમાં ભ્રમ ઉત્પન્ન કરે છે. તેમનાથી ચેતીને પરિણામો શોધી કાઢજો ને તમે તમારૂં ધ્યેય સંભાળી રાખજો.

આ અંક સાથે 'કુમાર' સાતમું વર્ષ પૂરૂં કરે છે. જે શ્રદ્ધાથી આટલાં વર્ષો તે ટકતું આવ્યું છે તે જ શ્રદ્ધાથી આઠમા વર્ષની શરૂઆત થશે. તેના આદર્શો અને પ્રયત્નો વચ્ચે હજુ ઘણું અંતર છે, છતાં નિષ્ઠા અડગ છે. ઈશ્વર એ નિભાવી રાખે અને પુનઃ વાચકોની સેવા અમે ચાલુ રાખીએ એ આશા સાથે આ વર્ષની પૂર્ણાહુતિ કરીએ છીએ.

વિદ્યાર્થીઓને

વિદ્યાર્થીઓ-હજી ગુલામખાનાં સેવતા વિદ્યાર્થીઓ! ઘરડાઓ અને પાપી ધંધા-માં રીઢા થએલઓ ભલે પોતાના ધંધા ન છોડી શકે, પણ તમે? તમે તો ઠેરઠેર આઝાદીની આહાલેક ગજાવનારાઓ. તમે આજે ન જાગો તો એ શરમ કદી ભૂંસા-વાની નથી. તમને વર્ષ બે વર્ષનો એ ગુલામખાનાંનો અભ્યાસ પસંદ છે કે આઝાદીની લડતના સૈનિક થવાનું માન વધારે વહાલું છે? તમે જાગો તો આખા તંત્રના સાંધા ઢીલા કરી શકો છો. તમે જાગો તો એકેએક પરદેશી કાપડની દુકાન બંધ કરાવી શકો છો તમે જાગો તો દારૂનાં એકેએક પીઠાં બંધ કરાવી શકો છો. તમે જાગો તો ખેડાનું ગુંડારાજ બંધ કરી ખેડુ-તોને હૂંફ આપી શકો છો. જાગો! આઝાદી-ના પ્રભાતમાં જીવતા હોવું એ એકલહાવો છે, પણ જુવાન હોવું એ તો સ્વર્ગસમું છે. તમે એ સ્વર્ગને નરક ન બનાવજો. (મહાદેવભાઇએ આપેલા સંદેશમાંથી)

વિજ્ઞાનનો વિકાસ

શરૂઆતના નાના અખતરાઓ સિદ્ધાંતો અને સાધનોથી માંડીને આજની પ્રગતિ-માન સ્થિતિ સુધી વિજ્ઞાન કેવી રીતે પહોંચ્યું, અને તેમાં યુગયુગના નામાંકિત વિજ્ઞાનીઓએ મોંઘા અખતરાઓ અને આપભોગોથી કેવો આકરો અને સમૃદ્ધ ફાળો આપ્યો તેનો ઇતિહાસ વાર્તા જેવી રસમય અને સરળ શૈલિમાં આ પુસ્તકમાં 'કુમાર'ના પરિચિત લેખક શ્રી સોમપુરાએ આપ્યો છે. મૂળ કિંમત રૂ. ૨॥ કુમારના ગ્રાહકોને રૂ. ૧॥

પોસ્ટેજ જુદું

કુમાર કાર્યાલય : અમદાવાદ

ગુમાન

ઘણી વાર વિદ્યા કળા કે બીજા કીમિયામાં આગળ વધેલા કેટલાક માણસો પોતે બીજા કરતાં કંઇક વધુ સમજે છે અને પોતે વધારે લાયક છે એવી રાઇ રાખી ફરે છે અને તેથી પોતાના મિત્રોને અણગમતા થઇ પડે છે. એવા ગુમાની માણસો પરસ્પર પણ અળખામણા થાય છે. તમે તમારી વાત કરવા જાઓ કે તરત તે પોતાનાં જ ગીત ગાવા બેસી જાય. પોતાનું અડાબ્યે રાખનારા, ગર્ભગુમાની અને બીજા કરતાં સવાશેર થઇ ફરનારાની શોકજનક વાત તો એ છે કે તેમનું એ ગુમાન, જ્ઞાન અથવા સંસ્કારનું કોઇપણ કિરણ તેમના મનોદ્વારમાં આવતું ખાળી દે છે અને તેમના સરખા અથવા ચડિયાતા મગજ સાથેનો વ્યવહાર સદંતર બંધ કરે છે, જેથી કંઇ પણ લાભ થવાનો હોય તે તેઓ ખોઇ બેસે છે.

અપાર મુશ્કેલીઓ અને સખત વિરોધો વટાવી જવા માત્રથી માણસનો જીવનક્રમ પૂરો થયો ગણાય નહિ. મુશ્કેલીઓ વટાવી તથા વિરોધો જીતી લીધા પછી માણસ ઘણી વાર પોતાની સફળતામાં મનુષ્યયત્નનો છેડો આવી ગયો માની લે છે અને પોતામાં સર્વ સંપૂર્ણતા આવી ગએલી ધારે છે ત્યારે તે પોતાના કીર્તિમુકુટ ઉપર જ બેસી તેને દબાવે છે. તે આગળ જઇ શકતો નથી. તેનો આગળનો જીવનક્રમ ત્યાં જ અટકે છે. અને જો તે જરા ભાન લાવીને તપાસે તો જોઈ શકે કે તેની કીર્તિનાં ફૂલ કરમાઇ ગયાં છે, વાસી થઇ ગયાં છે ને તેના દબાણથી કશો ઘાટ રહ્યો નથી. કીર્તિનો મુકુટ તો કપાળ પર જ રખાય ને મગજમાંથી નીકળતા જીવંત પ્રવાહથી સજીવન રાખી શકાય. હમેશાંની ઉર્ધ્વગતિ ને ચાલુ કામ હોય તો જ તેના પ્રાણદાયક હવાથી કીર્તિફૂલ તાજાં રહે.

તમારી જાતમાં જ સંતોષ માનીને તમારા ગુણના વિચારમાં ગર્ક રહેતા હો તો તમે કેવા લાગો છો તે જાણવા મામણમુંડાનો વિચાર કરજો! પણ તમે નમ્ર બની આગળ વધવાનો ઉચ્ચ આદર્શ રાખવા ઇચ્છતા હો તો આકાશના તારા સામે જુઓ. તમારા ગામના અમુક માણસ કરતાં તમે વધુ વિદ્વાન કે કારીગર હશો, પરંતુ જગતના મહાવિદ્વાનો કે કળાકારોને ધ્યાનમાં લો તો તમારે કેટલું આગળ જવાનું રહે છે? જંતુની નજરે તમારા પગની પાની પણ મહાન લાગતી હશે, પણ પરમાત્માની શક્તિ સામે તમારૂં ગુમાન કેટલું? એક ભમરીનો ડંખ લાગે ને તમે પળમાં મરી જાઓ. જુદાંજુદાં પ્રમાણો ધ્યાનમાં રાખવાથી અને જરા વિનોદભરી નમ્રતાથી તમારી ગણતરી કરવાથી તમે ગુમાનથી બચી શકશો ને તમને બીજા માણસોની હૂંફ તથા સહાનુભૂતિ મળશે. મોટી પદવીઓ કે માનચાંદ ખરેખરી લાયકાત માટે મળ્યાં હોય તોપણ તેથી મોટાઇ આવી જતી નથી. તમને જે કીર્તિ આજે મળી છે તે કાલે વળી કોઈ વધુ હોશિયાર અને બાહોશ માણસને મળશે ત્યારે તમારી કીર્તિ ભૂલાઇ જશે.

કામ કરો તો ઉચ્ચ પરિણામ લાવવા મથો. ધાર્યું પરિણામ ન આવે તો પણ મથો, એથી વધુ સારૂં તો બનશે જ. તમારી હારના કારીગર કે કલાકારને તમારાથી પણ વધારે મોટો માણસ બનવામાં તમારી મદદ આપતાં આનંદ ને સંતોષ માનજો. તમારી પ્રશંસા થાય તેની અવગણના ન કરતા, પણ લોકોનાં વખાણ બાદ કરીને તમારી કિંમત આંકતા શીખજો.

બીજાઓ તમારા માટે કે તમારા કામ માટે શું કહેશે તેનો વિચાર ન કરતા, પણ તમે એવા કામ માટે બીજા પર સખતમાં સખત ટીકા કરો તો કેવી કરો તે રીતે તમારી જાત ને કામની તુલના કરજો. તમારો કઠોરમાં કઠોર ટીકા-કાર જે રીતે તમારી ગણતરી કરે તે રીતે તમારો આંક કાઢજો અને તમારા હૃદય ઉપર લખી રાખજો કે विनयात् याति पात्रताम्। વિનયથી જ લાયકાત આવે છે.

ગુજરાતના પહેલા ને પ્રતિભાશાળી રસાયનશાસ્ત્રી પ્રો.

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

જેમનો ભાવનાભક્તિ ને કર્તવ્યસાધનાથી ભરેલો જીવનઇતિહાસ નવગુજરાતની ગૌરવ-ગાથામાં એક મહામોલું અર્પણ છે.

એક સામાન્ય કુટુંબમાં જન્મી પોતાના બુદ્ધિબળ તથા પ્રતિભા વડે કૉલેજજીવનની જ્વલંત કારકીર્દિ ગાળી વિજ્ઞાન લઈ તે એમ એ. થયા; દેશોન્નતિનાં સ્વપ્ન સેવી ઔદ્યોગિક કેળવણીના ધામ સમું કલાભવન એમણે સ્થાપ્યું; ગુજરાતી ભાષામાં વૈજ્ઞાનિક સાહિત્ય સમૃદ્ધ કર્યું; મહારાણી વિક્ટોરિયાની શિલ્પ-મૂર્તિ ઉપરના કાળા ડાઘ દૂર કરી મોંઘી કીર્તિ કમાયા; 'ટેક્નો-કેમિકલ' લૅબોરેટરી જેવી એ પ્રકારની પ્રથમ અને વિજ્ઞાનના અનેકાનેક વિદ્યાર્થીઓની માતૃસંસ્થા સમી પ્રયોગશાળા સ્થાપી હિંદમાં રસાયનશાસ્ત્રના અભ્યાસની પ્રેરણાત્મક સગવડ કરી આપી; રંગ, દવાઓ આદિ સ્વદેશમાં તૈયાર કરવા ઍલેમ્બિક વર્ક્સ જેવા કારખાનાની સ્થાપના કરી પ્રાંતમાં નવીન જ ઉદ્યોગનો પાયો નાખ્યો; સમાજસેવા અને સ્ત્રી-કેળવણીમાં બનતો ફાળો આપ્યો અને કલ્યાણગ્રામ જેવી ભવ્ય લોકોપકારી યોજનાનાં સ્વપ્નો સેવ્યાં. આયોડાઇન ટરક્લોરાઈડની જંતુઘ્ન દવાની શોધ વડે ઔષધશાસ્ત્રમાં અગત્યનો ફાળો ઉમેરી અનેક માનવજીવોને દુઃખ તથા મૃત્યુના મુખમાંથી મુક્ત કર્યા; મોતી ધોવાની સફળ ક્રિયા શોધી કરી અઢળક દ્રવ્ય કમાયા અને પોતાના ઉચ્ચ જીવનઆદર્શોની સિદ્ધિ પાછળ તે ખર્ચ્યું; —આવો, પ્રેરણા અને પ્રતિભા, ભાવનાભક્તિ અને કાર્યકૌશલ્ય, ખંત અને ઝહેમત તથા સિદ્ધિ અને રિદ્ધિ વડે અણુએ અણુ સીંચાએલો એમનો જીવનકોષ એક જ આદર્શ પાછળ અર્પણ થયો છે: 'માતૃભૂમિનું ગૌરવ'.

મોતી ધોવાની પ્રો. ગજ્જરની ક્રિયાની કૂંચી તેમની જ પાસે હતી. એમાંથી થતી ભારે કમાણી કેટલાકથી સાંખી શકાતી નહોતી. તેમના કેટલાક કુટુંબીઓએ તે કમાણીમાં ભાગ માગવા માંડ્યો જેને પરિણામે કલહ ને કજિયા ઉદ્‌ભવ્યા અને છેવટે તે ઝઘડો કોર્ટે ગયો. અંતે શ્રી ગોવર્ધનરામને તેમાં લવાદ તરીકે નીમ્યા. તેમણે સૌનું સાંભળી ન્યાય આપ્યો. આમાં નાણાંની ખૂબ ખરાબી થઈ જેથી તેમનું જીવન અનિયમિત તથા અવ્યવસ્થિત થઇ ગયું. તેમની બાદશાહી આવક પર પણ આથી ભયંકર ફટકો પડ્યો. આવક ઘણી જ ઓછી થઇ ગઇ. જે ઝવેરીઓની સાથે તેઓ કામ કરતા હતા તેમની સાથે પણ કલહ થયો અને તેને માટે કોર્ટે જવું પડ્યું. આખરે લવાદો નીમાઇ ઝગડાનો અંત આવ્યો અને કૉન્ટ્રેક્ટ તોડવા બાબત ઝવેરીઓને રૂ. બે લાખ પ્રો. ગજ્જરને આપવા પડ્યા. આ સમય અગાઉ જ ૧૯૧૦માં તેમનાં ભલાં પત્ની કારીગીરી ગુજરી ગયાં. કેટલાંક સગાંસંબંધીની સ્વાર્થમય અને કલહ-પ્રિય પ્રવૃત્તિથી તેમનાં કેટલાંક કાર્યોમાં નિષ્ફળતા મળતી જોઇ હૃદયમાં ખૂબ અશાંતિ જાગી. એવામાં વળી પોતાનું સર્વ કાર્ય સંભાળી લે તેવો પ્રિય શિષ્ય શ્રી કોટિભાસ્કર કે જેને દવા બનાવવાનું ખાસ કામ શીખી અહીં જગઇ કારખાનું ઉઘડાવવાની ધારણાથી જર્મની મોકલ્યો હતો તેનું અવસાન થયું. આથી તો તેમને ભારે આઘાત લાગ્યો અને એ સર્વને પરિણામે તેમની તબિયતને ઘણી હાનિ પહોંચી. આ પછી તેમના જીવનમાં સુખ કે શાંતિ ફરીથી દેખાયાં જ નહિ અને ઘણાંક કાર્યોમાંથી તેમણે નિવૃત્તિ લીધી.

ઍલેમ્બિક વર્ક્સને ટેકો

શ્રી કોટિભાસ્કરના મૃત્યુ પછી ઍલેમ્બિક વર્ક્સના કામને સાધે રસ્તે મૂકવા માટે તેમની હાજરીની જરૂર હોવાથી પોતે માંદા હતા છતાં વડોદરા ગયા. તેને ઉચ્ચ સ્થિતિ પર લાવવા તેમણે તન-મનથી પ્રયત્ન આરંભ્યા અને પોતાની રહીસહી બધી શક્તિ તથા નાણાં તેમાં હોમ્યાં. હવે પોતે સુરત રહેવા માંડ્યું. ત્યાંથી ઍલેમ્બિક વર્ક્સના કામ સારૂ વારંવાર વડોદરા આવતા જતા. પણ ઍલેમ્બિકનું કામ ચાલુ કર્યા પછી જહેમતને લીધે વળી તબિયત લથડી તેથી પાછા પોતે મુંબાઇ આવ્યા. મુંબાઇ બેઠાં માંદામાંદા પણ

તે ઍલેમ્બિકનું કામ કરતા હતા. વળી ૧૯૧૩માં ફરીથી તે કંપનીની સ્થિતિ ઘણી નબળી આવી ગઈ તેથી પોતે વડોદરા આવી રાતદિવસ અવિશ્રાંત મહેનત કરી કંપનીને બચાવી અને હિંદની દેશી વનસ્પતિઓમાંથી અર્ક ખેંચી રાસાયનિક દવાઓ બનાવવામાં તે કંપનીની પ્રવૃત્તિ વહેવડાવી. બંગાળાના ડૉ. સર પી.સી. રૉયના 'બેંગાલ કેમિકલ ઍન્ડ ફાર્માસ્યુટિકલ વર્ક્સ'ના જેવું જ આ ઍલેમ્બિક કારખાનું બનાવવાની તેમની મુરાદ હતી. બંને કારખાનાં જાણે એક જ કલ્પનાનાં ફળ હોય એમ લાગે છે. વિલાયતી માલની હરીફાઇમાં ટકી શકે તેવો માલ આ કારખાનામાં ઉત્પન્ન કરી તેને ઉચ્ચ સ્થિતિ પર મૂકવાનો તેમનો અભિલાષ હતો. ઍલેમ્બિક કંપનીનું હાલ જે સારૂં કામ ચાલે છે તે તેમના જ ખંતનું પરિણામ છે. હાલ આ કારખાનું શ્રી ભાઇલાલ દાજીભાઇ અમીન ચલાવે છે. તેઓ પણ આ કારખાનાની વિશાળ ખીલવણી અર્થે જર્મની જઇ આવ્યા છે.

ઉત્તરાવસ્થા

સને ૧૯૧૦ પછી તો તેમની શારીરિક, માનસિક અને આર્થિક સ્થિતિ બહુ નબળી થઇ. ઘંઘાસમયનું ઉદ્યોગી જીવન હવે રહ્યું નહોતું. એ જાહોજલાલી હવે રહી નહોતી. સાદું સામાન્ય જીવન ગાળવાનું હતું. તેમની પ્રિય પ્રયોગશાળા અવ્યવસ્થિત થઇ ગઈ. તેમનાં સગાંવહાલાં તથા કેટલાયે શિષ્યો તેમને ધીમેધીમે છોડી જવા લાગ્યા. તેમની શક્તિનો સૂર્ય અસ્તાચલે જવાની તૈયારી કરવા લાગ્યો. આ અવસ્થામાં માત્ર તેમના જૂના મિત્રો સર ચીમનલાલ સેતલવાડ, દી. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, શ્રી નાનાલાલ કવિ તથા એમના પ્રિય શિષ્ય ને અનન્ય ભક્ત પ્રો. સાંકળચંદ જેઠાલાલ શાહ જ વળગી રહ્યા અને તેમના પાછલા દુ:ખી જીવનમાં એમણે જ તેમને શાંતિ આપી. જીવનના પાછલા દિવસો તેમણે વડોદરા, સુરત ને મુંબાઇ એ ત્રણે સ્થળે થોડાથોડા ગાળ્યા હતા. પ્રો. સાંકળચંદ શાહ પ્રત્યે તો તેમને ખૂબ પ્રીતિ હતી. ઉપરના સૌ મિત્રો તેમને સાંત્વન આપતા, છતાં ઉગ્ર સ્વભાવને લીધે ઘણી વાર તે વાતચીતમાં ઉશ્કેરાઇ જતા.

કવિશ્રી નાનાલાલ એમના પાછલા જીવનનો એક પ્રસંગ વર્ણવે છે કે 'એ વેળા હું એક વાર તેમને ત્યાં જઇ ચડ્યો. એ વખતે આખા ઘરમાં એકાદ નોકર સિવાય કોઈ નહોતું. પોતે એકલા જ હતા. રસોઇયાને પણ મારીને કાઢી મૂક્યો હતો. રસોઇ કરનાર પણ પોતે અને જમનાર પણ પોતે. દૂધ મંગાવી દહીં જમાવે. પાંચ સાત કૂંડાં દહીંનાં પડયાં હતાં. આ ચાર કલાક પહેલાંનું દહીં, આ પાંચ કલાકનું, આ છનું એમ દરેકનાં સ્થાન નક્કી કરી રાખ્યાં હતાં. તેમાંથી યોગ્ય જણાય તે દહીં લઇ પોતે વાપરતા. વિજ્ઞાનના પ્રયોગ કરવાના કાંટાથી મીઠું તોળી ખમણમાં નાખતા. તૈયાર થએલી રસોઇ સારીનરસી ગમે તેવી હોય છતાં તે વખાણતા જાય અને જમતા જાય. જમી રહ્યા પછી ચર્ચા, વાંચન અને અભ્યાસમાં આખો દિવસ ગાળતા; પણ વાતચીતમાં ચીડાઈ જતા.'

નિષ્ફળતાની ગ્લાનિ ને મહાત્માજીનું સાંત્વન

સને ૧૯૧૮માં ઇન્ફ્લુએન્ઝાએ હિંદમાં કાળો કેર વર્તાવ્યો. અમદાવાદમાં તે સાથે મરકી પણ ફાટી નીકળેલી. પોતે શોધી કાઢેલી દવા' આયોડિન ટરક્લોરાઇડ' જો દર્દીઓ વાપરે તો તેમને જલદીથી આરામ થઇ જાય એમ તેઓ માનતા. પણ દાક્તરો તેનો જોઇએ તેવો પ્રચાર કરતા નહોતા. આથી તેમને દુ:ખ થતું. આ વેળા પોતે તે દવા ધર્માદા દવાખાનાંઓમાં તથા ગામડામાં મફત વહેંચી હતી. અમદાવાદના ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ આ દવા વાપરે છે એમ જ્યારે તેમણે જાણ્યું ત્યારે ડૉ. હરિપ્રસાદને તેમણે એક દહાડો પોતાની પાસે વડોદરા મળવા બોલાવ્યા. ડૉ. હરિપ્રસાદ કહે છે કે 'હું એક દિવસની નવરાશ મેળવી તેમને મળવા ગયો. તેમની જોડે મારો એ પહેલો જ પરિચય હતો. પણ જ્યારે મેં ગુજરાતના એ મહાન રસાયણશાસ્ત્રીને જોયા ત્યારે તેમને વંદન કરવાની મને લાગણી થઇ આવી. તેમણે એક જૂના સ્નેહીને મળતા હોય તેમ મને વહાલથી બોલાવ્યો. પછી પોતાની 'આયોડિન ટરક્લોરાઇડ' દવા વિષે વાત શરૂ કરી. તેની પ્રશંસા સાથે શાસ્ત્રીય તથા વૈદક દષ્ટિએ તેના ઉપયોગ અને અગત્ય સમજાવવા લાગ્યા. આ વખતે વાત કરતાં સ્પષ્ટ કળાતું હતું કે જીવનનાં પાછલાં વર્ષોમાં મળેલી નિષ્ફળતાથી તેમજ ઉચ્ચ આદર્શવાદી ભાવનાઓનું કશું દૃશ્ય પરિણામ ન મળવાથી ઉદ્ભવતી ચિંતા ને દુ:ખ તેમના શબ્દેશબ્દમાં ભર્યાં

હતાં. પોતાના શિષ્યોમાંના ઘણાખરા સ્વતંત્ર ઉદ્યોગ-ધંધા ન કરતાં નોકરીની ગુલામી મનોદશા સેવતા જોઇ તેમને અસંતોષ થતો હતો. આથી કોઇ મહાન કલાકાર શિલ્પીને પોતાની પ્રિય કૃતિનો ધ્વંસ થતાં જેટલો શોક થાય તેટલી દિલગીરી તેમને થતી હતી. એથી મેં તેમને દિલાસો આપ્યો અને શાંત કર્યા કે આપનું એકે કાર્ય નિષ્ફળ ગયું નથી. મહાપુરુષોની નિષ્ફળતાથી જ પ્રજાજીવનની ઉન્નતિના પથ રચાય છે ને એ પંથે પળતાં છેવટ વિજય જ મળે છે. આપે પણ પ્રજાજીવન ઘડવામાં અપૂર્વ ફાળો આપ્યો છે. છતાં તેમના મનની અશાંતિ જતી નહોતી. મેં એકાદ દિવસ તેમના સહવાસમાં ગાળ્યો. નીકળતી વેળા તેમણે મને પાંચસોએક રૂપિયાની 'આયોડિન ટરક્લોરાઇડ'ની દવાના બાટલા ભરી આપ્યા ને ગરીબોને વહેંચવા સારૂ મને સોંપ્યા તથા વધુ દવાનો ખપ પડે તો વિના સંકોચે તે મંગાવી લેવા સૂચના કરી. જતાંજતાં મને બોલાવી કહ્યું કે મારા પુત્ર જેવા સાંકળચંદ શાહને ગાંધીજી ખેંચી ગયા છે તેથી મારી પ્રયોગશાળા તથા પુસ્તકાલય સૂનાં લાગે છે. મારે તેમને પાછા માગી લેવા છે અને એક વાર ગાંધીજીને મળવું પણ છે. આ વાતચીત પછી હું ગાંધીજીને મળ્યો ત્યારે તેમને બધી હકીકત સવિસ્તર કહી. મહાત્માજીને પ્રો. ગજ્જર માટે માનવૃત્તિ હતી. એક વાર પોતે વડોદરા થઇ પંજાબ જવાના હતા ત્યારે મેં ગુજરાતની આ બંને મહાન વિભૂતિઓના મેળાપની ગોઠવણ કરી. પ્રો. ગજ્જર તે વેળા વડોદરા હતા. પ્રો. સાંકળચંદ અગાઉથી નીકળીને તેમને સ્ટેશને તેડી લાવ્યા અને એ ધન્ય પળે એ બંને મહાપુરુષોનો મેળાપ થયો. મહાત્માજીએ પોતાની શૈલિમાં પ્રો. ગજ્જરને મધુરતાથી સાંત્વન આપ્યું કે આપનાં કોઇ કાર્ય કંઇ નિષ્ફળ ગયાં નથી. આપના સંગીન કાય દ્વારા ગુજરાતનું સમગ્ર જીવન ઘડવામાં વિશાળ ફાળો મળ્યો છે. એથી મને પણ કેટલુંક જાણવાનું તથા જીવનમાં અનુભવવાનું મળે છે. આપની ઉત્તરાવસ્થા સંતોષ તથા શાંતિમાં ગાળજો. આપને શાંતિ મળે તથા હૃદયનું દર્દ નિર્મૂળ થાય તેવા જે કંઇ ઉપાય મારાથી થશે તે હું જરૂર કરીશ, અને આપના ચિરંજીવ સમા આ પ્રો. સાંકળચંદ શાહ આપની સેવામાં ફરીથી હાજર થશે. એમ કહી વળી મહાત્માજીએ એમને સાંત્વન આપ્યું.'

અવસાન

પ્રો. ગજ્જરના જીવનનો છેલ્લો ભાગ બહુ જ કરુણ અને હૃદયદ્રાવક છે. 'ઇન્સોમ્નિયા'—ઊંઘના અભાવનો રોગ—તેમને લાગુ પડ્યો જેથી તેમને અખંડ ઉજાગરા થયા કરતા. સગાંસ્નેહી વિનાનું એકલવાયું જીવન પોતે ગાળતા તથા નિષ્ફળતા, નિરાશા અને ચિંતાથી દુ:ખી થતા. આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ થઇ ગઇ. જીવરાજ બાલુના દરિયા મહેલને બદલે હવે સાન્તાક્રુઝના એક નાના ગંદા બંગલામાં તે રહેતા. ખુશામતિયા મિત્રો તો ક્યારના છોડીને ચાલ્યા ગયા હતા, પરંતુ કોઇ કુટુંબીજન પણ તેમની દરકાર લેતું નહોતું. અંતે મુંબાઇના સંગ્રહણીનો રોગ તેમને લાગુ પડ્યો. ઝાડા અટકાવવા તેમણે મોર્ફિયા—અફીણનું સત્ત્વ—લેવા માંડ્યું. ધીમેધીમે તે લેવાની હમેશની ટેવ પડી, તેથી આખો દહાડો અફીણના અમલમાં એ રહેતા. આ છેલ્લા દિવસોનું વર્ણન તેમના એક અંગત મિત્ર આ પ્રમાણે આપે છે: 'એમના મૃત્યુના ચાર પાંચ દિવસ અગાઉ હું મુંબાઇમાં તેમને મળવા ગએલો. ઋતુ ચોમાસાની હતી. બંગલાનાં ઢીંચણ સુધી પાણી ખૂંદી હું માંડમાંડ બંગલાએ ચડ્યો. પોતે એટલી ખરાબ સ્થિતિમાં હતા કે મને ઓળખી પણ શક્યા નહિ. કંઇ વાતચીત તો ક્યાંથી જ કરી શકે ? હું કલાકેક તેમની પાસે બેઠો. આ કરુણાજનક દૃશ્ય જોઇ મારૂં હૃદય રડી ઊઠ્યું. સગાંસ્નેહી, શિષ્યો ને મિત્રોને ભારે ઉપકારના ભાર તળે દાબી દેનાર, દેશનો એક વખતનો અતિ પ્રસિદ્ધ વૈભવશાળી, બુદ્ધિમાન રસાયણશાસ્ત્રી જે અનેક આપ્તજનથી વીંટળાઇ રહેતો તેને આજ આ સ્થિતિમાં પડેલો જોઇ મારી આંખમાંથી આંસુની ધારા ચાલી. મને બહુ લાગી આવ્યું અને અંતે મૂંગેમૂંગો ભારે હૈયે હું ત્યાંથી ઊઠી નીકળ્યો.'

આ પછી થોડે જ દહાડે ૧૯૨૦ના જુલાઇની ૧૬મી તારીખ ને શુક્રવારે–પુરુષોત્તમ માસને પહેલે દિવસે અડતે પહોરે એ વિખ્યાત રસાયનશાસ્ત્રીએ આ લોકનો ત્યાગ કર્યો. આમ, સ્વદેશને માટે જીવન સમર્પનાર, આ વીર પ્રખ્યાત પુરુષ, આદર્શના કલ્પનાક્ષેત્રમાં રમી, દુનિયામાં ડાહ્યા ગણાતા લોકની દૃષ્ટિએ 'અવ્યવહારૂ'નો ઇલ્કાબ પામી, રિબાઇરિબાઇને અફીણને આશરે છેલ્લા

દહાડા કાઢી, ઇશ્વરના દરબારમાં ગયો. બીજી રીતે જોઇએ તો આ દેશભક્ત વીર વૈજ્ઞાનિક કીર્તિ, દ્રવ્ય તથા પુણ્યનો પૂર્ણ ભોક્તા બની દુનિયાની લીલીસૂકી નિહાળી આ અસાર સંસાર તજી ગયો.

એમની પાછળ એક કૃષ્ણલાલ નામે પુત્ર છે. પ્રો. ગજ્જરને ત્યાં સંપત્તિની છોળો ઊડતા તે વખતે કેટલાંક મૂલ્યવાન મોતીના દાગીના કરાવી તેમણે પોતાનાં પત્નીને આપ્યા હતા. જ્યારે ૧૯૧૦માં તે મરણપથારીએ હતાં તે વેળા એ દાગીના એક સીલબંધ દાબડામાં મૂકી તે, પોતાના પુત્ર કૃષ્ણલાલને યોગ્ય વયે આપવાની સૂચના સાથે એમણે સર ચીમનલાલ સેતલવાડને સોંપ્યો હતો. તેમાંના દાગીના બેએક લાખ રૂપિયાની કિંમતના હતા, તથા પ્રો. ગજ્જરની જિંદગીનો વીમો લાખેક રૂપિયાનો હતો તે સર્વ આ પુત્રને મળ્યાં. પ્રો. ગજ્જરની અન્ય સ્થાવર જંગમ મિલકત પણ તેના કબજામાં આવી. એટલે હાલ તે સારી સ્થિતિમાં છે અને અભ્યાસ તથા મુસાફરીની દૃષ્ટિએ વિલાયત જઇ દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરે છે.

એમનું શિષ્યમંડળ

આવા પ્રખર ઔદ્યોગિક રસાયનશાસ્ત્રીની ટેકનોકેમિકલ પ્રયોગશાળામાં તેમનું પ્રેરણાદાયી શિક્ષણ મેળવવા ઘણા શિષ્યો આકર્ષાઇને આવતા. તેમના પહેલા શિષ્ય શ્રી કોટિભાસ્કર વિષે તો આગળ કહેવાઇ ગયું છે એ ઉપરાંત અમદાવાદ કૉલેજના રાસાયનશાસ્ત્રના મુખ્ય પ્રોફેસર ડી. ડી. કાંગા તો પ્રો. ગજ્જરના હાથ નીચે જ એમની લેબોરેટરીમાં ૧૯૦૪ થી ૧૦ સુધી રસાયણવિભાગના પ્રોફેસર તથા પૃથક્કરણ ખાતાના સુપરિન્ટેન્ડેન્ટ હતા. તે પણ દેશનાં હુન્નરઉદ્યોગ ખીલે તે જોવા તેમના ગુરુ જેટલા જ ઇંતેજાર છે અને ઇંદ્રજવ, માલકાંકણી, આસમાની આકડો, વાવડીંગ, ભોંયરીંગણી ઇત્યાદિ વનસ્પતિ પર પ્રયોગો કરી તેમાં રહેલાં રાસાયનિક તત્ત્વો તથા તેના ગુણધર્મનો નિર્ણય કરી તેમાંથી કઈ ઉપયોગી દવાઓ બની શકે તેના પ્રયોગો કરે છે. વડોદરા કૉલેજના રાસાયન ખાતાના ઉપરી પ્રખ્યાત રાસાયનશાસ્ત્રી ડૉ. કુંવરજી ગો. નાયક મુંબાઇ વિદ્યાપીઠના એક આગેવાન ફેલો છે અને શિક્ષણના કાર્યમાં ઊંડો રસ લે છે. આગ્રા સેન્ટ જોન કૉલેજના રસાયનશાસ્ત્રના પ્રોફેસર ડૉ. કાંતિલાલ છગનલાલ પંડ્યા, જૂનાગઢ કૉલેજના રાસાયનશાસ્ત્રના પ્રોફેસર વાસુદેવ સદાશિવ ઘુર્યે, ફરગ્યુસન કૉલેજવાળા રસાયનશાસ્ત્રી પ્રો. કોલ્હાટકર, સ્વ. પ્રો. ગદ્રે, વિક્ટોરિયા ટેકનિકલ ઇન્સ્ટીટ્યૂટમાં કામ કરનાર પ્રો. જહાંગીર મોદી તથા વરતેજ કેમિકલ વર્કર્સવાળા ભાવનગરના શ્રી વલ્લભભાઇ ઉમેદચંદ પારેખ પણ પ્રો. ગજ્જરના જ શિષ્ય. શ્રી પારેખ પ્રથમ જૂનાગઢ કૉલેજમાં પ્રોફેસર હતા પણ પોતાના ગુરુની પ્રેરણાથી એ છોડીને તેમણે પણ રાસાયનિક દવ્યો તૈયાર કરવાનું એક કારખાનું વરતેજમાં ઉપરના નામથી ખોલ્યું છે અને ટિંકચરો, સ્પિરિટ,

નૈવેદ્ય

[વંશસ્થ-ઉપજાતિ]

મહેલથી નિત્ય જતાં સરોવરે,
તને પગે કંટક ખૂબ વાગતા;
ગુલાબ ને ડોલર પાથર્યાં થરે
કરેલ મેં ઝાકળબિંદુ છાંટણાં.

સુકોમળે ડંખથી પાંખડીને
તને પીડાતો નિરખી શકી ના;
"હૈયા તણી ચાખડીઓ ઘડી બે
ને આંખડી બે મઢી અંગુઠીમાં—

ધરું તને." હું મનમાં વિચારું;
ત્યાં તેં જ આદેશ મહીં ઉચાર્યું:
"ઉરે ઉઠે ચાખડી કાજ ભાવ
હૈયું અને આંખડી ના ધરાવ?"

નૈવેદ્યનું મૂલ્ય હવે વધી ગયું,
અભેદ તારા મહીં મેં અનુભવ્યું!

કૃષ્ણલાલ શ્રીધરાણી



['કોડિયાં' નામના કાવ્યજૂથમાંથી]

કોલનવૉટર, દવાઓ ઇત્યાદિ બનાવે છે. એક બીજા શિષ્ય વસનજી દલાલ સાબુનું કારખાનું ચલાવતા હતા તે પણ ઉપયોગી વસ્તુઓ દેશમાં જ તૈયાર કરવામાં સારો ઉત્સાહ ધરાવતા હતા. પ્રો. ગજ્જરના એક પૌત્રથી શિષ્ય ડૉ. હરિશ્ચંદ્ર જર્મની જઇ પી. એચડી. થઇ આવ્યા છે ને તેમણે પણ ભિન્નભિન્ન વનસ્પતિમાંથી રાસાયનિક દ્રવ્યો તથા દવાઓ બનાવવાનું કારખાનું ઉઘાડ્યું છે. સ્વ. શ્રી. આગશે પણ તેમના જ વિદ્યાર્થી હતા ને તેમની પ્રયોગશાળામાં સારૂં કામ કરતા. શ્રી ચંદ્રદેવ પણ પ્રો. ગજ્જર પાસે અભ્યાસ કરી વિજ્ઞાનના વધુ અભ્યાસ માટે જર્મની જઇ આવેલા છે. પ્રો. સાંકળચંદ શાહ તો તેમના પ્રિય વિદ્યાર્થી હતા અને છેવટ સુધી તેમની નિકટ જ વસ્યા હતા તથા ગુરુજીની સેવા પૂર્ણભાવથી બજાવી હતી.

સાહિત્ય પ્રત્યે પ્રીતિ

કલ્પના તથા સર્જન એ સાહિત્યનાં બે મુખ્ય અંગ ગણાય છે. પ્રો. ગજ્જરનો સ્વભાવ પણ કલ્પનાશીલ તથા સર્જક હતો તેથી સાહિત્યની ઉચ્ચ કૃતિઓ પ્રત્યે સામાન્યતઃ તેમનો પક્ષપાત હતો. જોકે તેમણે સાહિત્યનો વ્યવસ્થિત અભ્યાસ કર્યો નહોતો, પણ ગુજરાતી સાહિત્ય પ્રત્યે મૂળથી જ તેમને પ્રીતિ હતી. દી. બ. કેશવલાલ હ. ધ્રુવ કૉલેજમાંથી જ તેમના મિત્ર થયા હતા, જે મૈત્રી જીવનભર ટકી. આગળ કહ્યું તેમ સ્વ. સાક્ષર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી પણ તેમના મિત્ર હતા. સુંદર રમણીય શૈલીમાં લખનાર સ્વ. કવિશ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)ને કલાભવનની સ્થાપના વેળા પ્રો. ગજ્જર વડોદરા લાવ્યા અને ત્યારથી તેમની મૈત્રી જામી. ધર્મની બાબતમાં બંને સ્વતંત્ર મતવાદી તથા ચિંતનશીલ સ્વભાવના હતા તેથી તેમની મૈત્રી દૃઢ થઇ અને નભી. તેમના સહવાસથી પ્રો. ગજ્જર ગુજરાતી સાહિત્યમાં રસ લેતા થયા. વળી આગળ કહ્યું તેમ મોતીના કામની અઢળક કમાણી આવતી હતી અને કલ્યાણગ્રામની યોજના અમલમાં મૂકવાના વિચાર ચાલતા હતા ત્યારે સ્વ. કવિશ્રી કાન્તની સૂચનાથી એમણે સ્વ. રણજીતરામ વાવાભાઇ મહેતાને પોતાના ખાનગી મંત્રી તરીકે રોક્યા હતા. તેમની જ પાસે રહી તે સાહિત્યસેવા કરે એવી તેમની ઇચ્છા હતી, પણ પછી સંજોગો ફરી જતાં તેમને છૂટા પાડવા પડ્યા.

શ્રી નાનાલાલ કવિ, સ્વ. કાન્તના દોસ્ત એટલે કાન્ત દ્વારા તેઓ પણ પ્રો. ગજ્જરના પરિચયમાં આવ્યા, અને પછી તો સમાન ગુણશીલથી તેઓ પણ નિકટના મિત્ર બન્યા. સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામભાઇના સરસ્વતીચંદ્રનું વસ્તુ લઇ આર્યનીતિદર્શક નાટક મંડળીએ પોતાના કવિ પાસે 'સરસ્વતીચંદ્ર' નામનું નાટક લખાવી ભજવવાની તૈયારી કરેલી. તેથી તેમના પુત્ર રમણીયરામે કંપની સામે કૉપી રાઇટની રૂએ દાવો નોંધાવ્યો. આમાં સરપંચ તરીકે પ્રો. ગજ્જરને નીમ્યા. તેમણે એ નાટક દી. બ. કેશવલાલ ધ્રુવને બતાવ્યું અને સરસ્વતીચંદ્ર જેવી ઉત્તમ નવલકથા જેવી કૃતિને બટ્ટો લગાડે તેવું માત્ર શૃંગારમય બાજુ દર્શાવે તેવું આ નાટક તેમણે વખોડી કાઢ્યું. અંતે પ્રો. ગજ્જરે બંને પક્ષની સમાધાની અર્થે કંઇક ફેરફાર કરાવ્યા અને રમણીયરામને એ નાટકના ઉત્પન્નમાંથી અમુક હિસ્સો અપાવ્યો. પણ આ પરથી પ્રો. ગજ્જરને વિચાર થયો કે ગુજરાતી રંગભૂમિને શોભાવે તથા સમાજ પાસે નીતિનાં ઉચ્ચ ધોરણો રજુ કરે અને સામાજિક જીવન ઉન્નત કરે તેવાં નાટકો રચાવાં જોઇએ. તેથી તેમણે કવિશ્રી નાનાલાલને એક સુંદર નાટક લખવા આગ્રહ કર્યો, જેને પરિણામે 'જયા અને જયન્તનું'નું નાટક રચાયું. તે એક ઉચ્ચ કૃતિ છે પણ રંગભૂમિ પર ભજવી સામાન્ય માણસોને રસ લેતા કરી તેમને પ્રેરણા પાય તેવું એ નથી; તેથી પ્રો. ગજ્જરનો મનોરથ તો અપૂર્ણ જ રહ્યો. પોતાની મધુર વાણીથી સારૂં નામ કાઢનાર જન્મશંકર મહાશંકર બુચ (લલિત)ને શ્રી ગોવર્ધનરામે ગોંડળથી બોલાવી પ્રો. ગજ્જરનો પરિચય કરાવ્યો ને લલિત પ્રો. ગજ્જરનો આશ્રય પામ્યા. સરસ્વતીચંદ્ર, સ્નેહમુદ્રા ઇત્યાદિ ઉચ્ચ સાહિત્યકૃતિઓ લોકભોગ્ય બને તે માટે તેને સરળ વાર્તિકોમાં ગૂંથવા—સાદી ભાષામાં લખવાને તથા હિંદુ સંસારની દુઃખી કથનીઓની સાદી મર્મવેધક વાર્તાઓ રચવાને પ્રો. ગજ્જરે શ્રી લલિતને પ્રેર્યા. સરસ્વતીચંદ્રનું મનોરાજ્ય કલ્પનામાં ન રહેતાં કૃતિમાં ઊતરે એવી તેમની ઇચ્છા હતી. તેથી હિંદુ ગૃહજીવનનું સુંદર પ્રતિબિંબ પાડતા સરસ્વતીચંદ્રના ઉત્તમોત્તમ પાત્ર ગુણસુંદરી પર એક આકર્ષક નાટક રચવા પણ કવિ લલિતને તેમણે પ્રેર્યા હતા. એ સિવાય

સ્વ. ભોગીન્દ્રરાવ દિવેટિયા, સ્વ. શેઠ શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજી તથા પ્રખર વ્યાકરણકાર સ્વ. રા.બ. કમળાશંકર પ્રા. ત્રિવેદી પણ તેમના મિત્રો હતા.

ગુજરાતી ભાષામાં વિજ્ઞાનના સાહિત્યની તો તેમણે ઉત્તમ સેવા પણ બજાવી છે. કલાભવનમાં હતા ત્યારે ઘણી વિદ્યાનાં પુસ્તકો ગુજરાતીમાં ઉતરાવ્યાં ને 'સયાજી જ્ઞાનમંજુષા' રૂપે પ્રસિદ્ધ કર્યાં. પારિભાષિક કોષ તેમણે તૈયાર કરાવવા માંડેલો. આ સર્વ પુસ્તક દેવનાગરી લિપિમાં તે છપાવતા કે જેથી સર્વ પ્રાંતના લોકોના ઉપયોગમાં તે આવે. તેમની આ સાહિત્યસેવા ભૂલાય તેમ નથી. આપણી સાહિત્ય પરિષદે આ સેવાના બદલામાં તેમનું નામ કાયમ જળવાય તેવો પ્રયાસ કરવો ઘટે છે.

સમાજ સુધારક

એ વખતે સ્ત્રીઓની અજ્ઞાનમય તથા અનેક દુઃખભરી સ્થિતિમાંથી તેમને ઉન્નતિને માર્ગે દોરવા, વિધવાઓનાં જીવન સુધારવા તથા ગુજરાતની દુઃખી અજ્ઞાન અબળાઓનો ઉદ્ધાર કરવા સ્વ. દયારામ ગીદુમલ, તથા 'સોશ્યલ રીફૉર્મર' અને 'ઇસ્ટ ઍન્ડ વેસ્ટ'ના પ્રખ્યાત તંત્રી શ્રી બહેરામજી મલબારી બનતા પ્રયાસ કરતા હતા. તેમાં પ્રો. ગજ્જરે પણ સાથ આપ્યો. ત્રણે જણે તે સારૂ યોજના રચી. સ્વ. દયારામ ગીદુમલે પોતાની આવકનો મોટો ભાગ તેમાં આપવા કબૂલ્યું, શ્રી મલબારીએ દેશી રાજ્યોમાં ફરી પૈસા ઉઘરાવી લાવવાનું સ્વીકાર્યું અને પ્રો. ગજ્જરે પોતાના વખતનો ભોગ આપી આ યોજના સફળ કરવા માથે લીધું. અશિક્ષિત, રંક, નિરાધાર વિધવાઓને દેશમાંથી મુંબાઇ બોલાવી, તેમને માનસિક તથા ઔદ્યોગિક કેળવણી આપી, સ્વાશ્રયી સુંદર ને પવિત્ર જીવન માટે તૈયાર કરવા ત્રણે વિદ્વાનોએ મળી 'સેવાસદન'ની સ્થાપના કરી. વળી એ વેળા ઉચ્ચ કન્યાકેળવણી સારૂ 'ચંદારામજી ગર્લ્સ હાઇસ્કુલ' સ્થપાતી હતી તેમાં પણ પોતે સારો ફાળો આપ્યો અને પોતાનાં જ્ઞાન તથા અનુભવનો લાભ તે સંસ્થાને આપી તેને સારા પાયા પર મૂકી. પોતાનાં બહેન ગં. સ્વ. નાનીબહેન ગજ્જરને વિદ્યાભ્યાસ કરાવી સંસ્કાર પાઈ તેમણે સ્ત્રીસેવાના પ્રચારકાર્યમાં યોજ્યાં, જેને પરિણામે જ મુંબાઇ, સુરત તથા રાજકોટની વનિતાવિશ્રામની સુંદર

(અનુસંધાન આગળ પાન ૪૬૯મે)

અજંતાની કલા

કેવળ પહાડ સુંદર નથી, કેવળ પત્થર આકર્ષક નથી, કેવળ મનુષ્ય વખાણવાલાયક નથી. પરંતુ એ પહાડ, એ પત્થર કે એ મનુષ્ય જે રૂપરંગ, જે ઘાટમાટ ને જે સંદેશ ધરે છે તે જ આકર્ષક બને છે. કુદરતનું બિછાનું બધે છે; પરંતુ અહીંની પ્રકૃતિદેવીનો ખોળો એટલો વાત્સલ્યભર્યો છે કે એના હૃદયંગમ ભાવ દરેકને સ્પર્શે છે. એ અનુપમ વત્સલતા જોઇ કોક ભાવિક ભક્તો અહીં વસવા પ્રેરાયા. એમના હૃદયની ભક્તિએ એ આખું વાતાવરણ ભક્તિમય બનાવ્યું એ ભક્તિમાંથી ઉત્કટ કલા જન્મી, અને કલાદેવી પોતાના સર્વોત્કૃષ્ટ શણગાર સજી મનુષ્યને વશ થઇ, ચંચળ લક્ષ્મીની માફક નહિ પણ સ્થિર સરસ્વતીની માફક અહીં જ ઠરીઠામ વસી. એ કલા, એ ભક્તિ, એ આરઝૂ, એ ભાવના, એ ઘેલછા, એ તપસ્યા, એ કૌશલ્ય, બધાનો સચોટ સર્વમેળ સરવાળો અહીં નજરે પડે છે. એ સરવાળામાંથી કુદરતી કૃતિઓની બાદબાકી કરતાં યે માનવ કૃતિઓ વધી જાય છે. એવાં દર્શન તે અજંતા.

. . . . દીવાલને અહીં મેં વાચા જોઇ. દીવાલને કાન હોવાનું તો કહેતીમાં છે, પણ આ તો વાચા,—સજીવ વાચા! બોધિસત્વની એ ધુરંધર પ્રતિમા વિરાટ નિરાશાની ચિંતાજ્વાલાની મૂર્તિમંત કૃતિ, ચિત્રકલાનો સર્વોત્કૃષ્ટ નમૂનો છે. (જે ગયા અંકમાં આર્ટપ્લેટ તરીકે આવી ગયું.) તેમજ કોતરકામમાં બુદ્ધની મૃત્યુશય્યા સમીપ લોકજનનું રુદનગીત શિલ્પકળામાં હૃદયસ્પર્શી છે. એ રુદન તો કોતરકામના કૌશલ્યની કરુણ પ્રશસ્તિ છે. ચીચા પત્થરમાં યે રડાવવાનું સામર્થ્ય છે એ અહીં અનુભવ્યું. સૈકાઓના સૈકાઓથી એ પત્થર રડી રહ્યો છે, ને લાખો યાત્રાળુઓને રડાવી રહ્યો છે. ધન્ય છે એ છીણીને ને ધન્ય છે એ છીણી પકડનાર હાથને. એ માનવીઓના, એ મહાનુભાવોના, એ મહાત્માઓના આત્માને જેટલાં વંદન વંદીએ એટલાં ઓછાં જ છે.

. . . . કલાનો ભોમીઓ કલાનાં સૂત્રો પળભર ભૂલી જાય, આકાશના અવનવા રંગો ઉકેલનાર એ રંગદર્શનમાં તલ્લીન થઇ એનો ઉકેલ વિસરી જાય, બુદ્ધિના આકસ્મિક ચમકારા પણ નિસ્તેજ થઇ કેવળ હૈયું જ એકલું એકલપેટું થઇ નાચ્યા કરે, એવી કલાકૃતિઓ અહીં છે. કલાદેવી સાચી પૂજા માગે છે. અહીં માનવીએ સમસ્ત જીવન—એક, બે, ત્રણ નહિ, પણ વંશપરંપરાની પૂજા ને ભક્તિ—એ દેવીને પગલે ઠાલવી દીધાં ત્યારે આવી પ્રસન્ન મૂર્તિ ખડી થઇ. જીવનમાં સદાકાળ અનન્ય ભક્તિથી એક જ પૂજા આદરે તેને કલાદેવી કેવાં વરદાન આપે છે, એનાં અહીં પ્રત્યક્ષ પ્રમાણ છે. માનવકારીગરી પ્રકૃતિદેવીને ખોળે કેવા ખેલ ખેલી શકે છે, એના અહીં પ્રત્યક્ષ નમૂના છે.

ચન્દ્રવદન મહેતા



અજંતાની કળાનાં આગળપડતાં તત્ત્વો

અજંતાનું પૂર્ણ અવલોકન કરનારને ત્યાંની કળા વિષે કેટલીક અચૂક સ્મૃતિઓ રહેવાની જ. અજંતાના ચિત્રકારોએ કમળ ઉપરથી પુષ્કળ પ્રેરણા અને ચિત્રકૌશલ્ય મેળવ્યું હોય એમ સ્પષ્ટ જણાય છે. મંડપની છતો પરનાં મોટામોટાં વર્તુલની વચ્ચે મોટું કમળદળ ચીતરી આસપાસનાં કુંડળો ને તકતીઓમાં તેની અનેકવિધ આકૃતિઓ તેઓએ ચીતરી છે. (જુઓ આ લેખ પરનું શિરોચિત્ર) તે જોતાં લાગે કે કમળનાં કલાસ્વરૂપો આટલી વિવિધતાપૂર્વક જગતમાં બીજે ક્યાં યે સરજાયાં નહિ હોય. કમળફૂલ, કમળદોડી, કમળપત્ર, કમળદંડ કે કમળગુચ્છની શોભાભરી—સંસ્કારભરી રેખાઓ, વેલો ને તોરણો અજંતામાં ડગલે ને પગલે નજરે પડે છે, છતાં તેની નવીનતા ખૂટી જતી નથી. ચિત્રકારોને કમળનું ફૂલ એટલું બધું આકર્ષક લાગ્યું છે કે બોધિસત્ત્વની મૂર્તિના હાથમાં કે સ્તંભ પરની પૂતળીઓના હાથમાં અથવા પ્રેમી દંપતીઓ વચ્ચે કોઈ છટાથી દંડ સમેત કમળ ગોઠવાયું હોય જ.

કમળના એટલા ગાઢ અવલોકન અને અભ્યાસમાંથી એ ચિત્રકારોએ માનવશરીરની ચિત્રણામાં પણ તેનું લાલિત્ય ઉતારવા પ્રયાસ કર્યો છે એમ નિઃશંકપણે માની શકાય. હિંદી શિલ્પ અને સ્થાપત્યની કૃતિઓમાં જોકે કમળ બહુ જ પ્રાચીન કાળથી સ્થાન પામ્યું હતું, પણ ચિત્રમાં તો અજંતાએ જ તેનું માહાત્મ્ય સ્વીકાર્યું અને વધાર્યું છે.

કમળની જેમ હાથી પણ હિંદી શિલ્પનું માનીતું અંગ છે; અને હિંદુસ્તાન સિવાય બીજા કોઇ દેશમાં હાથી સાચું રાજસન્માન પામ્યો નહોતો જ. તેમાં યે સિદ્ધાર્થની માતાને પ્રસૂતિ પૂર્વે આકાશમાંથી શ્વેત હાથી કૂખમાં પ્રવેશ્યાનું સ્વપ્ન આવ્યું ત્યારથી હાથી કળા ને સાહિત્યમાં દેવકોટિનું માન ભોગવતો આવ્યો છે. ભગવાન બુદ્ધના પૂર્વ જન્મોની જાતક કથાઓમાં અનેકવાર હાથીની વાર્તાઓ આવે છે. છદંત જાતકની કથા તેનું એક અદ્‌ભુત દૃષ્ટાંત છે. બોધિસત્ત્વ કોઇ જન્મે હાથી હતા અને તેમને બે માનીતી હાથણીઓ હતી. તેમાંની એકને કોઇ કારણસર તેની શોક્ય ઉપર ખોટું લાગ્યું તેથી તેણે માથું પછાડી આપઘાત કર્યો અને એક રાજાને ઘેર જન્મી. આ જન્મે પણ તે પોતાનો રોષ ભૂલી નહોતી, એટલે તેણે ઉમરે પહોંચતાં પેલા શ્વેત હાથીનું માથું મેળવવા પોતાના પિતાના



અજંતાનાં આલેખનોમાં કમળનાં કલાસ્વરૂપો



૧૭મા નંબરના ગુફાની ભીંત પરની છદંત હાથીની કરુણ જાતકકથાના આલેખનનો એક ભાગ


દૂતોને વનમાં મોકલ્યા. શ્વેત હાથીને એ વાતની ખબર પડતાં તેણે સામા આવીને પોતાનો ઘાત થવા દીધો. રાજદૂતોએ તેના દંતૂશળો કાઢી લાવી રાજકન્યા આગળ રજુ કર્યા. પણ તે જ પળે તેનો વૈરાગ્નિ શાંત થયો અને તે દુઃખથી બેભાન થઇ ઢળી પડી.

આ આખી યે કરુણ કથા ૧૭મા નંબરની ગુફાની ભીંતો પર છે. ક્યાંકક્યાંક તે તૂટે છે, છતાં ચિત્રોની વર્ણનશક્તિ એટલી જોસદાર છે કે પ્રસંગ સમજતાં વાર લાગતી નથી અને આપણે એ બધું જાણે નજર આગળ નિહાળી રહ્યા હોઇએ એવું લાગે છે. આ ચિત્રો જોતાંજોતાં તમે કથાના પ્રદેશમાં આગળ જતા જાઓ, અને કથા પૂરી થાય ત્યાં—ગર્ભમંદિરની ઓસરી આગળ પહોંચો એટલે પરમ શાંત ભગવાન બુદ્ધનાં દર્શન થાય. આવા જન્માંતરો વીતાવી, આત્મત્યાગ અને વૈરાગ્ય વડે શાંતિપદ પ્રાપ્ત કરનાર એ મહાન આત્માનો સામાન્ય જનતાને પરિચય કરાવવાની કેવી કલામય યોજના આ મંડપોમાં થઇ છે તેનું તે પરથી આશ્ચર્યભર્યું જ્ઞાન થાય છે. છદંત જાતકની કથામાં હાથીઓનાં વનોનાં વનો ચીતરાયાં છે, અને તેમાં અનેક હાથીઓનાં, હાથણીઓનાં તેમજ તેમનાં બચ્ચાંઓનાં વિવિધ રૂપો એટલી સજીવ ચેષ્ટાવાળાં છે કે ચિતારાની મનોસ્મૃતિ માટે આપણને અનહદ માન થયા વિના રહે નહિ. આજે હાથીની ચિત્રણા કરનારા એવા મળે કે નહિ તેની યે શંકા છે.

અજંતાનાં સ્ત્રીપાત્રો

અજંતાની માનવસૃષ્ટિમાં સ્ત્રીપાત્રનું સ્થાન બહુ જ ઊંચું દેખાય છે. એ સમયમાં વસ્ત્રો થોડાં હોવા છતાં સ્ત્રીઓમાં કલા અને વિનય સાનંદાશ્ચર્ય ઉપજાવે એવાં દેખાય છે, એટલું જ નહિ પણ સારા યે સંસારમાં સ્ત્રી તેની અપૂર્વ મધુરતા ફેલાવી રહેલી લાગે છે. ચિત્રકાર સ્ત્રીપાત્ર દોરતી વખતે બહુ સંયમપૂર્વક તેનાં શરીરપ્રમાણો અને અંગ-પ્રત્યંગની છટા સાચવી શક્યો છે. રાણી હોય કે રાજકુમારી હોય, પરિચારિકા હોય કે નર્તકી હોય, પણ કોઇ ઠેકાણે તે જરા પણ અધમતા ધારણ કરતી નથી. તે બધે સમર્યાદ સુંદરી જ દેખાય છે.


વળી સ્ત્રી તરફ પાશવવૃત્તિ થાય એવું એક પણ ચિત્ર ભર્યા અજંતામાં નથી. દરેક સ્નેહ યુગલમાં પણ આત્માની મીઠી હૂંફ અને એકતાનતા જ દેખાય.



ભીંતો છતો ને સ્તંભો પર બધે આવી શોભનસમૃદ્ધિ ભરી છે




વિચારનિમગ્ન સુંદરી



અજંતાની ભીંતો પરની અંગુલિ લીલાઓ : હાથની વિવિધ મુદ્રાઓ

એ ચિત્રો સાંસારિક હોવા છતાં અશ્લીલતાની કલ્પના સુદ્ધાં થાય નહિ એટલું શુદ્ધ વાતાવરણ તેમાં જળવાઇ રહે છે. ચિત્રકારોએ બહુ ઝીણવટની નજરથી સ્ત્રીનાં દેહડોલન, હાથપગના અભિનય, અંગુલિની લીલાઓ અને કેશકલાપની વિવિધ છટા આલેખ્યાં છે. અજંતાના કેશકલાપોનો કોઇ સંગ્રહ કરે તો એક અનેરો કલાગ્રંથ જ બને. આંગ ઉપર કેટલા પ્રકારની લીલા થઇ શકે તે પૂરૂં જાણવું હોય તેણે અજંતાની ભીંતનો દરેક ભાગ નિરખીનિરખીને જોવો જોઇએ. માથા પરના મુકુટોના પ્રકાર પણ ત્યાં એટલા જ વિવિધ છે; અને તે એટલી વિગતે ચીતરાયા છે કે કોઇ સોની કે ઝવેરી તેનાં એકેએક રત્નો અને મોતી વીણીવીણીને ગણી શકે, અને ધારે તો, તે પરથી નવા મુકુટ બનાવી શકે.

અજંતાના એ કાળમાં સ્ત્રીઓ ખૂબ સ્વાતંત્ર્ય અને સન્માન માણતી હશે તે સ્પષ્ટ દેખાય છે. નગરમાં, વાટિકામાં કે વનમાં તે સ્વેચ્છાએ વિહાર કરી શકતી; સમાજમાં કે રાજદરબારમાં સર્વ સ્થળે સર્વ કાળે તેની હાજરી રહેતી. રાજદરબારનું પ્રતિહારીપણું પણ ચિત્રોમાં સ્ત્રીઓ જ કરતી દેખાય છે. ભગવાન બુદ્ધને પગલે ચાલતા અજંતાના નિર્વાણકામી વિરક્ત સાધુઓ પણ સંસારમાં સ્ત્રીઓનો તિરસ્કાર કરતા જણાતા નથી. જાણે સૃષ્ટિનું ઉત્તમાંગ હોય એમ જ તેને દરેક સ્થળે સ્થાન મળ્યું છે. ચિત્રકાર તેનાં પાત્રોને વાચા આપવાને અસમર્થ છે, પણ તેનો બદલો તેણે સ્ત્રીપાત્રોના ચહેરાના ભાવોમાં અને હાથની વિવિધ મુદ્રામાં સંપૂર્ણતઃ પૂરી દીધો જણાય છે. પ્રણામ કરત હાથો, પાત્ર ધરી રહેલી હથેળી અથવા પંખો કે ચામર ઢાળી રહેલી કરાંગુલિઓની અસંખ્ય છટાઓનો અ-





જંતામાં મોટો ફાળ છે. ઢોલ પર તાલ દઈ રહેલી આંગળી કે કરતાલ બજાવતી હથેળીઓ અને તેની સામે નૃત્યમય સ્થિતિમાં ઊભાં રહેલાં માનવીઓ જુઓ તો લાગે કે અજંતાના ચિતારાએ એક અદ્ભુત જમાનો જોયો, જાણ્યો અને ભોગવ્યો છે. ઘણા માણસો અજંતા જોયા પછી એ જાતના હાવભાવ અને છટાનો અનુભવ કરતા તથા તેની લિજ્જત માણતા નજરે પડ્યા છે. અજંતા જોયા પછી એ યુગના માનવીઓ આગળ આપણે જાણે કે કડક, કઠોર ને જડભરત જેવા લાગીએ છીએ.

ઇતિહાસની ભાગોળે

આવી અદ્ભુત સમૃદ્ધિ ધરાવતા કલામંડપોનો પૂર્વકાળ તદ્દન અજ્ઞાત છે એમ કહીએ તો ચાલે. વળી ચિત્રોમાં દર્શાવેલા પ્રસંગો અને કથાઓ તો તેથીયે આગળના જમાનામાં થઈ ગએલાં હોય એટલે તે પણ તેનો ખરો કાળ આપી શકે નહિ.

ચીનમાંથી પાંચમા સૈકામાં ફા-હિયાં ને સાતમા સૈકામાં હ્યુએન-ચાંગ યાત્રાએ આવેલા તેમણે આવી ઘણી ગુફાઓનાં વર્ણનો લખ્યાં છે. વળી તેઓ અહીં ચિત્રકળા શીખીને પોતાની સાથે કેટલાંક ચિત્રો પણ લઈ ગએલા, અને તે વિષે લખ્યું છે કે તેઓ હિંદના ઉસ્તાદો પાસે શીખ્યા હતા. હ્યુએન-ચાંગે એક ઠેકાણે જણાવ્યું છે કે તે પોતે અજંતા જઈ શક્યો નહોતો, પણ તેની પ્રશંસા તેણે ખૂબ સાંભળી હતી. તેણે લખ્યું છે કે 'મહારાષ્ટ્રનો રાજા પુલ-



જગતના કોઈ ચિત્રભંડારમાં અજંતા જેટલું કોમળ કરવૈવિધ્ય ભાગ્યે જ મળશે. કેટલીક છટાઓ.



અજંતા સમયના વીરોચિત પશુઉછેરની પ્રતીતિ કરાવતા અશ્વના આ ચિત્રમાં કેટલી સજીવતા ભરી છે!



અજંતાના ચિત્રકારોની મૂળ રેખાંકનની ખુબીનો પરિચય આ પરથી આવી શકશે.

કેશી બીજો છે. તેના રાજ્યમાં દેશની પૂર્વ બાજુના પહાડોમાં એક સંઘારામ છે. ત્યાં નદીના પ્રવાહના મૂળ આગળ પહાડોમાં વિહાર કોતર્યા છે અને એ વિહારોની દીવાલો પર તથાગતના જન્માંતરોની કથાનાં ચિત્રો છે.' આ વર્ણન અજંતાનું જ હોય એ નિર્વિવાદ છે.

અજંતાની નવમી ને દસમી ગુફાઓ સૌથી જૂની છે એમ વિદ્વાનો એકમતે માને છે, કારણકે તેનું કોતરકામ પહેલા સૈકામાં થએલાં બારહત, અમરાવતી અને સાંચીનાં શિલ્પને મળતું છે. આટલો સમય નક્કી થતાં અજંતાની કળાને બેત્રણ યુગના પલટા મળ્યા હોય એમ દેખાય છે. એ નવમી ને દસમી ગુફાનાં ચિત્રો એકંદરે જોતાં કહી શકાય કે એ વખતે પણ ચિત્રકળા ઘણી ઊંચી કક્ષાએ પહોંચી હતી. એ ચિત્રો પ્રાથમિક દશાના પ્રાચીન ગુફાવાસી માનવીનાં ચિત્રો જેવાં રમતિયાળ નથી, તેમ નવા અખતરા જેવા લીટા પણ નથી; પરંતુ લાંબી પરંપરાથી ખેડાતી આવતી કલાબાજોની પેઢીમાં પાકેલા ઉસ્તાદી હાથે આલેખાએલી ઊંચી કલાકૃતિઓ છે. બુદ્ધના સમયની પૂર્વે પણ ભારતવર્ષમાં અનેક પ્રકારનું ચિત્રકામ થતું એવું એ વખતનું સાહિત્ય કહે છે તેને પણ ઉપરની વાત ટેકો આપે છે.

અજંતાનાં ચિત્રોમાં લાકડાં તથા પથ્થર વડે બાંધેલાં ઘરોનાં આલેખન મળી આવે છે તે પરથી આપણને એ કલામંડપોની રચનાના કેટલાક સમયનું તો અનુમાન થઇ શકે એમ છે. એટલું તો ખરૂં કે એક વખત અજંતાની ચિત્રપદ્ધતિ આખા હિંદુસ્તાનમાં પ્રચલિત હશે; પણ પરદેશીઓના હુમલા, અંદરઅંદરના વિખવાદો વગેરે કારણોથી તેનો એવો નાશ થયો કે આજે તેનો નામશેષ પણ રહ્યો નથી. અજંતા પહાડના ઉદરમાં હોવાથી અને તેનાં ચિત્રો પાકી ભીંત ઉપર હોવાથી જ તે આટલા પ્રમાણમાં યે બચી રહ્યાં છે. હાલમાં આ ગુફાઓના સમય આ પ્રમાણે માનવામાં આવે છે: ગુફા નં. ૯ અને ૧૦ આશરે પહેલા સૈકામાં; નં. ૧૦ના સ્તંભો શુમારે ૩૫૦ વર્ષ પછીના; નં. ૧૬ અને ૧૭ની ગુફાઓ તે પછી ૫૦૦ વર્ષ સુધીમાં; ગુફા નં. ૧ અને ૨ ઇ. સ. ૬૨૬ થી ૬૨૮ની.






કલાયુક્ત પરિધાન અને અલંકારો સજેલી સંગીત મંડળી


પરિચારિકાઓના પોશાક અને અલંકારોમાં પણ દેશની સમૃદ્ધિ અને શિલ્પકૌશલ્ય સચોટ જણાઇ આવે છે.

અજંતાની આ સાતસોથી આઠસો વર્ષની કારકીર્દિમાં વિવિધ પ્રકારનું ચિત્રકામ થયું છે. તે બધાને કાળનો અને ઝાલિમોનો પંજો લાગ્યો ન હોત તો આજે ત્યાં ચિત્રોનો મહાસાગર દૃષ્ટિએ પડતો હોત. હાલ જે ચિત્રો છે તેને પણ ઘણા જખમો પડ્યા છે તથા ધુમાડો લાગ્યો છે; છતાં નિઝામ સરકારની દેખરેખથી તેને યોગ્ય મલમપટ્ટા અને સારવાર ચાલુ મળ્યાં કરે છે અને તે માટે આખી દુનિયા તેમને આભારી રહેશે.

અજંતાનું અસ્તિત્વ હાલના જગતમાં પહેલવહેલું ઇ.સ. ૧૮૨૪માં જનરલ સર જેમ્સની નજરે પડ્યું. તે પોતે ખાનગી રીતે ત્યાં જઇ આવ્યા અને તેની નોંધ રૉયલ એશિયાટિક સોસાએટીને આપી. તે પછી ૧૮૪૩માં મિ. ફરગ્યુસને તેનો સવિસ્તર આબેહૂબ અહેવાલ આપ્યો ત્યારથી વિદ્વાનોનું તે પર ધ્યાન ખેંચાયું ને ૧૮૪૪માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના ડાયરેક્ટરોએ તેનાં ચિત્રોની નકલો કરાવી લેવા નિરધાર્યું તથા મદ્રાસના લશ્કરમાંથી મેજર આર. ગીલને તે કામ સોંપાયું. ઠેઠ ૧૮૫૭ના બળવા સુધી એ કામ પહોંચ્યું. ત્રીસેક નકલો થઇ અને ઇંગ્લંડના ક્રિસ્ટલ મહેલમાં તેનું પ્રદર્શન થયું. પણ ૧૮૬૬ની આગમાં તે બધી નકલો બળી ગઇ. એ ચિત્રોનાં તો આજે ટ્રેસિંગ કે ફોટોગ્રાફ કશું મળતુ નથી. જો મળે તો આપણને ઘણું ન જોએલું જોવા મળે, કેમકે તે પછી પણ ઘણાં ચિત્રો ખરી ગયાં છે અથવા નાશ પામ્યાં છે. તે પછી મિ. ફર્ગ્યુસને સરકારને તે બાબત ફરી આગ્રહ કર્યો અને મૂળ ચિત્રો તદ્દન નાશ પામે તે પહેલાં તેની નકલો કરી લેવાનું મુંબાઇની કળાશાળાના પ્રિન્સિપાલ મિ. ગ્રિફિથને સોંપાયું. તે પહેલાં જાતે અજંતા જોઇ આવ્યા ને પછી ૧૮૭૨ થી ૧૮૮૧ સુધી શાળાના વિદ્યાર્થીઓની મદદ લઇને મંડપોની માપણી તથા છતનાં અને સ્તંભોનાં કેટલાંક ચિત્રોની નકલો કરી. તેમાં ૫૦ હજાર ઉપરાંત ખર્ચ થયો. ૧૮૮૫માં તે કામ બંધ કર્યું. ૧૮૯૬માં એ કામના બે મોટા ગ્રંથો બહાર પડ્યા છે અને તે ઘણી જ અણમોલ માહિતીથી ભરેલા છે. એ મૂળ નકલો સેક્રેટરી ઑફ સ્ટેટ્સ ફૉર ઈંડિયા (હિંદી વજીર)ને ઇગ્લંડમાં સોંપવામાં આવ્યાં હતાં. મિ. ગ્રિફિથ તો તે મુંબાઇની આર્ટ સ્કુલમાં જ રાખવા ઇચ્છતા હતા; પરંતુ તેવી રજા ન મળી, એટલું જ નહિ પણ તેની નકલો કરીને રાખવાની



અજંતા યુગના માનવીઓ યુદ્ધ અને વીરતાના પ્રસંગોથી જરા પણ દૂર નથી. ૧૭મા નંબરની ગુફામાં યુદ્ધપ્રસંગનું એક મોટું ચિત્ર છે તેમાં લગભગ ત્રણ સો ચહેરા તો આજે ગણી શકાય છે, અને તે દરેકના મુખ પરના યુદ્ધસમયના વિવિધ ભાવો જોનારને છક્ક કરી દે છે.




ઉપર : અજંતાયુગમાં વપરાતાં વાસણો અને તેનો ઉપયોગ દર્શાવતી નાની સંહિતા.



જમણી બાજુએ : અજંતાની ચિત્રસૃષ્ટિમાં કેશકલાપની શોભા, મનોહર અંગમરોડ અને સુંદર કરાંગુલિઓની વિવિધ લીલા એકેએક પાત્રમાં કોઈ તાલબદ્ધ ઢબમાં વ્યાપી રહેલાં જણાય છે. સંગીત મંડળીના જૂથમાંની એક વ્યક્તિનું શ્રી સૈયદઅહમદે આલેખેલું રેખાંકન.
[ચિત્રકારના સૌજન્યથી]

તેમની માગણી પણ હિંદી વજીરે મંજુર ન રાખી. આખરે એ ચિત્રો પણ હિંદી વજીરની ઑફિસમાં આગ લાગી તેમાં બળી ગયાં અને માત્ર તેના ફોટોગ્રાફો રહ્યા !

ત્યાર પછી ૧૯૧૫માં લેડી હૅરિંગહામે કેટલાક હિંદી કળાકારોને સાથે રાખી ગુફામાંથી પ્રસંગોનાં જ ચિત્રો ઉતાર્યાં. ત્યાં સુધી અજંતા ખાતે કોઈ પણ પ્રકારની દેખરેખ નહોતી, એટલે તેમને ઘણી મુશ્કેલી પડી હશે અને તેથી જ તેમના કામમાં ઘણી ઊણપો રહી જણાય છે. પણ તેમના કામે દુનિયાની પ્રશંસા મેળવી અને તે પરથી નિઝામ સરકારે ત્યાં પાકો કબજો કર્યો તથા મોટા ખર્ચે સાફસુફી અને કેટલુંક સમારકામ કરાવ્યું તેમજ તેની સંભાળ રાખવા એક ક્યૂરેટરની નીમણુક કરી. એ ક્યૂરેટર મિ. સૈયદ અહમદ લેડી હૅરિંગહામની ટુકડી જોડે જ પ્રથમ આવેલા અને



હાથીનું ચિત્રાંકન હિંદ સિવાય ભાગ્યે જ બીજા કોઇ દેશને હાથે સંપૂર્ણપણે સફળ નીવડ્યું છે. હાથીનાં સ્વરૂપો અને અનેક તરેહનાં રૂપાંતરોને લીધે હિંદી કળા વિશિષ્ટતા પામી છે. નીચે: વિચારગગ્ન રાણી અને તેના પ્રતિ સહાનુભૂતિ દર્શાવતી પરિચારિકા




નકલો ઉતારવાના કામમાં સામેલ હતા. પણ તેમણે પાછળથી પોતાના અધિકાર દરમિયાન જે ચિત્રો ઉતાર્યાં છે તેમાં બહુ જ ચોકસાઇભરી નજર અને પ્રામાણિક સાદૃશ્ય છે.

ઇ. સ. ૧૯૨૬માં ઔંધ નરેશ શ્રીમાન બાલાસાહેબ પંત પ્રતિનિધિએ જુદાજુદા પ્રાંતના કલાકારોની એક ટુકડીને અજંતામાં એક માસ રહેવાની સગવડ કરી આપીને હાલનાં તમામ સાધનોની મદદથી કેટલીક નકલો ઉતરાવી છે અને તે બહુ જ આધારભૂત બની છે. આ લેખકને પણ તે મંડળીમાં રહી અજંતાની છાયામાં દીક્ષા લેવાનું સુભાગ્ય મળ્યું હતું, અને તે યાત્રાની પ્રસાદી રૂપે જ આ લેખ લખાયો છે. ગુજરાતના કલારસિકો તે પરથી લોભાઇને અજંતાની યાત્રા કરે અને તેમની કલાભક્તિ નવું જોમ મેળવે એ અભિલાષા છે.

રવિશંકર રાવળ

સ્મરણયાત્રા



૧૬][યલ્લામ્માની યાત્રા

યલ્લામ્માની જાત્રા એ અમારી તરફનો મોટામાં મોટો ઉત્સવ છે. કાનડી ભાષામા યલ્લા એટલે બધા, અને અમ્મા એટલે મા. આ રીતે યલ્લામ્મા એ વિશ્વજનની છે. એનું બીજું નામ છે રેણુકા. રેણુકા યલ્લામ્મા કોણ હશે? પશુ, પક્ષી, માણસ, ઝાડપાન, કૃમિકીટ પતંગ, બધાંને જન્મ આપે, બધાંનું ભરણ-પોષણ કરે તે રેણુકા. કોણ? 'વંદે માતરમ્' કહી જેનો આપણે જયજયકાર કરીએ છીએ તે ધરતીમાતા, અસંખ્ય રેણુથી બનેલી કૃષિમાતા. એ યલ્લામ્માનો ઉત્સવ ખેડુતોને માટે મોટામાં મોટો ઉત્સવ કેમ ન હોય? વેદકાળથી ઋષિઓ કહેતા આવ્યા છે કે વર્ષણ-હાર આકાશ એ પિતા છે અને પૃથ્વી એ માતા છે.

યલ્લામ્માની જાત્રા દર વરસે ભરાય છે. દૂરદૂરથી ખેડુતો ભેગા થાય છે. ગુણીજનો પોતાનું કૌશલ્ય એ ઠેકાણે બતાવી શકે છે. વેપારીઓ જાતજાતનો માલ વેચવા કાઢે છે. એ મહાન વિનિમયનો દિવસ હોય છે.

પણ યલ્લામ્માની યાત્રાનું મુખ્ય આકર્ષણ તો બળદોનું પ્રદર્શન છે. તમારે ઉત્તમમાં ઉત્તમ બળદ જોવા હોય, સરખા કદના, સરખા રંગના, સરખાં શીંગડાંવાળા અને સરખી જ તાકાતવાળા બળદોની ગમે તેટલી જોડીઓ ખરીદવી હોય તો યલ્લામ્માની જાત્રાએ આવો.

મોટામોટા અને ઢળી પડતી ખૂંધો વાળા (કોંઢ) બળદોને ગજગતિથી ચાલતા જોઇને આંખો ઠરી જાય. કેટલાક બળદોનાં સફેદ શરીર પર રંગમાં બોળેલા હાથના થાપા મારેલા હોય છે. એમનાં શીંગડાંને હુરમુજી લાલ તેલિયો રંગ લગાડેલો હોય છે. શીંગડાંની અણીને કાણાં પાડી તેમાં પીળા, ભૂરા કે જાંબુડા રંગનાં રેશમ-નાં ફૂમતાં લટકાવેલાં હોય છે. ગળામાં ઘૂઘર તો હોય જ. કેટલાક ઊંચી જાતના બળદના આગલા ડાબા પગમાં ચાંદીનો તોડો પહેરાવેલો હોય છે. શી તે દિવસની મજા! દરેક બળદના માલિકની છાતી અભિ-માનથી કેટલી ફૂલેલી! એના દેખતાં એના બળદની વાત કરો તો સંભાળીને જ કરજો હોં! તમારી ગં તેવી વાત એ સહન નહિ કરે. સાચો ખેડુત બળદ પાસેથી સેવા તો પૂરેપૂરી લે છે, પણ એ એનું આરાધ્ય દૈવત હોય છે. બળદ એ એનો પ્રાણ. બળદની સેવા એ કંઇ લાભની દૃષ્ટિએ નથી કરતો. દીકરા કરતાં યે એને બળદ પર હેત વધારે.

આવી જાત્રાઓ અનેક ઠેકાણે થાય છે. અગે જતમાં હતા ત્યારે આવી એક જાત્રા જોવા ગએલા. ગીરદીમાં ફરવું એ સહેલી વાત ન હતી. રાજ તરફથી બે પટાવાળા અમને મળ્યા હતા. તેઓ લોકોને ચમ-કાવીને અમારે માટે રસ્તો કરે. ઠેકાણે ઠેકાણે ખાદીની દુકાનો ગોઠવાએલી હતી અને દુકાનદારો છાતી સરસા ગજ લંબાવીને કપડું માપી આપતા. જ્યારે ખાદીના કકડો ફડાતો હતો ત્યારે ચરડ કરતો એવો મજાનો તો અવાજ થતો કે એ સાંભળવા ઊભા રહેવાનું મન થાય. બજારમાં ફરતાંફરતાં એક ઠેકાણે ખૂબ ભીડ હતી ત્યાં અમે જઇ પહોંચ્યા. ત્યાં ફજેતફાળકો ફરતો હતો. નાનપણમાં અમારા હાથમાં પૈસા તો આપ-વામાં આવતા જ નહિ, એટલે પારણામાં બેસવાનું મન થયા છતાં એ લોભ મનમાં જ રાખવો પડ્યો. ગામડીઆ છોકરાઓ અને કેટલાક હોંશીલા ડોસાઓ પણ પારણામાં બેઠેલા જોઇ મને થયું કે આપણા કરતાં આ ગરીબ લોકો કેટલા સુખી! ધારે ત્યારે પારણામાં બેસી શકે. એટલામાં અમારા પટાવાળાએ ફજેતફાળકાવાળાને કહ્યું, 'અલ્યા એ, આ અમલદારના છોકરાઓ છે. એમને પારણામાં બેસાડ.' મેં ધીમે અવાજે પટાવાળાને કહ્યું, 'પણ અમારી પાસે તો એકકે પૈસો નથી.' એણે મારો હાથ દબાવી એથી યે ધીમે અવાજે કહ્યું, 'એનો વાંધો નહિ; તમે બેસો તો ખરા.'

ઝાઝો વિચાર કર્યા વિના ઉત્કંઠિત મન અમને પારણા તરફ લઈ ગયું. ફાળકાવાળા ફાળકો ફેરવતા જાય અને કાંઇક ગાતા પણ જાય. એક જણ કેટલા ફેરા થયા તે મોટેથી ગણતો હતો. બેસવાની તો ખૂબ

જ મજા આવી. અમે બેઠેલા એટલે ફાળકાવાળાએ પાંચદસ ચક્કર વધારે નાખ્યાં. એણે મનમાં કહ્યું હશે 'तुष्यतु दुर्जनः ।' અમે ઊતર્યા અને ચાલવા લાગ્યા. મારા મનમાં મિશ્ર ભાવ ઘોળાવા લાગ્યા. શરીર ઊતર્યું અને મન ફજેતફાળકે ચડ્યું. આપણે મફત બેઠા એટલે ભિખારી જેવા થયા. એ ખ્યાલ મનમાં આવતાં બીજી જ ક્ષણે અભિમાન કહેતું, 'ભિખારી શાના? એણે કંઇ આપણી દયા ખાઇને નથી બેસાડ્યા. આપણે અમલદારના દીકરા. આપણાથી બીને આપણને બેસાડ્યા. જ્યારે એ વધારાના ચક્કર નાખતો હતો ત્યારે બાકીના ત્રણે પારણામાં બેઠેલા છોકરાઓ અને આસપાસના પ્રેક્ષકો આપણી તરફ જ જોતા હતા ને? સાહ્યબી વગર કંઇ આવું થાય?' આમ મનનું સમાધાન તો થતું, પણ ફરી વિચાર આવતો કે પારણામાંથી ઊતર્યા પછી જ્યારે આપણે ચાલતા થયા ત્યારે જે શરમ જણાઇ તે શા માટે? બીજા બધા એકેક પૈસો આપે છે. આપણે જો ગજવામાંથી પાવલી કાઢીને એને આપી હોત અને પછી એણે કેડ વાળીને સલામ ભરી હોત તો સાહેબી શોભત. પણ આપણે તો છોકરાઓ. આપણી પાસે પૈસા ક્યાંથી હોય? હા, એ ખરું. પણ તો તો ફાળકામાં બેસવું જોઇતું ન હતું. પણ હું ક્યા મારી મેળે બેસવા ગયો હતો? સખારામે મને બેસાડ્યો. પણ તો યે મારે ના પાડવી નહોતી જોઇતી? એવાએવા અનેક વિચારો મનમાં આવ્યા અને ગયા! ફજેતફાળકામાં બેસી આપણે પોતાનો જ ફજેતો કર્યો છે; એથી આપણી શોભા તો વધી જ નથી. એ ખ્યાલ ગમે તેટલો પ્રયત્ન કરું તો યે મનમાંથી ભૂંસાય જ નહિ.

બીજે દિવસે યાત્રામાં બલિદાન અપાવાનું હતું. રાજા સાહેબ (એ પણ લગભગ મારી ઉંમરના જ હતા) જાતે હાજર રહેવાના હતા. એક તંબુ તાણીને તેમાં આબા સાહેબ અને એમના બધા અમલદારો બેઠા હતા. આબા સાહેબે રેશમનું લીલા રંગનું અંગરખું પહેર્યું હતું. માથા પર મરાઠીશાહી પાગડી પહેરી હતી. દાજીબા મૂળે એમના કારભારી એમની પડખે બેઠા હતા. આબા સાહેબ ગંભીરતાથી બેઠા હતા. આવડો નાનો છોકરો આટલી ગંભીરતા ધારણ કરી શકે એ જોઇને મનમાં મને એના પ્રત્યે માન ઉપજ્યું. પણ મેં એમ પણ જોયું કે એની સાથે રહેતો રમનાર હજુરિયો જ્યારે દૂરથી એના તરફ જોતો ને કૈંક સૂક્ષ્મ મશ્કરી કરતો ત્યારે આબા સાહેબને પોતાનું હસવું દબાવતાં ભારે મુશ્કેલી પડતી. તેઓ કંઇક ચીડાઇને એના તરફ ન જોવાનો નિશ્ચય કરી મોઢું ફેરવતા. છતાં હઠીલી આંખો ત્રાંસી નજરે ફરી એ જ દિશાએ જોતી. અને પછી તો હસવું દાબવાનો સંયમ વધારે ને વધારે મોળો પડતો. ઠીક થયું કે બંનેને ખબર ન હતી કે હું ત્રીજો એ બંનેની ચેષ્ટા રસપૂર્વક નિહાળતો હતો.

બાળભૂખ આકરી હોય છે. નવ વાગ્યાનો સમય થયો એટલે કારભારીએ સહેજ ઇશારો કરી આબા સાહેબને તંબુ પાછળની રાવટીમાં નાસ્તો કરવા મોકલ્યા. અંદર ગયા પછી આબા સાહેબે કહ્યું હશે કે પેલા ઑડિટરના બે છોકરાઓને પણ બોલાવો. અમે અંદર ગયા. એમની સાથે ખાવા બેઠા. મનમાં મોટી મૂંઝવણ ઊભી થઈ. રાજા થયો તેથી શું? આખરે તો રજપૂત; ને આપણે તો બ્રાહ્મણ. એ લોકો જોડે બેસીને કેમ ખવાય? હું ગોંદુ તરફ જોઉં, ગોંદુ મારી તરફ જુએ. અમારી સાથે ત્યાં કોઇ ન બોલે કે ચાલે એ બીજી મૂંઝવણ. એટલામાં કારભારી અંદર આવ્યા. એમણે કહ્યું, 'તમે મનમાં કંઈ સંકોચ નહિ રાખતા. એ તો બુંદીના લાડવા છે; અને ખવાય. તમારે માટે બહાર પાણી રાખ્યું છે તે પીજો.' અમે નાસ્તો તો કર્યો, પણ જરા યે મજા ન પડી. અમને અંદર બોલાવવામાં લાગણી ન હતી પણ ખાલી વિવેક હતો. કશી ઓળખાણ વગર વાતચીત પણ કેમ થાય? જાનવરની પેઠે ખાધું અને માંડ ત્યાંથી છૂટ્યા ને તંબુમાં આવી બેઠા.

એટલામાં બલિદાનનો વખત થયો. મોટું ગોળ કુંડાળું કરી લોકો જોવા ઊભા હતા. ધસારાને લીધે કુંડાળું સાંકડું થવા લાગ્યું. વ્યવસ્થા રાખનાર પોલીસો લાકડી અને ચાબુક મારી લોકોને હઠાવવા લાગ્યા. પણ ત્યાં તો કારભારીએ ઊંડી સત્તાને અવાજે પોલીસોને કહ્યું, 'ખબરદાર, લોકોને મારો તો. લોકોને સમજાવીને પાછા હઠાવો.' મને કારભારીનો એ હુકમ બહુ જ ગમ્યો. અમલદારોમાં પણ લોકોને વિષે કંઇક લાગણી હોય છે એ આશ્ચર્યકારક શોધ એ વખતે થઇ. હું દાજીબા તરફ માનની નજરે જોવા લાગ્યો.

એટલામાં વાજિંત્ર વાગવા લાગ્યાં. એક નાનકડું

બકરું બલિદાન માટે આણ્યું હતું. એક ઊંડી ખાઇમાં બળતા અંગારા હતા. ખાઇની આસપાસ કેળનાં ઝાડ ઊભાં કર્યાં હતાં. એક જણે બકરાના પાછળના બે પગ પકડ્યા; બીજાએ બીજા બે પગ. બંને જણા ખાઈની સામસામે ઊભા થયા. વચમાં બીચારું બકરું તાણેલું. ત્યાં ગોર આવ્યો. એના હાથમાં તલવાર હતી. મેં તરત જ મોઢું ફેરવ્યું. પેટમાં કાંઇક થવા લાગ્યું. ગળું રૂંધાઇ ગયું. . . . . . .

આસપાસના લોકોએ 'ઉદો ઉદો'ની જયજયકાર પોકારી. બકરાના કકડા ખાઇમાં ફેંકી દીધા હશે! અને ગોર તથા એની પાછળના બીજા અનેક લોકો એ બળતી ખાઇમાંથી પસાર થયા હશે. થોડા જ વખતમાં બધે અવ્યવસ્થા થઇ. અમે બધા સૌસૌના વાહનમાં બેસી ગરદીમાંથી માંડ રસ્તો કાઢી પોતપોતાને ઘેર ગયા.

યલ્લામ્માને આવું બલિદાન ભાવતું હશે? યલ્લામ્મા જાણે છે કે ઝાડ કાદવ ખાય છે; પશુઓ ઝાડપાન ખાય છે; પક્ષીઓ જીવજંતુને ખાઈ જાય છે; માણસ પશુપક્ષીને ખાય છે; સૂક્ષ્મ રોગજંતુઓ માણસને ખાય છે;–હવા અને માટી એ સૂક્ષ્મ જંતુઓનો નાશ કરે છે આમ હિંસા તો ચાલ્યા જ કરે છે. 'जीवो जीवस्य जीवनम्।' પણ આ બધાની મા યલ્લામ્મા એ તો અશનાયા પિપાસાથી પર છે. તેથી જ એ યલ્લામ્મા છે. એને વળી બલિદાન શાનું આપવાનું હોય? એના સતત આત્મબલિદાનથી તો આપણે સૌ જીવીએ છીએ. એને બલિદાન આપવાપણું ન હોય. એના બલિદાનથી આપણે આત્મબલિદાનની દીક્ષા લેવાની હોય. જ્યાં સુધી જનાવરો ખાદ્ય વસ્તુ અથવા માલમત્તા તરીકે જ ગણાતાં હતાં ત્યાં સુધી એમનું બલિદાન ક્ષમ્ય હતું. પણ જાનવરો આપણાં ભાઇભાંડુ છે; યલ્લામ્માનાં બાળકો છે એ જાણ્યા પછી બલિદાનમાં એમને મારવાં એ તો ધર્મને નામે શુદ્ધ અધર્મ કર્યા બરાબર છે.

૧૭][ખોટા સંસ્કારો

શહાપુરના એક ખૂણા તરફ હોસુર ગામ આવેલું છે. શહાપુર ને હોસુર વચ્ચે એકાદ ખેતરનું પણ અંતર નથી. બંનેનાં ઘરો અડોઅડ છે. પણ શહાપુર દેશી રાજ્ય છે, જ્યારે હોસુર અંગ્રેજી મુલક છે. હોસુર એ કાનડી નામ છે અને એનો અર્થ નવા ગામ થાય છે. પણ ત્યાં નિશાળ તો મરાઠી જ છે.

કોણ જાણે શાથી મને હોસુરની મરાઠી શાળામાં એક વખત મૂકવામાં આવ્યો હતો. શહાપુરમાં નિશાળ તો હતી, પણ હોસુરની નિશાળ અમને નજીક પડતી. પણ હું ધારું છું કે મને એ નિશાળમાં મૂકવાનું કારણ એ ન હતું. બ્રિટિશ રાજ્યમાં જે ખેડુતો લોકલ ફંડ આપે છે તેમને નિશાળની ફી નામની જ આપવાની હોય છે. શહાપુરની નિશાળમાં પૂરેપૂરી ફી આપવી પડત; હોસુરમાં લગભગ મફત ભણાય એવું હતું. એટલા જ કારણસર મને બ્રિટિશ નિશાળમાં મોકલવામાં આવ્યો.

મારા ભણતર તરફ ઘરમાં કોઇનું ધ્યાન હતું જ નહિ. મારું પોતાનું તો ક્યાંથી જ હોય? હોસુરની નિશાળમાં મહિનાઓ સુધી અમારા હેડ માસ્તર રજા ઉપર જ હતા. એમને ઍસિસ્ટન્ટ તો હતો જ નહિ, એટલે રોજ ચપરાશી આવી શાળા ખોલે અને સહેજસાજ સાવરણી ફેરવે. પછી છોકરાઓ વર્ગ વાર બેસી જાય. કોઇ નકશો ખોલે, તો કોઇ કવિતા ગાય. દસ વાગે એટલે છોકરાઓમાં ઘંટ વગાડવા માટે પડાપડી થાય. એક મોટો છોકરો ભારે દુષ્ટ હતો. નાના છોકરાઓ ઊંચો અંગદકુદકો મારી ઘંટ વગાડે અને ઘંટમાંથી નીકળતા નાદનું દીર્ઘ અનુરણન સાંભળવા ઊભા થાય, કે તરત જ એ આવી ઘંટ હાથ વતી પકડે અને નાદનો વધ કરે. તેથી છોકરાઓએ એનું નામ 'ઘંટાનાદવિડંબન' પાડ્યું હતું!

એ છોકરો બીજી રીતે પણ ખરાબ હતો. રોજ નવીનવી ગંદી ચોપડીઓ એ ક્યાંકથી લઇ આવતો. પછી ઉપલા ધોરણના છોકરાઓ એની આસપાસ ટોળે વળી એનું પારાયણ કરતા. હું પણ એ જ ધોરણમાં ભણતો. મારા વર્ગમાં હું સૌથી નાનો એટલે એ ગંદા પારાયણમાંનો બ્રહ્માક્ષર પણ ન સમજું. મને સાવ અનભ્યસ્ત જોઇ બીજા છોકરાઓ પણ મને પોતાની વચ્ચે બેસવા ન દે. મારી પ્રત્યે તિરસ્કાર ન હતો; પણ હું મુગ્ધ છું, એ મુગ્ધતા બગાડવાનું પાપ આપણે ન કરીએ, એમ માનીને 'ઘંટાનાદવિડંબન' મને દૂર રાખતો. એના એટલા સદ્ભાવ માટે મારે જરૂર કૃતજ્ઞ રહેવું જોઇએ. એ વર્ગમાં ચાલતી વાતચીત હું સમજતો ન હતો. મને એમાં રસ પણ પડતો નહિ. છતાં એ લોકોના કેટલાક ઉદ્ગારો કાન પર અથડતા. બાલમાનસ-

નો એ એક સ્વભાવ છે કે જે વાત એ સમજે નહિ તેને એક ખૂણામાં સંઘરી રાખે અને મન નવરું હોય ત્યારે એનું રહસ્ય ઉકેલવાનો પ્રયત્ન કરે. મારું પણ એમ જ બન્યું. ચિત્તમાં અનેક બેવકૂફીભરેલા તર્ક-વિતર્કો ચાલે. આ રીતે હોસુરની નિશાળમાં નહિ, પણ એ નિશાળને લીધે મને ભારે નુકસાન થયું.

આખરે હેડ માસ્તર આવ્યા. ભૂગોળમાં મારી પ્રગતિ જોઇ મારા ઉપર તે ખૂબ ખુશ થયા. ગણિત અને મરાઠી કાવ્ય એ એમના પ્રિય વિષયો. તેઓ વિદ્વાન હતા તે કરતાં અહંમન્ય વધારે હતા. વર્ગમાં પણ એમને કોઇ અવારનવાર મળવા આવતું જ. પછી એમની વાતો ચાલે અને અમે સાંભળીએ. એમને મન એમના મગજની કિંમત અસાધારણ હતી. એક દિવસ પોતાના એક દોસ્તદારને કહે કે "મારું ગણિતી મગજ હું ક્ષુદ્ર કામમાં વાપરતો નથી. બજારમાં વાણિયા કે કાછિયા પાસેથી કોઇ ચીજ ખરીદું અને એ મને હિસાબ ગણવાનો કહે તો હું એને કહી દઉં છું કે 'તું જ તારી મેળે હિસાબ કરીને જેટલા પૈસા લેવા હોય એટલા લે અને બાકીનું પરચુરણ મને આપી દે.' વાણિયાશાહી હિસાબમાં મારું ગણિતી મગજ હું ન વાપરું."

આ વાત સાંભળી મને આશ્ચર્ય થયું. એ વખત સુધી હું એમ માનતો હતો કે ગણિતમાં હોશિયાર માણસ અઘરામાં અઘરા દાખલા પણ મોઢેથી ગણી શકે છે. એને ગણતરીનો કંટાળો નથી હોતો; ઊલટો રસ જ હોય છે. સામાન્ય ગણતરીમાં પણ મારું ટટ્ટુ ત્રિરાશી વગર ચાલતું નહિ, તેથી હું માનતો કે આપણું મગજ ગણિતી નથી. પણ જ્યારે અમારા ગણિતી હેડ માસ્તરનો અભિપ્રાય સાંભળ્યો ત્યારે મને નવું (?) ભાન આવ્યું કે પોતાનું જ્ઞાન વારેઘડીએ વાપરવા માટે નથી હોતું. મગજ વાપરવાથી એ ખરચાઇ જાય છે! ભિખારી લોકો ભલે નજીવી બાબતોમાં પોતાનું મગજ વાપરે. ખાનદાન ગણિતી તો મોટો યુદ્ધ જેવો પ્રસંગ હોય ત્યારે જ પોતાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢે.

એક દુકાનદારની એવી જ વાત મેં સાંભળેલી. ભલો માણસ દુકાનમાં આંખો મીંચીને બેસે. કોઇ ઘરાક આવે તેટલા પૂરતી જ એ આંખો ઉઘાડે. કોકે એને કારણ પૂછ્યું. જવાબ મળ્યો, 'मुफतकी आंखोंकी नूर क्यों खोवें?'

આ ગણિતી હેડમાસ્તરની કલ્પનામાં રહેલો વિચારદોષ શોધી કાઢતાં મને બહુ વાર ન લાગી. પણ એણે વાવેલી એ વૃત્તિ કાઢી નાખતાં અસાધારણ મહેનત પડી. હજી એ ગઇ છે એમ હિંમતપૂર્વક ન કહી શકું.

૧૮] [તમાચો

ખિરે મારો દોસ્ત હતો;—અથવા હું એનો દોસ્ત હતો એમ કહીએ તો વધારે સાચું ગણાય. અવળે રસ્તે ચડેલા એ છોકરાને કોઇ મિત્ર ન હતો. એનો આખો દિવસ કલ્પનાતરંગોમાં જતો. એણે મારી દોસ્તી શોધી. એનાં કાંતેલાં મનોરાજ્ય હું ધીરજથી સાંભળતો એટલે હું એનો મોટો આશ્રય થઇ

રેંટિયો

[વસંતતિલકા]


શું કોઇ તારક નભેથી તૂટી પડેલ,
ને ભૂમિસ્પર્શ થકી તેજહીણો થયેલ?
તેં સાચવ્યો તદપિ સંગીતનો ફુવારો,
ને થૈ રહ્યો વિમલ ભારતનો સિતારો.

તું વિણ આ અવનીમાં પથરાય ક્યાંથી,
તારા તણા અકલ સંગીતનો નિચોડ?

પેલી વહે સરસ મંજુલ ગીત ગાતી
સ્નેહાળ સાબરમતી શરમાળ ચાલે,
પૂરે સુરાવટ સમીરણમાં તરંગ;
એવું તું ગે ભ્રમણમાં રસગાન રેલે.

ગુંજે ઊંડે મધુર સૂર સુચક્રમાંથી,
અંગાંગથી નિતરતું ગીત કો અજોડાં;
તારા અને સરિતગીતથી મૂલ્યવાન
તારું ઝરે જીવનસંગીત પ્રાણવાન!

ઉમાશંકર જોષી



પડ્યો. અમે બંને જણે મળીને 'કલુપ્તિવિજય' કરીને એક નાટક લખવાનું ઠરાવ્યું હતું. પણ પ્રવેશો અને પાત્રો નક્કી કરવા ઉપરાંત એ આગળ વધ્યો જ નહિ.

અમે અંગ્રેજી પહેલીમાં હતા. ખિરે પોતાના મામાને ત્યાં રહેતો. ગાંધીને ત્યાં જઇ મામાને નામે તે ગુલકંદ, બદામ, કિસમિસ વગેરે વસ્તુઓ ઉધાર લાવી ખાઇ જતો. એમાંથી ભાગ પડાવતાં મને શરમ આવતી. પહેલે દિવસે મેં એનો ગુલકંદ ખાધો, પણ પછી જ્યારે ખબર પડી કે એ ચોરીને ખાય છે ત્યારે મેં એની પાસેથી કશું પણ લેવાની ના પાડી. એ વખતે પ્રામાણિકપણાનો કંઇ ખાસ ઊંચો આદર્શ મેં કેળવ્યો હતો એમ નહિ, પણ મને એ ગંદું લાગતું. ઘરના લોકો વિશ્વાસ રાખે ત્યાં જ એ છોકરો ચોરી કરે એમાં ઇમાનદારી પણ ન હતી ને બહાદુરી પણ ન હતી.

ખિરે વિષે એકબે ખરાબ વાતો વર્ગમાં બોલાતી. કેટલાક છોકરાઓ કહેતા કે એ સાચી ન હોય; કોકે નાહક જોડી કાઢી છે. અને કેટલાક કહેતા કે એ છોકરા વિષે એ સાચું પણ હોઇ શકે. એ શું ન કરે?

એક દિવસ, કોણ જાણે શાથી, અમે બંને લડી પડ્યા. મેં એની સાથે વેર બાંધ્યું. મનમાં નક્કી કર્યું કે એ નાલાયકને બદનામ કરવો જ જોઇએ. વર્ગમાં શિક્ષક ન હતા. પહેલે નંબરે પટવેકર બેઠો હતો. મેં એની પાસે જઈ કહ્યું, 'ખિરે વિષે છોકરાઓ જે વાત બોલે છે તે સાચી છે.' બીજે નંબરે કોણ બેઠો હતો તે અત્યારે યાદ નથી. એને પણ મેં એ જ વાત કહી. ખિરે તો મારા પર ચીડાઇને રાતોચોળ—ના, ના, એનું મોઢું સાવ ફિક્કું પડી ગયું હતું. એની પાતળી ચામડી પર લોહી ભાગ્યે જ દેખાતું. ત્રીજે નંબરે મોને બેઠો હતો. એને પણ મેં કહ્યું, 'ખિરે વિષેની વાત સાચી છે.'

મોને ભલો છોકરો હતો. એને મારી વાત ગમી નહિ. મારી તરફ તિરસ્કારથી જોઈ એણે કહ્યું, 'સાચી હોય તો યે શું? દરેક જણને કહેતાં ફરતાં તમને શરમ નથી આવતી? મિત્ર ધારીને જ એણે પેટની વાત તમારી પાસે કરી હશે ને? આમ ખાનદાની ભૂલો મા. પોતાની જગ્યાએ જઇને બેસો.' આ તાતું વચન તો તમાચા કરતાં પણ મને વધારે વાગ્યું. મારો પ્રચાર રદ કરી હું મારે ઠેકાણે જઈ બેઠો. મારા કાન ગરમ ગરમ થઇ ગયા હતા. ઘડીકમાં ઠંડા પડે ને ફરી ગરમ થાય. લોહી સાથે વિચારો પણ ખૂબ જોરથી ફરતા હતા. મોને પર મને જરા યે ચીડ ન ચડી. એણે તો મને જીવન માટે સારી શિખામણ આપી હતી. માણસ ગમે તેટલો ચીડાયો હોય તોપણ પોતાનું કૃત્ય હીન છે એ ઓળખવા જેટલું ભાન એને હોય જ છે. ખિરે તો મારી પડખે જ બેઠો હતો. પણ દુશ્મન સાથે બોલાય કેમ? મેં કાગળના કટકા પર એક વાક્ય લખ્યું: 'મારી ભૂલ થઇ' અને એ ખિરેના ખોળામાં ફેંક્યું. એટલેથી જ એ રાજી થયો અને અમે ફરી મિત્ર થયા.

એ છોકરા જોડે મારે ચારેક મહિના દોસ્તી રહી હશે. પછી તો હું સાવંતવાડી ગયો. એ છોકરો ખરાબ છે એ હું પહેલેથી જ જાણતો હતો. એને મારો આધાર જોઇએ છે એટલું જોઇને જ મેં એને મારી સાથે દોસ્તી બાંધવા દીધેલી. છતાં કોઇ પણ રીતે એનો ચેપ મને ન લાગ્યો. ખિરે પાસેથી મેં ગંદામાં ગંદી વસ્તુઓ સાંભળેલી, પણ એ વખતે મારા મન પર એની કશી અસર ન થઇ. પણ આગળ જતાં એ વાતોના સ્મરણથી મારી કલ્પનાશક્તિ જરા ય ગંદી થઇ નહિ એમ જો હું કહી શકત તો કેવું સારું! આજે હું ખિરેને મારો જીવનનો દુશ્મન ગણું છું. એણે મારી કલ્પનામાં જે ગંદવાડ નાખ્યો. તે ધોઇ કાઢતાં મને વરસોની મહેનત પડી છે. સાંભળેલી વાતો એક કાનેથી પ્રવેશ કરી બીજા કાનેથી નીકળી નથી જતી. મગજની જબરદસ્ત વાદળી એને ચૂસી લે છે. શિલાલેખ ભૂંસાઇ જાય, પણ સ્મરણલેખ ભૂંસાતા નથી.

કબીરે એક ઠેકાણે કહ્યું છે, 'મન ગયા તો જાને દો, મત જાને દો શરીર.' એ સિદ્ધાંતમાં માની મેં ઘણું વેઠ્યું છે. સાચવવા જેવું હોય તો મુખ્ય મન જ છે.

[ચાલુ]

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

માથેરાન



ગારબટ વૅલી: માથેરાનના સૃષ્ટિસૌંદર્યનું લાક્ષણિક દશ્ય બતાવતો સ્કેચ: આલેખનાર રવિશંકર રાવળ

લેખક

સુરેશ દીક્ષિત

એમ.એ., એમ.એસસી.

ચિત્રકાર

રવિશંકર રાવળ અને છોટાલાલ જોશી

ગુજરાતીઓથી વસેલું પણ ન તો ગુજરાતનું, મહારાષ્ટ્રમાં આવેલું પણ દક્ષિણીઓએ તજેલું માથેરાન છે. નથી તે તીર્થ કે ઐતિહાસિક ખંડેર. લક્ષ્મી કે માંદગીના વિહાર જેવું, મુંબાઈની સોડમાં ઊભેલું પણ સાગરને વચ્ચે રાખીને, વનવગડાથી વીંટાએલું આભને અડકતાં રહી ગએલું માથેરાન તીર ફેંકે તો વીસ જ માઈલ મુંબાઈથી આઘું છે. એંસી વર્ષ પહેલાં એનું સૌંદર્ય ઢાંક્યું હતું. ત્યાં માનવીના માંડવા બંધાયા ન હતા. અનંત કાળથી જ્વાળામુખીની ઉગ્ર ભઠ્ઠીમાં એના પથ્થર પીગળ્યા તપ્યા પડી રહ્યા હશે. અગ્નિએ દક્ષિણઘાટ ઘડતાં એની કાચી કાયા ઘડેલી તેને પવન અને વરસાદે પાકી કરી. લીલાં વૃક્ષવેલની વનઘટામાં નથી તરી આવતી ભાત કે નથી જુદા પડતા રંગ. છતાં નીલવર્ણાં વાદળમાં કે શ્વેત ધુમ્મસમાં સ્નાન કરતાં પરોઢ કે પ્રદોષે કંઇ અનેરા લાવણ્યે તે મહેંચું રહે છે.

એની ગુલાબ જેવી લાલ માટીમાં અને રાતા પોચા પથ્થરો (Laterite rocks) વચ્ચે એક વખત વાઘ કે ચિત્તાની બોડો હશે. પીશનાથનું નાનું ઝરણું તરસ્યાના અમૃતસમું હશે. ઘન ગગડે અને વીજ ચમકે એ સિવાય કશા પણ અવાજ વિનાની એની નિર્જનતામાં પણ મનોહર વનમાળમાં વસવા મૅલેટ નામના અંગ્રેજે એ સ્થળનું સૌંદર્ય પારખ્યું. તે દિવસથી માનવના મહારી હાથે એના પર સુખભોગના સ્થાન રૂપે તોરણ બંધાયું. લક્ષ્મીની કૃપા રેડાતાં ઘાટઘાટનાં વિલાસકુંજ બંધાયાં. હિંદના બજારોમાં થતાં પૈસાનાં ભરતીઓટની અસર આવાં વિલાસસ્થાન ઉપર સહજ થાય.

દરિયાની સપાટીથી ૨૬૦૦ ફૂટ ઊંચે, ત્રણ ચોરસ માઈલની વાંકીચૂંકી ઊંચીનીચી રેખામાં એ આખું યે સ્થળ છુપાયું છે. મુંબાઈથી પૂના જતાં માર્ગમાં આવતા નેરલ સ્ટેશનેથી સ્કૂના પેચ ઉપર ચડતી નાનીશી ડુંગરગાડીમાં બેસીને ઉપર ચડતાં ડગલેપગલે હવા પાતળી થતી જાય છે. સૂર્ય પ્રકાશમાં ઝાડી વચ્ચે ઑક્સિજનનું પ્ર-



માથેરાનના મૂળ વતની ધનગર જાતિનુ કુટુંબ

માણ વધારે હશે. આવી શીતળ ટેકરીને ખૂણેખાંચે લાવણ્ય રેડાએલું છે. અહીંથી નજર પડતી આથે અદશ્ય થતી સહ્યાદ્રીની હારમાળા, તળેટીમાં આળોટતો સાગર, કેડી પકડે નીચે ચાલી જતાં માનવો કે ચોખંડી રેખામાં જડાએલાં ગામડાંની અજબ મોહિનીમાં ઘડીક સ્વપ્નવશ થવાય. સૃષ્ટિસૌંદર્ય નથી સમજાતું કે ઉકેલાતું. વૃક્ષમાં છુપાઇ બોલતાં પક્ષી કે વટેમાર્ગુની દૃષ્ટિમાંથી ખસી જઇ હૃદયલીન થતાં સ્ત્રીપુરુષો જીવનની મહાલીલાના અંગો જેવાં જ છે!

નવરંગી સાડી પહેરી, હોઠ ને મોં રંગી નવા રંગેલા ઘર જેવી ફરતી ફેશનવાળી અહીંની સ્ત્રીઓ કે શરીરે નબળાં ને દેખાવે ફિક્કાં રીક્ષામાં બેસી હરતાંફરતાં માંદલાં આ કુદરતનો શણગાર નથી. માથેરાનની ખરી સુંદરી તો જે શરમાળ, અર્ધ વસ્ત્રે ઉઘાડી ફરતી, શરીરે કલાઇ કીડીઆંના આભૂષણે મઢાએલી માથે લાકડાંના ભારા વહી જતી કે ભર્યા બજારમાં પાકાં કાળાં કરમદાં વેચતી નજરે પડે તે. હાથે સાથે અને પેટમાંના છોકરાંથી તે લજવાતી નથી. દૃઢ શરીર, ઊંડી આંખો અને હૃદયના સરળ એ ‘ધનગર’ લોકોની મિલ્કતમાં તેમની ઝુંપડી ને ઢોરઢાંખર છે. ધંધે તેઓ ગોવાળ છે. એક જ ઝુંપડામાં ગાયભેંસ સાથે વગર સંકોચે તેઓ સૂએ છે. ઇંદોરના હોલ્કર એ જ વંશના છે. ખેતી કરતા અને કઠણમાં કઠણ જગાએથી મધ ઉતારી લાવતા ઠાકુરો વસ્ત્રમાં લંગોટી ને મિલ્કતમાં સ્ત્રીછોકરાં સંભાળે છે. તેઓ અનાર્ય છે એમ કહેવાય છે. કાથકરી



ધનગરનું ઝુંપડું



ધનગર

જેટલા તે જંગલી નથી. તેઓ અભણ છે એટલે જગતને પ્રારબ્ધના દીવડે બેઠેલું જોતા હશે. તેઓ મહેનતુ છે પણ અજ્ઞાન હોવાથી મહેનતનું મૂલ્ય આંકી શકતા નથી. એમના જીવનમાં ધર્મ કરતાં જાદુ વધારે છે. એકાદ સફેદ લાકડી વડે ભૂતપ્રેતનાં ઝોડ ભગાડી શકાય. એમ તેઓ માને છે. ચાલતી ગાડી સાથે પૈસા માટે પેટ કૂટતાં અને પછવાડે લાંબે સુધી દોડતાં નાનાં છોકરાં તેમના દારિદ્રયનો ખરો ખ્યાલ આપે છે.

વનલક્ષ્મી તો અહીં અઢળક વેરાએલી છે. આપણને પાણી પીતાં અદેખાઇ આવતી હોય તેમ વૃક્ષો જમીનનો રસ ચૂસી ફાલે છે. તળેટીમાં સાગનાં વૃક્ષ છે. અને આંબો, લીમડો, પળસ, હરડાંબેડાં એવાં કેટલાં યે ઝાડ ઢોળાવ પર છે. ઉપર જાંબુ, ફણસ, અરીઠા, કોકમ અને મીંઢળનાં વૃક્ષ છે. ઝાડે ઝાડે જુદ્દાની વેલ વગર રોપ્યે ચડે છે. આવી સ્વયંભૂ રમણીય વાડીમાં ફરતાં આંખ અને આત્માથી વિભુ પરખાય. શમળાના ઝાડમાંનું ઊડતી ગાય જેવું રૂ, બોરસલી ઉપરથી ખરતાં ફૂલો, વાડ ઉપર નમી પડતી મોરવેલ, ચંપા કે ચીકાખાઇનાં જૂથ જોતાં કે ઝાડની છાલમાં ઊગેલી સેવાળ જેવી લીલ કે ઓરકીડ તોડતાં ઘડીભર બાળક બન જવાય. જાતજાતનાં પતંગિયાં કે પક્ષીની પણ અહ ખોટ નથી. ગણ્યાં ગણાય નહિ કે વીણ્યાં વીણાય નહિ એટલાં તો નહિ, પરંતુ ઓળખ્યાં ઓળખાય તો નહિ જ. કોયલ કે બુલબુલના પ્રેમ આલાપમાં ઘડી દિવસના લીન થવાય તો રાતે ઘુવડના રુદનથી જાગી ઉઠાય એકાંતે લાકડામાં ચાંચ ખોસતું લક્કડખોદ કે એકા એક ઊડી જતું નીલકંઠ વિસ્મય પમાડે. વરાળ કહાડત એન્જિન જેવો સૂર કહાડતાં એકસામટા બોલત તમરાં માનવજીવનના કોલાહલનો પ્રતિઘોષ પાડત હશે? દિવસે ઊડતાં પતંગિયાં કે ખરતાં પાન જોવ



'શિવાજીની સીડી'ના નામથી ઓળખાતે પર્વતમાંનો એક માર્ગ. સ્કેચ: છોટાલાલ જોશી

રાતે આગીઆ કે તારા જોવા, સવારે કે સાંજે ઊગતા આથમતા સૂર્યને નિહાળવો; ચાલતાં પથ્થર પર ઘડી વિસામો લેવો કે થાકતાં સુકાએલાં પાંદડાં ઉપર આળોટવું એ આવા સ્થળનો લ્હાવો છે.

તળેટીમાં ફરતાં રામબાગ અને ત્યાંથી પ્રદક્ષિણા ફરતાં શિવાજીની નીસરણી અવશ્ય ચડવા જેવી છે. તે ચડવી કઠણ નથી. સામે જ 'પ્રબળ' નામની નિર્જન ટેકરી છે. પાણીના અભાવે ત્યાં વસી શકાય એમ નથી. ઉપર ચડી તેની અદ્ધર ટોચેથી નીચે નજર કરતાં 'પડાશે' એમ થઇ જાય.

હવાખાવાનાં શોભાનાં સ્થાનોમાં દિવસે દિવસે ઓસરતું જતું નૈસર્ગિક લાવણ્ય શોચનીય છે. શહેરની અલબેલી અહીં લાવતાં અહીંની રમણીયતાના હાલહવાલ થાય છે. દુકાળ જેવી મોંઘવારી અહીં હોય છે. પાણી અને દૂધ સોનાના મૂલે અહીં વેચાય છે. સહેલાણીની અહીં ખોટ નથી. રેસ્ટોરાં અને હૉટેલથી તે ભરપુર છે. રહેવાનાં ભાડાં પણ પારવગરનાં. શહેરનાં સર્વ સુખનાં સાધનોથી ભરપૂર આ સ્થળમાં આપણને થવો જોઇતો માનસિક ફેરફાર કે શારિરીક સંયમ સચવાતાં નથી.

અહીં ગુજરાતીઓ તો ઘણા આવે છે, પણ એકબીજાને ઓળખવાનાં સાધન કંઇ જ નથી. નામનાં



પૅનોરમા પૉઇન્ટ
સ્કેચ: છોટાલાલ જોશી

પાટિયાં ગળામાં ટાંગી ફરવાની ફૅશન રાખી હોય તો? તવંગર અને ગરીબ, નાત અને જાત ઘડી બે ઘડી જીવનમાંથી ભૂંસાય તો શું ખોટું? ગમે તેવડા મોટા ટોળામાંથી કવિ નાનાલાલને ઓળખી કાઢવા એ રમત વાત છે. પચાસ પંચાવન વર્ષે પણ સુદ્રઢ શરીર ને ઠીંગણા માણસને વેંતીઆ દેખાડે એટલી ઊંચાઇથી તરત જ પરખાય. કવિ એટલે કલ્પનાનો સૂક્ષ્મ દેહ એ કવિ નાનાલાલનું ઉદાહરણ નથી. માથે પળિયાં પણ જુસ્સો એમનામાં જુવાનનો છે. એમનાં ક્રોધ અને કૃપા બંને ઉગ્ર છે. માથેરાનમાં મને કંઇક તેમનો નિકટ પરિચય થયો. ગુજરાતના સમાજબંધારણમાં બનતા અટપટા બનાવોનું તેમનું જ્ઞાન અદ્દભુત છે. એમના અનુભવ વિશાળ છે. વાતોના રસિયા તેટલા જ જ્ઞાનના ભંડાર સમા છે. સાહિત્યમાં નફાતોટાને હિસાબે છલકાતું સરવૈયું કોઇએ કાઢ્યું હોય તો કવિ નાનાલાલ હશે. માથેરાનમાં તેઓ 'અકબરશાહ' નાટક પૂરું કરતા હતા. ઐતિહાસિક પ્રમાણરૂપ સિદ્ધ થએલી ચોપડીઓ પાસે રાખી નાટકોના પ્રસંગોનું સત્ય તે ઝીણવટથી ખોળાતા. એમના અક્ષર મોતી જેવા છે. લખ્યા પછી છપાવતાં પહેલાં તે અગત્યના ફેરફાર કરે છે. એમના સાહિત્યલેખનમાં બુદ્ધિપૂર્વક યોજાએલી ગૂંથણી છે એ જાણી છક થવાશે. શબ્દોની સંધિ અને સમાસ તેમને મન રમત છે. તેમના અડગ નિશ્ચય અને મનની મક્કમતા જોઇ સહેજે માન થાય. દેશી સફેદ વસ્ત્ર પહેરી અંધારી રાતે હાથમાં વીજળીનો દીવો અને લાકડી રાખી માથેરાનના ઊંચાનીચા રસ્તે

પસાર થતાં તેમના કિસ્સા સાંભળતાં વખત અને રસ્તો ભુલાઇ જવાતા.

આવા સ્થળોએ સર્વકંઈ સૌંદર્યમય હોય છે એવું કાંઈ નથી. લીલાં વૃક્ષની ઘટામાંથી લાલ નળિયાંનું મકાન તરી આવે ત્યારે રસિકતાને ધક્કો લાગે. તે કરતાં યે આફ્રિકાની મડમ જેવી કોઇ સ્વદેશી ક્રીસ્તાની બાઈ કાળું ફ્રૉક પહેરી આધેડ ઉમરે શરીરમાં બનાવટી સોનેરી દાંત પહેરી ગયેલું યૌવન પાછું લાવવા મથે ત્યારે ફરી વિચાર કરવો પડે. મોટરની જેમ શરીરના પણ ભાગ્યાંતૂટ્યા છુટક ભાગો મળે છે એ પણ નવાઇ છે ને! સોનેરી દાંત વાળી, લાલ હોઠ રંગેલી કાળી મડમ જોતાં 'અધર પ્રવાળી, દંત કનકરેખા, જીવ્હા જાણે અકોટી' એ બંધબેસતું લાગે!

માથેરાન તો સૌંદર્યનું બિંદુ જ માત્ર છે.

અથાણું

સસરા—મારી દીકરીનો હાથ મેં તમને આપ્યો ત્યારે મને ખ્યાલ પણ નહિ કે તમે આમ મારા પર જ આધાર રાખીને બેસવાના હશો.

જમાઇ—મને પણ એવો ખ્યાલ નહિ; મેં ધારેલું કે તમે અમને જિંદગીભર ચાલે એટલો દાયજો આપવાના જ હશો.

卐

જજ—તમારી ઉમર કેટલી?

સાક્ષી—પંદર વરસ સાહેબ.

જજ—હજી હમણાં તો તમે ઇશ્વરની સાક્ષીએ સત્ય બોલવાના સોગંદ લીધા ને તરત જૂઠું બોલો છો? તમે ચોખ્ખા ઘરડા દેખાઓ છો, ને પંદર વરસ—?

સાક્ષી—હું સાચું જ બોલ્યો છું સાહેબ. મારો જન્મ ફેબ્રુઆરીની ૨૯મી તારીખે થયો છે, ને એ તારીખને હિસાબે મારો જન્મદિવસ ચાર વર્ષે એક જ વખત આવે છે!

卐

'બા, આ બબી ભગવાને આકાશમાંથી મોકલી છે ને?'

'હા, બેટા.'

'હં... મેં ધાર્યું જ હતું. એમને ત્યાં બહુ રો રો કરીને કનડતી હશે તેમાં જ.'

卐

ફઈ—બેટા, એક બચી લેવા દે તો એક પૈસો આપું.

ભત્રીજો—બસ, એક જ પૈસો? દીવેલ પાતી વેળા તો બા એક આનો આપે છે!

卐

એક મિત્ર પોતાના મિત્રને (ટેલિફોનમાં)—'જુઓ, તમે ના કહેતા હતા ને, પણ પાછી ઘરમાં સળગી છે!'

મિત્ર—'મને કહેવા કરતાં બંબાખાને જલદી ખબર કરશો તો વધુ સારૂં પરિણામ આવશે.'

સંત આલ્બન

૧

એ વખતે ઇસુ ભગવાનનો ચોથો સૈકો ચાલતો હતો. પશ્ચિમની દુનિયામાં રોમન સામ્રાજ્યનો ડંકો વાગી ચૂક્યો હતો. બ્રિટાનીઆ રોમનોને ઘેર હતું.

મદાંધ થએલા રોમન સમ્રાટના મગજમાં ધુરી આવી કે મારી પ્રજાનો એક પણ માણસ મારા ધર્મથી વિરુદ્ધ—ક્રિશ્ચિયન કેમ હોય? ગવર્નરોને હુકમ છોડ્યા કે વિધર્મીઓને હીધન (ખ્રિસ્તી નહિ તેવા) કરો; ન માને તેઓની ઉપર તલવાર ચલાવો. રોમન સોલ્જરોએ શમશેરો ખેંચી. બ્રિટનમાં રોમનોની રાડ બોલી. ક્રિશ્ચિયનો તલવારની બીકે ધર્મ છોડવા લાગ્યા. એક પછી એક પાદરીઓ પણ હીધન થવા લાગ્યા.

૨

'આપને કોઇ ખ્રિસ્તી પાદરી મળવા માગે છે.' નમન કરીને એક સિપાહીએ આલ્બનને કહ્યું.

આલ્બન વેરુલેમીઅમનો એક અમીર હતો. મોટો જાગીરદાર હતો. નાનો હતો ત્યારે તે રોમ ગએલો. ત્યાંના સુસંસ્કારો તેનામાં ઊતર્યા હતા. વેરુલેમીઅમનો એક પણ માણસ એવો નહિ હોય કે જેણે આલ્બનનું નામ ન સાંભળ્યું હોય. હજારો ગરીબોનો એ પાલનહાર હતો. અત્યારે તે પોતાના એક સરસ ઓરડામાં આરામ કરતો હતો.

'ખ્રિસ્તી . . . . પાદરી!' થોડી વાર તે અટક્યો. પછી બોલ્યો, 'આવવા દો.' આલ્બન બેઠો થયો. તેની આંખ બારણા તરફ ચોંટી રહી. થોડી વારે પાદરી આવ્યો. તેનું વિશાળ કપાળ ચમકારા મારી રહ્યું હતું. તેને જોતાં જ આલ્બન ઊભો થયો. માન આપીને એક આસન ઉપર બેસાડી પૂછ્યું, 'આપનું નામ શું?'

'મારૂં નામ એમ્ફીબેલસ. હું પાદરી છું. રોમનોના ખ્રિસ્તી ઉપરના અત્યાચારની વાત તો તમે સાંભળી હશે. તેના અત્યાચારમાંથી ઊગરવા હું આપને શરણે આવ્યો છું.' પાદરીની આંખમાં કરુણાની યાચના હતી: 'મને આપ આશરો આપશો?'

'મારાં એવાં સદ્‌ભાગ્ય ક્યાંથી કે આપ મારે ત્યાં?' આલ્બનના મોઢા ઉપર એકલી નમ્રતાની જ છાંટ હતી. 'આપ અહીં ખુશીથી રહો. હું બનશે ત્યાં સુધી તો આપનું રક્ષણ કરીશ.' આલ્બન હીધન હતો. પરંતુ હીધન હોવા છતાં પણ ખ્રિસ્તીઓ ઉપર તેની એટલી જ સમાનતા હતી.

ત્યાર પછી તો ઘણા દિવસો વહી ગયા. એક વાર રોમન સોલ્જરો પણ વેરુસેલમીઅમમાં આવી ગયા. પરંતુ આલ્બન ઉપર સૌને એટલો તો વિશ્વાસ હતો કે તેના ઘર સામે કોઇએ આંગળી પણ ન ચીંધી. વખત જતાં એમ્ફીબેલસ આશ્રયી મટી આલ્બનનો જાણે યુગયુગનો મિત્ર હોય એવો થઈ ગયો.

તેઓ ઘણી વાર ધર્મની ચર્ચા કરતા. ધીમેધીમે આલ્બન ખ્રિસ્તી ધર્મ તરફ વળતો ગયો. આજે પણ તેઓ એ જ ચર્ચામાં બેઠા હતા. એટલામાં એક સિપાહી હાંફતોહાંફતો આવ્યો. તે બોલવા જતો હતો, પણ તેની જીભ ધ્રૂજતી હતી.

'સાહેબ! જલ્દી કરો, જલ્દી કરો. બહાર રોમન સોલ્જરો આવી પહોંચ્યા છે. તેઓને ખબર પડી ગઇ છે કે આપણે એમ્ફીબેલસને આશ્રય આપ્યો છે.'

'હેં . . . .' બંને ઊભા થઈ ગયા. થોડી વાર સુધી બેમાંથી કોઈ બોલી ન શક્યું. આલ્બનની આંખ ચારે તરફ ફરવા લાગી.

'આલ્બન! તેં આજ લગી મને આશ્રય આપ્યો તે બદલ પરમ પિતા તારું રક્ષણ કરો. હવે બચાવ કરવાથી કાંઇ પણ વળવાનું નથી. હું જાઉં છું—રોમનોને હાથે પકડાઇ જાઉં છું. તું તારું રક્ષણ કર.'

આટલી વાર સુધી સ્તબ્ધ ઊભેલો આલ્બન બોલ્યો, 'ના ના, એ નહિ બને. જલ્દી કરો, લ્યો . . . આ લ્યો, આ કોટ પહેરી લ્યો. જલ્દી કરો અને આ થેલી લઇને વિદાય થાઓ.'

'પણ હું બહાર જઇશ તોપણ પકડાઈ તો જવાનો જ છું. તો પછી તું શા માટે જોખમમાં પડે છે?'

'તેની ચિંતા તમે ન કરો. તાકીદ રાખો. મને આશીર્વાદ આપો.' એમ કહી તે ઘૂંટણીએ પડ્યો.

'પરમ પિતા તારું કલ્યાણ કરો!' એમ્ફીબેલસે તેને માથે હાથ ફેરવ્યો. આલ્બન સિપાહી તરફ ફર્યો. 'એમને ગુપ્ત માર્ગેથી લઈ જા.' ફરી એમ્ફીબેલસ તરફ ફર્યો. 'આપ જલ્દીથી નાસી છૂટો. હું થોડી વાર સુધી તેઓને રોકી રાખું છું.' બંને ચાલતા થયા. જતાંજતાં એમ્ફીબેલસની આંખોમાં આંસુ આવી ગયાં. જાણે છેલ્લી જ વાર બોલાવતો હોય તેમ તે એક જ શબ્દ બોલ્યો. 'આલ્બન!' અને ચાલતો થયો.

આ બધું એક ક્ષણમાં જ બની ગયું. આલ્બને એમ્ફીબેલસનો વેશ પહેર્યો લીધો. મોઢા પર હૂડ નાખી દીધો. ત્યાં તો રોમનો આવી પહોંચ્યા. તેઓની તલવારે ઘણા ખ્રિસ્તીઓનાં લોહી પી રતાશ પકડી હતી.

'આ રહ્યો એમ્ફીબેલસ, પકડો એને.' સરદારનો હુકમ થતાં જ સોલ્જરોએ તેને બાંધ્યો. તેને ગવર્નરની છાવણી તરફ લઇ જવામાં આવ્યો. ગવર્નર એ વખતે પૂજા કરતો હતો. સોલ્જરો આનંદપૂર્ણ હૃદયે ત્યાં ગયા.

'કેમ! એમ્ફીબેલસને પકડ્યો?' ગવર્નરે પૂછ્યું.

'જી હા.' સરદારે જવાબ આપ્યો.

'બુઢ્ઢા!' ગવર્નર એટલું જ બોલ્યો અને થોડું આગળ વધી આલ્બન પાસે આવ્યો. તેના શબ્દોમાં પૂર્ણ તિરસ્કાર હતો: 'પકડાયા છતાં છુપાવા માગે છે?' એમ કહીને તેણે તેના મોં ઉપરથી હૂડ ખેંચી લીધો. બધા ચમકી ગયા; સોલ્જરો ધ્રૂજી ઊઠ્યા.

'આ એમ્ફીબેલસ ક્યાં છે?' ગવર્નરના ડોળા લાલ થયા.

'સાહેબ . . . સાહેબ, આ તો આલ્બનનું કપટ છે. એમાં અમારો કશો દોષ નથી.' સરદાર ધ્રૂજતો હતો.

'આલ્બન! બોલ એમ્ફીબેલસ ક્યાં છે?'

'હું નહિ કહી શકું.' આલ્બને સાધારણ રીતે જ જવાબ દીધો.

'બોલ, બોલ, આલ્બન! પત્તો આપ; નહિ તો તારે ને એમ્ફીબેલસે બંનેએ મરવું પડશે.' ગવર્નરે ધમકીની હદ બતાવી. પરંતુ આલ્બનને તો આ સહજ જ હતું. 'એમ યોગ્ય લાગે તો એમ કરજો.' તેણે કહ્યું.

'તું માનતો નહિ કે તને હીધન જાણી જવા દઇશ. તેં એક ભારે શત્રુને બચાવ્યો છે.'

આલ્બન જવાબમાં થોડુંક ફિક્કું હસ્યો. ગવર્નરને વિચાર આવ્યો કે આ માણસ ધમકીથી નહિ માને. તેણે ફેરવી તોળ્યું: 'જુઓ આલ્બન! તમે હીધન છો. એક હીધન તરીકે તમારી ફરજ છે કે તમારે એમ્ફી-બેલસનો પત્તો મેળવી આપવો. અને તમે જો આ

પાપ કર્યું તેના પ્રાયશ્ચિત માટે આ દેવોની પૂજા કરવી.'

'શું . . . . શું . . . . શું?' તેણે બંને હાથે કાન દાબી દીધા. 'હું આ દેવોની પૂજા કરું—આ લોહીતરસ્યા દેવોની પૂજા? તે નહિ બને. એ દેવો કરતાં તો ભગવાન ઇસુ સારા છે, જેણે સમાનતા, પ્રેમ અને બીજાની ખાતર ભોગ આપવાનું શીખવ્યું છે; નહિ કે તમારી જેમ રંજાડવાનું.'

'આલ્બન! હવે તારું મૃત્યુ સમીપ જ છે. જાઓ સરદાર, આને લઇ જાઓ અને એનો વધ કરો.' ગવર્નરે હુકમ છોડયો.

૩

આખું ગામ આજે આલ્બન પાછળ ઊલટયું છે. આલ્બનને શેરીએ શેરીએ ફેરવવામાં આવે છે. માણસોની આંખમાંથી આંસુ ચાલ્યાં છે. ગઇ કાલનો અમીર આજે કેદી બન્યો છે. સોલ્જરો તેને પજવતા પજવતા વધસ્થાન તરફ લઇ જાય છે.

ગવર્નર પોતાની અગાસીમાં બેઠોબેઠો આ દૃશ્ય જોઇ રહ્યો છે. તેને થાય છે કે આખું ગામ કેમ આલ્બન પાછળ જાય છે? ઘડીમાં તેની આંખ સામે આલ્બનનું પ્રતિભાશાળી મોઢું તરે છે. તેની આંખમાં ગવર્નરને અત્યારે સત્ય લાગે છે. તેને પ્રશ્ન ઊભો થાય છે કે 'મેં આ ખોટું કર્યું છે?' અંતરના ઊંડાણમાંથી અવાજ આવે છે કે 'સાચે જ' તેના મનમાં મંથન ચાલે છે. ના મેં ખોટું જ કર્યું લાગે છે, નહિ તો આખું ગામ તેની પાછળ ઘેલું કેમ બને?'

ઓચિંતો તે વિચારમાળામાંથી જાગ્યો—'અરે, કોઈ છે?' તેણે જોસથી બૂમ પાડી. 'જાઓ, આલ્બનને પાછો બોલાવો.' તેનો તિરસ્કાર ગળી ગયો.

પણ આખા ગામમાં અત્યારે તે એક જ હતો. દીવાલોએ ચાળા પાડી તેનો જવાબ આપ્યો.

૪

સોલ્જરો આલ્બનને લઈ જતા હતા. માણસોની મેદની માતી નહોતી. સતી થવા જતી કોઈ સ્ત્રી પાછળ જે પૂજ્યભાવથી માણસો જાય છે તેમ સૌ આલ્બન પાછળ જતા હતા. આલ્બન બધાને પાછા વળવા ખૂબ વીનવણી કરતો હતો. પણ કોઇ માને જ શાના?

રસ્તામાં નદીનો સાંકડો પૂલ આવ્યો. માણસની ગિરદી હોવાથી આલ્બન આગળ ન ચાલી શક્યો. સોલ્જરોએ તેને ધક્કા માર્યા: 'ચાલ, જલદી કર.'

'હું કેવી રીતે આ ભીડમાંથી ચાલી શકું?'

તો તારે નદીમાંથી ચાલવું પડશે.'

'ઘણી ખુશીથી.'

બધા નીચે પાણીમાં ઊતર્યા. આલ્બન પણ પાણી પાસે આવી પહોંચ્યો. પણ આ શું? પાણીને આલ્બનનો પગ અડતાં જ સીધો માર્ગ થઇ ગયો! માણસો અજાયબ થઇ ગયા. આલ્બન ઉપરની તેઓની પૂજ્ય બુદ્ધિ વધતી જ ગઈ.

બધા વધસ્થાને આવી પહોંચ્યા. આલ્બનને ખૂબ તરસ લાગી હતી. એક માણસે તેને પાણી લાવી આપ્યું. જેવો તેણે પાણીનો પ્યાલો મોઢે અડકાડયો તેવી જ એક સોલ્જરની નજર તેના ઉપર ગઇ. તેણે પ્યાલો છિનવી લઇ ફગાવી દીધો: 'એક તો નદીનું પાણી સુકાવી દીધું અને વળી પાણી પીવું છે?' આલ્બનના મોઢા ઉપરની એક પણ રેખા બદલાઇ નહિ. જે જગ્યાએ પાણી ઢોળાયું હતું ત્યાં થઇને એક ઝરણું વહેવા લાગ્યું. આલ્બને ધરાઇને પાણી પીધું.

'કતલ કરો!' સરદારનો હુકમ છૂટયો. મારો નિશ્ચલ ઊભો હતો. 'જલદી કર, તલવાર ચલાવ.' ફરી વાર તેણે મારા સામે જોઇ હુકમ કર્યો.

મારાએ તલવાર ફેંકી દીધી:'મારાથી એ નહિ બને.'

જ્યારથી નદીના બે ભાગ થઇ ગયા હતા ત્યારથી મારાના મનમાં મંથન ચાલતું હતું. ઘડીએઘડીએ તે આલ્બનના મોં સામે જોતો હતો. જિંદગીમાં પહેલી જ વાર આજે સત્યનું પારખું તેણે જોયું. નદીના પાણીના બે ભાગ થયા ત્યારે તે જાદુગર છે એમ માની તેણે મન મનાવી લીધું હતું. પરંતુ ઝરણું ફૂટયું ત્યારથી તેના હૃદયનો પલટો થઇ ગયો.

'નહિ કેમ બને?' સરદારની આંખમાંથી તણખા ઝર્યા. પોતાની તલવાર કાઢી તેણે મારાનું માથું જમીન પર ગબડાવ્યું. પછી એ જ તલવારે આલ્બનનો ભોગ લીધો. માણસો કમકમી ઊઠ્યાં. મારાનો અપવિત્ર દેહ આલ્બનના સંગથી પવિત્ર બન્યો.

ૐ

કહે છે કે હમેશાં રાત્રે 'સંત આલ્બન . . . . સંત આલ્બન . . . .' એમ પુકારતો એમ્પીબેલસ તે જગ્યાએ ફૂલ ચડાવી જાય છે.'

[અંગ્રેજી ઉપરથી]

કૃષ્ણલાલ શ્રીધરાણી

પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

——અનુસંધાન પૃ. ૪૪૯થી ચાલુ——

સંસ્થાઓની સ્થાપના થઇ. પોતાનાં પત્ની કાશીગૌરીને પણ ભણાવી સંસ્કારી કર્યાં હતાં ને પોતે સ્ત્રીજીવનના ઉત્કર્ષની રસિક ચર્ચા તેમની જોડે બેસી કરતા.

વ્યક્તિરૂપે જીવન

તેમનો દેખાવ ખાસ ધ્યાન ખેંચે તેવો નહોતો, એટલે સામાન્ય રીતે તેમની કીર્તિ સાંભળી મળવા આવનાર પ્રથમ દર્શને તેમને ઓળખી પણ શકતું નહિ. મુખમુદ્રા સ્નેહાળ, પ્રૌઢ ને ગંભીર હતી. પહેરવેશ સાદો તથા એ સમયના ઊંચી કેળવણી પામેલા ગુજરાતી પ્રોફેસરોના જેવો હતો. કોટ પાટલૂન પહેરતા તથા માથે દક્ષિણી પાઘડી મૂકતા. તેમની લાંબી ભરાવદાર મૂછો તેમની પ્રતિભા તથા વ્યક્તિત્વમાં વધારો કરતી.

કેટલાક માણસો એવા હોય છે કે જેઓ જ્ઞાનના સર્વ પ્રદેશોમાં પ્રવેશી તેનું વિશાળ વિહંગાવલોકન કરે. અનેક વિષયોનો અભ્યાસ કરી પોતાને અગત્યની લાગતી વાતો પકડી લઇ બાકીનું ફેંકી દે; જ્યારે અન્ય વર્ગના લોક એવા હોય છે કે જેઓ જ્ઞાનના એકાદ પ્રદેશમાં ઊતરી પડી તેમાં નિષ્ણાત બની ઝીણવટથી તે એક જ વિષય સર્વાંગે તપાસે ને તેમાં અદ્ભુત પ્રવીણતા મેળવે. પ્રો. ગજ્જરની પહેલા વર્ગનાં માણસોમાં ગણતરી થઇ શકે. કોઈ પણ વિષય વાંચી તેનું મનન કરી તત્ત્વ ગ્રહણ કરવાની તેનામાં શક્તિ હતી. બુદ્ધિ બહુ ચંચળ હતી ને કલ્પના વિશાળ હતી તેથી જ એક જ વિષયને પકડી રાખી તેમાં ઊંડા ઊતરી તેને ઝીણવટથી જોઇ અદ્ભુત પ્રવીણતા તેમણે પ્રાપ્ત કરી નથી; તેથી જ જગતના મહાન વૈજ્ઞાનિક નરોની નામાવલિમાં તેઓ પોતાનું નામ ઉમેરાવી શક્યા નથી.

બુદ્ધિ અને નીતિ મનુષ્યજીવનનાં સૂક્ષ્મ અંગ છે. બુદ્ધિમાન માણસ નીતિભ્રષ્ટ થાય ત્યારે સામાન્ય માણસ કરતાં અતિ ભયંકર નીવડે છે. એટલે નીતિ તથા બુદ્ધિનું સમતોલન સાચવી જે જીવન ગાળ્યું હોય તે જ અનુકરણીય છે. પ્રો. ગજ્જરનું જીવન પવિત્ર, ઉદાર ને નિષ્કલંક હતું. સ્વભાવ સ્નેહાળ ને લાગણીપ્રધાન હતો, અને એ સ્નેહાળ સ્વભાવને લીધે મિત્રમંડળ વિશાળ હતું. સૌ પ્રત્યે પ્રો. ગજ્જર હૃદયના ભાવથી સાચો સ્નેહ દર્શાવતા. ઉત્તરાવસ્થામાં તેમના પ્રિય મિત્ર સ્વ. સાક્ષરશ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠી હતા. જ્યારે પ્રો. ગજ્જર અનેક આધિવ્યાધિથી પીડાતા હતા ત્યારે યોગ્ય સલાહ સારુ તેમણે ગોવર્ધનરામને તેમના નડિયાદના નિવૃત્તિનિવાસમાંથી બોલાવ્યા અને તેઓ સહકુટુંબ પ્રો. ગજ્જરના નેપીયન સી રોડના બંગલામાં સાથે રહ્યા હતા. તે વેળાનો એક રમૂજી પ્રસંગ ગોવર્ધનરામભાઇ કહેતા. 'પ્રો. ગજ્જરનો વ્યાધિ ઘણા ડાક્ટરોની દવા કર્યાં છતાં મટતો નહોતો. મને હોમીઓપથીમાં શ્રદ્ધા હતી ને કંઇક અનુભવ પણ હતો. પ્રો. ગજ્જરને તે પદ્ધતિમાં વિશ્વાસ જ નહોતો. તેથી અમારે એ વિષય ઉપર ખૂબ ચર્ચા થતી. છેવટે અખતરો કરી જોવાનું નક્કી થયું. હોમીઓપથીની દવા શરૂ કરી અને ચમત્કારિક રીતે, એનાથી કે ગમે તે કારણથી, તેમની તબિયતમાં સુધારો થયો. તેથી એ પદ્ધતિ વિષે હવે શો મત છે એમ મેં પૂછ્યું. તેમણે ઉત્તર દીધો, એમાં તમારી દવાએ શું કર્યું? મારું દર્દ તો તમારા આવવાથી ગયું. તમારા સહવાસથી ખૂબ આનંદ થાય છે ને મન શાંત થાય છે. તેમાં હોમીઓપથી શું કરવાની હતી? એમ હોમીઓપથીમાં શ્રદ્ધા તો ન જ આવી.' આમ રમૂજમાં બંને મિત્રો વખત ગાળતા. શ્રી ત્રિપાઠીએ તેમને ત્યાં કુટુંબકલહથી સૌનાં મન ઊંચાં થયાં હતાં તેમાં કંઇક અમૃત છાંટ્યું ને સૌને આશ્વાસન આપ્યું. આ ઉપકાર પ્રો. ગજ્જર કદી ન ભૂલ્યા. ગોવર્ધનરામભાઇ જ્યારે છેલ્લા મંદવાડમાં પટકાયા ત્યારે પ્રો. ગજ્જરે તેમને મુંબાઇ બોલાવી પોતાના બંગલામાં રાખી, સગા ભાઇ કરતાં વિશેષ સેવાચાકરી કરી હતી. તે પછી તેઓ ૧૯૦૭માં ગુજરી ગયા અને પ્રો. ગજ્જરનું પ્રેમ, વિશ્વાસ ને સલાહનું સ્થાન ગયું. સર મનુભાઇ નંદશંકર મહેતા પણ તેમના મિત્ર. તેઓ કહે છે કે 'હું નાનો હતો ત્યારથી જ પ્રો. ગજ્જરના સહવાસમાં આવેલો. મુંબાઇ કૉલેજમાં હું ભણતો ત્યારે તેઓ કૉલેજમાં ફીઝિક્સ–ભૌતિકશાસ્ત્રનાં વ્યાખ્યાન અમને આપતા. તે વેળા અમારા એ 'પ્રો ગીલાભાઇ' તથા સર સેતલવાડ વગેરે સાથે રહેવાનો મને પરિચય થયો હતો તેથી તેમના ઉચ્ચ ગુણો અને શાંતિની ઊંચી છાપ મારા ઉપર પડેલી. હિંદના દૂરના ભાગોમાં પણ ઘણે સ્થળે 'કળાભવન પ્રો. ગજ્જરનું' એમ બોલાતું મેં સાંભળ્યું છે.' અખાડાવીર પ્રો. માણેકરાવ પણ પ્રો. ગજ્જરનાં ગુણગાન કરતાં કહે છે કે 'એક વાર

કૈલાસવાસી ખંડેરાવ મહારાજના વખતની મારી પાસે રહેલી માટી કાયમ જાળવી રાખવાનો મેં ઉપાય પૂછ્યો તો તેમણે ચૂના તથા તેલનો એવો સાદો ને સસ્તો ઇલાજ બતાવ્યો કે એ ઐતિહાસિક ચીજ જેવી ને તેવી આબાદ આજ લગી જળવાઇ રહી છે.'

જીવનનો મુદ્રાલેખ

એમના જીવનનો મુદ્રાલેખ જ એ હતો કે 'અન્યને સારૂ જીવન સમર્પણ કરો.' અને તેમનું આખું જીવન તેમણે અન્યને માટે જ ગાળ્યું છે. એમના મિત્રોને ખાતર, ખાનગી ને જાહેર સેવાઓમાં, પ્રયોગશાળા ને પુસ્તકાલય પાછળ, ઍલેમ્બિક વર્કસને અર્થે, એમના શિષ્યોને સારૂ, સાહિત્ય સેવાને ખાતર એમણે એમની બાદશાહી કમાણી વાપરી. પોતે જીવન શરૂ કર્યું ત્યારે 'Problem of my life'–(મારા જીવનનો કોયડો) એ નામની એક પત્રિકા લખેલી, તેમાં ઉપરનો મુદ્રાલેખ આપી કહ્યું છે કે મારી જરૂરિયાતો 'મારી વિશાળ સહાનુભૂતિને લીધે ખૂબ વધી છે. સહાનુભૂતિની લાગણીથી હું જીવન ટકાવી શકું છું. હું હમેશ અશાંત થઇ જાઉં છું અને ઉચ્ચ પ્રકારના કોઇ કામની શોધમાં ફરૂં છું. અન્યને સુખી કરવામાં જ હું અભિમાન લઉં છું.' પ્રો. ગજ્જર કેટલા ઉચ્ચ પ્રકારના પુરુષ હતા અને પોતાની બુદ્ધિ, શક્તિ અને સમૃદ્ધિ બીજાને સુખી કરવામાં વાપરવા હમેશ કેટલા ઉત્સુક રહેતા એ વાત ઉપરનાં વાક્યોથી સ્પષ્ટ થાય છે. એમનું જીવન આપણને સૌને પ્રેરણાદાયી બનો.

રેવાશંકર ઓ. સોમપુરા

એકતા

[પૃથ્વી]

વિશુદ્ધ શુભ પ્રેમથી અવરનાં દિલોને ચહે,
ન સ્વાર્થ, નહિ લોભ કે નવ અસત્ય કયાં યે હશે,
બજાવી નિજ ધર્મને, હૃદય માંહિ સંતોષ છે,
હશે બધું ય એક ત્યાં હૃદયગાન તારાં થશે.

જડીશ મુજ અંતરે, હૃદય તારૂં મારૂં બનો,
ભમીશ ભવઅબ્ધિમાં સકલ મારૂં તારૂં બનો:
ન ભેદ, નહિ દ્વિયતા ઇતર કોઇ ત્યાં યે હશે,
હશે બધું ય એ જ ત્યાં હૃદયગાન મીઠાં થશે.

મુકુન્દ વિ. વિજય પારાશર્ય

ગીત-સુધા

આજથી ચારેક વર્ષ પર મારા મિત્ર રવિશંકર રાવળ સાથે હું ઉદયપુરથી એકલિંગજી ગયો હતો. આખો રસ્તો રળિયામણા પહાડોમાંથી જતો હતો. બધે લીલી હરિયાળી ઘાસની જાજમ છવાઈ હતી. મધુર પવન વાતો હતો. ઢોર ચારનારાં ગોપ-ગોપી જાણે રસમસ્ત બન્યાં હતાં. એવામાં એક ગોવાળે વાંસલડી છેડી ને એમાં રાધા જેવી એની સખી તલ્લીન થઇ ગઇ. પહાડોની ટેકરીએટેકરીએ ને ખાણેખીણે એ વાંસળીનું ઉન્મત્ત ગીત તે દિવસે અમારી સાથે સાંભળ્યું હતું.

આવું ગીત—કનૈયાની એવી કોઇ બંસી—સાંભળવા ગોકુળ, મથુરા, વૃંદાવન બધે હું ફર્યો હતો, પરંતુ ત્યાં તો એ કંઇ મળેલું નહિ. તે પછી આખરે તાજમહાલના એક મિનારા પરથી જ્યારે સૃષ્ટિસૌંદર્યમાં શોભતી યમુના નદી જોઇ ત્યારે એક સ્વપ્નસૃષ્ટિમાં 'યમુના પર બજ રહી બાંસરિયાં' સાંભળવા મળી હતી. હજી યે એવી કોઇ ધન્ય ક્ષણે સૃષ્ટિસૌંદર્યના માત્ર કોઇ અદ્ભુત યોગમાં એ અમર કનૈયાની જાદુઈ વાંસળી સંભળાય છે!

卐

લગભગ ત્રીસ વર્ષની વાત છે. મિયાં તાજુદ્દીન મૂળ અમદાવાદના રહીશ છે. હાલમાં એ ઘણું કરીને કરાંચી રહે છે. એલિસ બ્રિજ પર બેસીને એમણે કેટલી યે એકાંત રાત્રિમાં એની મીઠી વાંસળી સંભળાવીને અમને ગાંડા બનાવી મૂક્યા હતા. આખી નદી, દૂર દૂરના કિનારા અને સાબરમતીનો વિશાળ રેતીથી છવાએલો પટ, હજી પણ કોઇ વાર ચાંદનીમાં એ વાંસળીના સૂરની જાણે પ્રશંસા કરી ઊઠે છે.

卐

ત્રણ વાર હું પ્રયાગરાજ ગયો છું. ગંગાયમુનાના સંગમનું એ સ્થળ બહુ રમણીય છે. સવારને સમયે હોડીઓમાં બેસીબેસીને યમુનાને માર્ગે યાત્રીઓ હારબંધ આવે છે. દક્ષિણીઓમાં 'વેણીબંધન' કે એવા જ કોઇ નામની ખાસ ક્રિયા અત્રે થાય છે. ગમે તે ઉમરનાં વરવહુ ત્યાં છેડા બાંધીને આ ક્રિયા માટે

લામાં તો એ હદ કરતો!

ૐ

ત્રણેક વર્ષ પર ચોપાટી ઉપર હું ફરતો હતો. દરિયો ઊછળી રહ્યો હતો અને અલૌકિક રંગોથી દેદિપ્યમાન બન્યો હતો. એક દક્ષિણી બાઇ એક ખૂણે બેઠીબેઠી હારમોનિયમની પેટી સાથે ગાતી હતી કે:

'ધીરે, ધીરે, યમુનાને તીરે. . . .'

ત્યાં તો જાણે આનંદસમાધિ લાગી ગઇ અને રંગીન આકાશમાર્ગેથી, ઊછળતા સાગરની લહરીઓ ઉપરથી, સંસારરૂપી યમુનાને તીરે ફરતો સુંદર બાલમુકુંદ, ધીરે ધીરે આવ્યો ને મારા હૃદયમંદિરમાં પેસી ગયો.

ૐ

પંડિત વિષ્ણુશાસ્ત્રી દિગંબરનાં તો સેંકડો ગીતો મેં સાંભળ્યાં છે અને જીવનને પવિત્ર કર્યું છે. જ્યારે એ તુલસી કૃત રામાયણની કથા કરે છે ત્યારે તો નારદ કે હરિદાસનું જ સ્મરણ થાય છે. એમણે મહાસભાના મંડપોને રામનામથી ભરી દીધા છે. રાષ્ટ્રીય પ્રવૃત્તિને ધાર્મિક બનાવવામાં મહાત્માજીએ એમનો પુષ્કળ લાભ લીધો છે.

ૐ

મુરાદખાનનો સિતાર, ફૈયાઝખાનના આલાપ, પ્યારાસાહેબનો કંઠ, અલ્લાબંદાખાને સિતાર સાથે કરેલી શારદાની સ્તુતિ અને ઓંકારનાથની 'સરફરોશી કી તમન્ના' એ મારા જીવનમાં અમર સંભારણાં છે.

શ્રી દિલીપકુમાર રૉયે મીરાંબાઇનું 'ચાકર રાખો જી' એ ગીત સૂરોના આરોહઅવરોહ કરીને ભાવપૂર્ણ હૃદયે ગાયું ત્યારે તો સંગીત પરિષદ ભર્યાનું લોકદૃષ્ટિએ સાર્થક થયું લાગ્યું હતું.

ૐ

નીલગિરિના ઉતાકામંડમાં ચાર વર્ષ પર મેં શ્રી હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયને એમનાં સ્વદેશપ્રેમી પત્ની શ્રી કમળાદેવી સાથે જોયા. એમના 'પરદેશ જઇ આવેલો' નાટકમાંના એ બંનેનો ઉત્તમ અભિનય અત્યારે હું નથી વર્ણવતો. મારે તો એ બંનેએ મળીને ત્યાં એક જલસામાં 'આઇ સાંજકી વેલા' નામનું એક અભ્યાગતનું ગીત ગાયું હતું તેની વાત કહેવી છે. રંગભૂમિ પર માત્ર સાદા કાગળ વડે જ એમણે એક સાદું ભાંગ્યુંતૂટ્યુ મંદિર બનાવ્યું હતું; પણ આબેહૂબ. કોઇ ભાગોળનો એ દેખાવ લાગતો હતો. પોતે અભ્યાગત બન્યા હતા; કમલાદેવી અભ્યાગતની સ્ત્રી બનેલાં ને એમનો ચાર વર્ષનો છોકરો પણ એમાં હતો. હિંદની સંસ્કૃતિ દર્શાવતી એ ભાગોળે આ અભ્યાગતો ગાતાં હતાં. ગીતમાં સાંજનું વર્ણન હતું. ખરી સાંજે કોલાહલ, મેળો, રંગરાગ બધું પૂરું થાય છે, તેમ જીવનની સાંજે પણ બધું ખતમ થવાનું છે એવો એમાં ધ્વનિ હતો. પાંચસાત મિનિટમાં એ ધ્વનિ મૂકીને પેલાં પતિપત્ની તો વિદાય થયાં, પણ એમની કલા તે દિવસથી મારી પાસે મૂકીને ગયાં છે.

ૐ

શ્રી શંકરરાવ પાઠકની ફીડલે ઘણીવાર મારી પાંસળીઓ કોરી નાખી છે. શ્રી નારાયણરાવ અને શંકરરાવ એ બે વ્યાસ ભાઇઓએ હિમાલયમાં અમને પોતાના સંગીતથી સાક્ષાત્ ઉમા ને મહેશ્વરનાં દર્શન કરાવ્યાં છે! ઉમા એટલે કુદરતમાં રહેલું સૌંદર્ય અને મહેશ્વર એટલે ભવ્ય, સર્વવ્યાપી અનંતતા. આંખો જ્યારે ત્યાંનાં અદ્‌ભુત સૌંદર્ય જોતી ત્યારે વ્યાસ ભાઇઓ એ સચ્ચિદાનંદનાં સ્તુતિગાનો નાના પ્રકારે કરીને તેનો આંતરિક સાક્ષાત્કાર કરાવતા. ઊંચાં શિખરો પરથી, કુંજવનો ને લતામંડપોની વચ્ચે, દેવદારુ વૃક્ષોની ઘેરઘટામાં, ખીણોના વાંકાચૂંકા માર્ગો પર, બરફનાં રૂપેરી શિખરો જ્યારે સંધ્યાના રંગોથી સ્વર્ગીય શોભા ધારણ કરતાં હતાં તે વખતે, ઝરણો અને ધોધની સમક્ષ એમણે ગીતામૃતનો અમને સ્વાદ ચખાડ્યો છે.

નૈનીતાલ એ સમુદ્રની સપાટીથી ૭૦૦ ફીટ ઊંચે, હિમાલયની ગિરિમાળામાં વિરાજતું નીલમ જેવું લીલું ને સ્ફટિક જેવું સ્વચ્છ સરોવર છે. એમાં પૂર્ણિમાની રાત્રિઓએ હોડીઓમાં બેસી ફ્લો વેરતાં વેરતાં અમે કલાકોના કલાકો કાઢી નાખ્યા છે. તે વખતે વ્યાસભાઇઓએ સિતાર કે દિલરૂબા સાથે પ્રભુની લીલાનાં ઉત્કૃષ્ટ ગાનો ગાઇ અમને પૃથ્વી ઉપર સ્વર્ગનો અનુભવ કરાવ્યો છે!

ૐ

સત્યાગ્રહઆશ્રમમાં રોજ સાંજે થતી પ્રાર્થના તો જીવનને ઉજ્જ્વળનારી છે. પરમહંસ રામકૃષ્ણે 'લોટો હમેશાં માંજતા રહેવાની' શિખામણ આપી છે. આપણો આ દેહરૂપી લોટો પણ વારંવાર કાળો પડી જાય છે. તે માટે તો શ્રી ખરેની ભજનાવલિનાં ગીતો આશ્રમમાં જઇને હું ઘણીવાર એમને મોઢે સાંભળી આવ્યો છું. વર્તમાનકાળના દધિચીઋષિના એ ઓવારા દેશને જે

નવજીવન આપી રહ્યા છે એમાં આશ્રમની પ્રાર્થનાઓનો પણ હિસ્સો કંઈ જેવોતેવો નથી.

※

પછી તો ભગવાન બુદ્ધ કરતાં પણ અદ્ભુત એવું મહાત્માજીનું મહાભિનિષ્ક્રમણ થયું. તે જોઈને મેં આ નેત્રોને સફળ કર્યાં છે. એ પ્રસંગે મહાત્માજીને અને એમના ૭૯ સૈનિકોને સંગીતશાસ્ત્રી ખરેએ એકતારા સાથે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે' એ ગીત ગવડાવ્યું હતું. એ સાંભળીને પણ મારા કાન સફળ થયા છે. અને ત્યાર બાદ એક મહિના પછી મીઠાનો કાયદો તોડવાનો વખત આવ્યો ત્યારે

'સર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે.'

એ ગીતે પ્રેરણા આપી છે.

પછી તો સાબરમતી જેલમાં છ મહિના કાઢ્યા. પરંતુ ત્યાં યે સંગીત તો મળ્યું જ: ચક્રવાક, કોયલ, પોપટ અને બુલબુલોનાં નિસર્ગગીત ત્યાં ખૂબ સાંભળ્યાં છે!

આમ આખા જીવનમાં ગંગાજીના જેવી, ગીતગંગાની પાવનકારી આનંદ લહરીઓએ, મને સ્નાન કરાવ્યાં છે.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

· બા ળ વિ ભા ગ ·

વાદળી



ધુમાડાના ગોટા જેવી,
સંપીલી બે બહેન જેવી,
આકાશે આનંદે ભમતી,
બે વાદળીઓ રમતી ગમતી,

એક દિવસ તકરાર થઈ, ને
ક્રોધ ચડ્યો બંનેને અતિ;
એકબીજીને પ્રહાર કરવા
સામાસામી અથડાતી!

સંપ તણો જ્યાં ભંગ થયો ત્યાં
જંપ જવાનો તેજ ઘડી,
વાદળીઓ પણ સંપ છોડતાં
પાણી થઈને નીચે પડી.

વ્રજલાલ શાહ

દુ:ખ પડ્યે ઓય માડી!

એક વખત અકબર બાદશાહે બીરબલને પૂછ્યું, 'બીરબલ! માણસને દુ:ખ પડે ત્યારે શું સાંભરે?' બીરબલે કહ્યું: 'જહાંપનાહ! દુ:ખ પડે ત્યારે મા સાંભરે. કારણકે દુ:ખને વખતે માના શબ્દ બહુ દિલાસો દેનાર થઈ પડે છે. મા સિવાય આ જગતમાં જીભને ટેરવે એક પણ શબ્દનો વાસ નથી. વખત આવ્યે હું એ બાબતની ખાતરી આપ નામદારને કરાવીશ.'

ઉપરની વાતને ઘણા દિવસ વહી ગયા. એક વખત કચેરી બરાબર જમાવીને અકબર બાદશાહ હાસ્ય અને વિનોદની ચર્ચા કરી રહ્યા હતા. બીરબલ, ટોડરમલ, અબુલફજલ, ફૈઝી વગેરે મહાન નરરત્નો પોતાની બુદ્ધિની ચમક બતાવી રહ્યા હતા. એટલામાં એક ભિખારી જેવો માણસ આવી કુર્નિશ કરી ઊભો રહ્યો અને બાદશાહને કહેવા લાગ્યો, 'નામદાર, હું અનેક ભાષાઓ જાણું છું; પણ મારો જન્મ કઈ ભાષામાં છે—એટલેકે મારી માતૃભાષા કઈ છે એ ઓળખી આપો અને નહિ તો સવાલાખ રૂપિયા આપો એટલે ચાલતો થાઉં.'

એમ બોલી એ માણસ જુદીજુદી ભાષામાં વાતચીત કરવા લાગ્યો. ગમે તે ભાષા જાણનાર માણસને એમ જ લાગે કે તેની માતૃભાષા એ જ છે. સંસ્કૃત જાણતા શાસ્ત્રીઓ સાથે સંસ્કૃતમાં અને ફારસી જાણનાર ઉલેમાઓ સાથે ફારસીમાં તે વાત કરતો. આ માણસ કઈ રીતે હારે એ જ વાત હવે તો અકબર

બાદશાહના દિલમાં ખટકવા લાગી, અને તેણે પેલા ભાષાશાસ્ત્રીને માનપાન આપી સારો ઉતારો આપ્યો તથા પોતાના બધા અમીરઉમરાવને બોલાવી હુકમ કર્યો કે 'તમે ઘણી વખત તમારી બુદ્ધિની કસોટી મને બતાવી છે તો આ માણસની માતૃભાષા ઓળખી કાઢો. મેં તેને ત્રણ માસની મુદત આપી છે; તેટલી મુદતમાં તમારે આ કામ કરવાનું છે.

બધા વિદ્વાનો ઘણાં અનુમાનો તથા પરીક્ષા ખાતર પેલા ભાષાશાસ્ત્રીને અનેક સવાલો જુદીજુદી ભાષાના માણસો પાસે પૂછાવવા લાગ્યા, પણ જરા યે આંચકા વગર તેના તરફથી તે તે ભાષામાં બરોબર જવાબ મળતો અને તે જાણી સૌ વધારે ને વધારે મૂંઝવણમાં પડતા. માત્ર મહાચતુર બીરબલે એક ઉપાય શોધી પોતાના મનમાં રાખ્યો હતો. તે ફક્ત ખરી ટાઢ જામવાની વાટ જોતો હતો. તેણે અકબર બાદશાહને કહ્યું, 'નામવર! મેં એ માણસની માતૃભાષા ખોળી કાઢી છે અને તેની આપને બરાબર ખાતરી થાય તે માટે તેનો ઉપાય પણ શોધી કાઢ્યો છે. પરંતુ પંદરેક દિવસ પછી આપને તે કરી બતાવીશ.

પોષ મહિનાની ટાઢે બરાબર સખત રૂપ પકડ્યું એટલે બીરબલે કુંભારને ત્યાંથી ખૂબ ઠંડું પાણી જામે એવું એક સરસ માટલું મંગાવ્યું. અને પાદશાહને કહ્યું, કે 'જહાંપનાહ! આજ હું પેલા ભાષાશાસ્ત્રીની ખરી ભાષા શોધી આપીશ. પણ આપે જરા તકલિફ લઇ હું કહું તેમ કરવું પડશે. આજ રાત્રે આપ અને એ ભાષાશાસ્ત્રી હું બતાવું તે સ્થળે સૂજો.' બાદશાહે બીરબલના કહેવા મુજબ વર્તવાનું કબૂલ કર્યું અને તેઓને એક ખુલ્લી અગાસીમાં સૂવાનું ઠર્યું. પોષ મહિનાની કડકડતી ટાઢમાં બાદશાહ અને ભાષાશાસ્ત્રી ખૂબ ઓઢણ ઓઢીને ત્યાં સૂતા. બીરબલે બાદશાહને આગળથી કહી રાખ્યું હતું કે હું સવારે પાંચ વાગ્યે આવીશ અને પછી તે શું બોલે છે તે બરાબર લક્ષમાં રાખજો.

ભર શિયાળાનો પાછલો પહોર જામ્યો અને પરોઢનો હીમભરેલો પવન સૂસવવા લાગ્યો. બીરબલે પેલું પાણીનું માટલું આગળથી જ અગાસીમાં ખુલ્લા પવનમાં પાણી ભરીને મૂકયું હતું. તે એવું ઠંડુ થઇ ગયું હતું કે તેમાંથી જો એક છાંટો શરીર ઉપર પડે તો કાળી બળતરા ઊઠે.

બરોબર સવારના પાંચનો શુમાર થયો અને બીરબલ ધીમેથી આવ્યો. આગળ કરી રાખેલા સંકેત પ્રમાણે એક માણસે, જેવો બીરબલ પાણીનું માટલું લઇને આવે કે તરત પેલા ભાષાશાસ્ત્રીનું ઓઢણ ખેંચી લેવાનું હતું. એટલે તે સજ્જ થઇને ઊભો હતો. બીરબલે બાદશાહને ધીમેથી જગાડી કાનમાં કહી દીધું કે આપે તો ઊંઘમાં હોવાનો ડોળ કરીને પડી રહેવું. માત્ર એ માણસ ઊઠીને તરત તેના મોઢામાંથી શું ઉચ્ચારે છે તે સાંભળી લેજો. અમે તો તરત જ નાસી જઈશું.

પછી પેલા માણસે જેવું ઓઢણ ખેંચી લીધું કે તરત જ બીરબલે માટલામાંનું ટાઢુંબોળ પાણી પેલા ભાષાશાસ્ત્રી ઉપર ઢોળ્યું. કોઇ બરછીનો કારી ઘા વાગ્યો હોય અને માણસ રાડચ પાડે તેવી 'ઓય માડી!' એવી ચીસ નાખી પેલો ભાષાશાસ્ત્રી જાગી ઊઠ્યો અને એ માણસોને નાસતા જોયા. બાદશાહ પણ તે ચીસ સાંભળી ઊઠવાનો ડોળ કરી શું બન્યું તે પૂછ્યું અને તરત જ કોરાં લૂગડાં અને સગડી મગાવી ભાષાશાસ્ત્રીની ટાઢ ઉડાડી મૂકી.

સવારે કચેરી ભરાઈ એટલે બાદશાહે બીરબલને સવારની ઘટનાની વાત કહી. બીરબલે અજાણ્યુ થઇને કહ્યું, 'નામવર એ તો કોઇ હરામખોરે આ ટાઢમાં ભાષાશાસ્ત્રીની મશ્કરી કરવાનું કારસ્તાન રચ્યું હશે. પણ બીજી ઇજા તો થઇ નથી ને?'

'ના. માત્ર ઠંડું પાણી નાખી તે ચાલ્યો ગયો!'

'વારૂ ત્યારે તે વખતે શાસ્ત્રીજીએ શો અવાજ કર્યો હતો?'

'ઓય માડી!' એટલું કહી પછી તરત તે ઉર્દૂ ભાષામાં બીજી વાતો કરવા લાગ્યા હતા.'

'બીરબલે નમન કરી અદબથી કહ્યું 'તો જહાંપનાહ! આ માણસની માતૃભાષા ગુજરાતી છે. કારણકે ખરા દુઃખમાં માણસને માવડી જ સાંભરે. બીજું બધું એ વખતે ભૂલાઇ જવાય છે ને માતાના નામનો અંતરનો સાચો ઉદ્‌ગાર નીકળી જાય છે.'

ભાષાશાસ્ત્રીએ જાણ્યું કે જરૂર આજ સવારનું બધું કારસ્તાન બીરબલનું જ. એ ચતુર પુરુષે આમ કરીને મારી માતૃભાષા જાણી લીધી. તે પણ આ યુક્તિથી ખુશ થઇને અને બીરબલને ધન્યવાદ આપીને ચાલતો થયો.

આણુભાઈ મ. મહેતા

અવાજની અસર

આપણું આયુષ્ય ઓછું કરે એટલી જબરી થાય છે તે જાણો છો?

અવાજ આપણને નુકસાન કરે છે એમ કોઇને કહેશો તો પહેલાં તો તે તેને હસી કાઢશે. પણ સચોટ દાખલા દલીલો અને પ્રમાણો આપ્યા પછી તે તેના મગજમાં ઉતારી શકાય તેમ છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે અવાજથી આપણને નુકસાન થાય છે એમ આપણે જાણી શકતા નથી. અને છતાં યે અખતરાઓ સાબિત કરી આપે છે કે અવાજની અસર આપણા શરીર ઉપર થાય છે જ; અને ઘણાકને તો તેથી પારાવાર નુકસાન થાય છે. આ બાબતમાં આપણી સ્થિતિ પ્રયોગશાળાના દેડકા જેવી બની છે. જીવતા જાગતા દેડકાને ખળખળતા ઊના પાણીમાં ઉકાળી શકાય છે અને છતાં યે તેને ખાસ અસર થતી હોય એમ જોઇ શકાતું નથી. આમ કેમ બને છે? દેડકાને રોજ ઠંડા પાણીમાંથી ધીમેધીમે ઊના અને પછી ઊકળતા પાણીમાં રહેવાની ટેવ પાડો એટલે પત્યું. આનું નામ જ જ્ઞાનતંતુની બહેરાશ. આ જ રીતે આપણા જ્ઞાનતંતુઓ ચાલુ પરિસ્થિતિમાં એવા બની જાય છે કે અવાજ આપણને નુકસાન કરતો હોય છે. છતાં તેની ખબર પડતી નથી. અને આમ અજાણતાં થતા નુકસાનને આપણે જોઈ શકતા નથી.

જ્યારે હાલનો સુધારો દુનિયામાં નહોતો, ત્યારે ઘણી વખત અવાજ એ જ ભય ગણાતો. અવાજ સાંભળીને લોકો બીતા. અને આજે પણ શું છે? આપણે બેઠા હોઇએ અને એકાએક અવાજ થાય છે તો આપણાં જ્ઞાનતંતુઓ કંપી નથી ઊઠતાં? એ બનાવી આપે છે કે અવાજથી આપણને નુકસાન થાય છે. એકાએક મોટા અવાજથી આપણા શ્વાસોચ્છ્વાસ અને હૃદયના ધબકારામાં પણ ફેર પડે છે અને સ્નાયુઓ સંકોચાય છે, એમ ઘણાઓએ જાતિઅખતરા ઉપરથી અનુભવ્યું હશે. એવી જ રીતે શહેરના સામાન્ય ગણાતા અવાજનું સમજવું. દાખલા તરીકે ઘોંઘાટવાળી કચેરીમાં કામ કરતા કારકુનની શારીરિક શક્તિ જેટલી શાંત વાતાવરણમાં વપરાય તેના કરતાં ૨૦ ટકા વધારે વપરાય છે. આમ સામાન્ય જણાતા ઑફિસના અવાજના પ્રત્યાઘાત માટે આપણને ઉપરની ફી ભરવી પડે છે તો શોરબકોરથી ઊભરાતાં કારખાનાં અને શેરબજારોનું શું?

ઊંઘ ઉપર પણ અવાજની અસર જાણવા જેવી છે. પ્રયોગશાળામાં અખતરાઓ કરી સાબિત કર્યું છે કે પસાર થતી મોટરના સામાન્ય અવાજથી ઊંઘનાર ભલે જાગતો નથી, છતાં તેની લોહી ફરવાની ક્રિયામાં વિક્ષેપ પડી તેમાં વધારો થાય છે. બીજો એક અખતરો એવો કર્યો કે ઊંઘનારની પથારી પાસે થઇને બહુ જ ધીમા પગલાથી એક બીજો માણસ પસાર થયો. આ નહિ જેવા અવાજથી ઊંઘનાર જાગ્યો નહિ. પણ તેના સ્નાયુઓ જાગવાની અણી સુધી ખેંચાયા. સવારમાં તેને આ બાબત પૂછતાં તેને તો કશી ખબર પડી નહોતી. અવાજની અસર શરીર પર થયા પછી તે લગભગ અરધો કલાક સુધી ચાલે છે. આ ઉપરથી નાનાં બાળકો માટે ઘરનો શોરબકોર કેટલું નુકસાન કરતો હશે એ સહેજે સમજી શકાય. નવા જમાનાનાં ગ્રામોફોન કે રેડીઓથી માંડીને મોટેથી વાતચીત કે ખડખડાટ હસવું એ બધાને અવાજમાં સમાવી શકાય. એક આંગળી સરખી પણ ભાગ્યે જાય એવા નાના કાણામાંથી પણ ઘણો અવાજ દાખલ થઈ શકે છે એ જાણી આપણને આશ્ચર્ય થશે.

તો હવે આ અવાજની અસરથી બચવા માટે શું થઈ શકે તે જોઇએ. ઘણોખરો નુકસાનકર્તા અવાજ ઘર બહારથી આવે છે. તેને બહાર રાખવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ બાંધણી કરવા જતાં તો ઘણું મોંઘું થઈ પડે. શહેરોમાં બધે આજકાલ ઘણો ઘોંઘાટ વધી પડ્યો છે ને તેમાં યે મોટરોએ તો હદ વાળી છે. આ બધાંનું પરિણામ એ આવ્યું છે કે આપણે તેની કિંમત આપણી તંદુરસ્તી ને જીવનશક્તિ વડે ભરીએ છીએ. સામાન્ય ઘરોમાં આવો અવાજ કેટલાક અંશે ન આવી શકે એના સામાન્ય ઉપાયો નીચે પ્રમાણે શોધાયા છે.

કોઇ ખાલી ઘરની ખાલી ઓરડીઓમાં તમે ચાલશો કે થોડો સરખો અવાજ કરશો તો માલૂમ પડશે કે એ અવાજનાં મોજાં પણ હવામાં ઝણઝણી ઊઠે છે. તેનું કારણ એ છે કે ભીંતો ઉપર અથડાતાં અવા-

જનાં મોજાં પ્રત્યાઘાત પામે છે. એટલે જો ભીંતો ઉપર કે ઘરમાં એવી વસ્તુઓ રાખવામાં આવે કે જેમાં અવાજનાં મોજાં શમી જાય તો અવાજનો લોપ થયો માલૂમ પડશે. જ્યારે ઘરમાં વસવાટ થાય છે ત્યારે શેતરંજીઓ, ગાલીચા, ખુરસીકોચ, ભીંતપરના પડદા, લૂગડાં વગેરેમાં અવાજનાં મોજાં શમી જાય છે, તેથી આપણને તેમાં ખાલી ઘરના જેટલો અવાજ લાગતો નથી. જે જે વસ્તુઓમાં આ પ્રકારની શક્તિ હોય તે વડે આપણે અવાજને આવતો રોકી શકીએ. વધારે કલ્લીઓ પડેલા અને વગર ગડીએ ટીંગાડેલાં લૂગડાંમાં અને પડદાઓમાં અવાજને રોકવાની શક્તિ ઘણી હોય છે, જ્યારે સામાન્ય ગૂંથણવાળા કપડામાં તેવી શક્તિ જૂજ હોય છે. ચામડાના ગાદીતકિયામાં અવાજને શમાવી નાખવાની શક્તિ બીલકુલ હોતી નથી. લાકડાની સાદી ખુરશીઓ કરતાં ગાલીચા વગેરેથી ભરેલું ફરનીચર વધુ પસંદ કરવા લાયક છે; કારણકે સાદા લાકડામાં અવાજનો શમાવી લેવાની શક્તિ નહિ જેવી હોય છે. મખમલમાં આ શક્તિ ઘણી સારી હોય છે. ગાલીચામાં જેટલાં અવાજનાં મોજાં શમી જાય છે તેટલાં મોજાં રબર પાએલી શેતરંજી પાથરવાથી શમતાં નથી. રબર પર ચાલવાથી ઓછો અવાજ થાય છે તેટલું જ; બાકી તેમાં અવાજને રોકવાની શક્તિ બીલકુલ નથી.

તો તમારા ઘર માટે ત્રણ વસ્તુઓ યાદ રાખવાની: (૧) આપણે અવાજની કિંમત તંદુરસ્તી વડે ભરવી પડે છે, તેથી (૨) અવાજને બને તેટલે બહાર રાખવાનો દરેક પ્રયત્ન કરવો; અને તેમ છતાં પણ (૩) છેવટે ઘરમાં ઘૂસી જતા અવાજનાં મોજાંને શમાવી નાખે એવી વસ્તુઓની ઘરમાં ગોઠવણ કરવી.

આ પ્રમાણેનાં ઘરોમાં રહેવું વધારે આનંદદાયક અને તંદુરસ્તીભરેલું લાગશે.

[‘હાઇજીઆ’માંના લેખ પરથી] **ચુનીભાઈ ધ. પટેલ**



પાંદડાની પાકી છાપ

જુદાજુદા આકારનાં પાંદડાંની આબેહૂબ છાપો લેવાની રીત સાવ સહેલી છે. એક કારબન કાગળ (એટલે જેની ઉપર કાળો કે કોઇપણ રંગ મીણના રસાયનથી લગાડેલો હોય તે), એક સફેદ કાગળ અને કપડાં સપાટ કરવાની એક ઇસ્ત્રી એટલાં જ વાનાં જોઇએ. જે પાંદડાની છાપ લેવી હોય તેને, એકાદ જૂના માસિકના અંક ઉપર નરમ કપડું બિછાવી ગોઠવવું. પછી પાંદડા ઉપર કારબન કાગળની રંગવાળી બાજુ ઢાંકવી અને ફરી તેની ઉપર એક ફાલતુ કાગળ મૂકવો (જુઓ ઉપર ચિત્ર નં. ૨) આ બધી ગોઠવણ બાદ ઉપર ગરમ ચપટ ઇસ્ત્રો ધીમેથી ફેરવવી. (ચિત્ર નં. ૩) થોડીવાર પછી કારબન કાગળ ઉપરનો રંગ પાંદડા પર જોઈતા પ્રમાણમાં ચોંટી જશે; એટલે જાળવીને કાગળ ઉપાડી લેવો અને પાંદડાને ડાંડલી વડે ઊંચકીને કોરા સાફ કાગળ પર રંગવાળી બાજુ ઊંધી રાખીને મૂકવું (ચિત્ર નં ૪) પછી તેના ઉપર ફરી ફાલતુ કાગળનું ઢાંકણ મૂકી ગરમ ઇસ્ત્રી ફેરવવી. (ચિત્ર નં. ૫) જરૂર પૂરતી ગરમી આપીને બધું ઉઠાવી લેશો તો નીચેના સફેદ કાગળ ઉપર પાંદડાની રેખાયે રેખા સમેત આબેહૂબ છાપ પડેલી જોશો. (ચિત્ર નં. ૬) વનસ્પતિના અભ્યાસીને તેમજ ચિત્રના વિદ્યાર્થીને આ તરકીબ બહુ જ ઉપયોગી થશે. કારબન કાગળ ન મળે તો પાંદડાને મીણબત્તી કે તેલના દીવાની મેશ લગાડી ઉપર પ્રમાણે ક્રિયા કરવાથી પણ કામ સરશે. ઈસ્ત્રીને બદલે એક તપેલીમાં કોલસા નાખીને પણ કામ ચલાવી શકાશે.



મધુકરી

જ્યારે દીવો ના ધરે કોઇ,
ઓ રે ઓ રે ઓ અભાગી ! દીવો ના ધરે કોઇ,
જ્યારે ઘનઘોરી તુફાની રાતે બારવાસે તને જોઇ—
ત્યારે આભની વીજે
તું સળગી જઈ સૌનો દીવો એકલો થાને રેઃ
તારી જો હાક સુણી કોઇ ના આવે તો એકલો જાને રે !
એકલો જાને, એકલો જાને, એકલો જાને રે !

—રવીન્દ્રનાથ ઠાકુર

સર સી. વી. રામનને નોબેલ ઇનામ

ફરી એકવાર પેલું જગપ્રસિદ્ધ સવા લાખનું નોબેલ ઇનામ આ વર્ષે હિંદની વિભૂતિને મળ્યું છે. આજથી ૧૭ વરસ પહેલાં ઈ. સ. ૧૯૧૩માં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરને સાહિત્ય માટે એ ઇનામ મળ્યું હતું. આ વર્ષે સર સી. વી. રામન—ચંદ્રશેખર વ્યંકટરામનને ભૌતિકશાસ્ત્રમાંની એમની વિખ્યાત ‘રામન ઇફેક્ટ’ની પ્રકાશની શોધ માટે સ્વીડનની વિદ્વદ્‌સભાએ એ પારિતોષિક આપ્યું છે. જુદાજુદા પાંચ વિષયોમાં શ્રેષ્ઠતા માટે એ ઇનામ દર વરસે જગતની વિભૂતિઓને અપાય છે એ વાત તો જાણીતી છેઃ સાહિત્ય, રસાયનશાસ્ત્ર, શારીર કે ઔષધશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જગતમાં શાંતિપ્રચારના કાર્યમાં વર્ષ દરમ્યાન સર્વશ્રેષ્ઠ ફાળો આપનારને.

સર વ્યંકટરામનની જ્વલંત જીવનકથાથી ‘કુમાર’ના વાચકો અપરિચિત નથી. (૬૯-૭૦મા અંકમાં એમની વિસ્તૃત જીવનરેખા પ્રસિદ્ધ થઇ ગઇ છે.) ત્રિચિનાપલીના એક ગરીબ મહેતાજીનો એ તેજસ્વી પુત્ર પોતાની પ્રતિભાના બળે જગતના આ યુગના શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોની હરોળમાં આવી ઊભો અને અખંડ પરિશ્રમ તથા અભ્યાસ વડે સાધેલી એની શોધોએ વૈજ્ઞાનિક પ્રગતિમાં અતિ ઉજ્જ્વલ અને મહિમાવંતો ફાળો આપ્યો. એની કદર, જગતે આ પહેલાં અનેક બહુમાનોથી અને નવાજીને કરી છે. હજી થોડા જ સમય પહેલાં લંડનની રૉયલ સોસાઇટીએ પોતાનો ‘હ્યુજીઝ મેડલ’ નામનો ચંદ્રક અર્પી એમનું ગૌરવ કર્યું હતું. આ છેલ્લા પારિતોષિકે એના કીર્તિમંદિર પર કળશ ચઢાવ્યો છે અને એની પ્રતિભા તથા હિંદના ગૌરવનો દિગંત ડંકો વગાડ્યો છે.

એમની પ્રતિભા બે વસ્તુઓ વડે વધુ ઓજસ્વી બની છે, અને એ જ એમની જીવનસિદ્ધિની ચાવી છે. એક તો અવિશ્રાંત એકધારો પરિશ્રમ અને બીજું વિજ્ઞાનસેવા માટેનો એમનો ઉજ્જ્વલ સ્વાર્થત્યાગ. એમણે ધાર્યું હોત તો આજે



એ લક્ષ્મીની સુંવાળી ગોદમાં અને સત્તાના ઊંચામાં ઊંચા અધિકાર પર આરૂઢ થયા હોત. હિંદના નાણાખાતામાં પોતાની શક્તિને બળે તે ભલભલાઓને પાછળ નાખીને અતિ નાની ઉંમરે ઊંચા અધિકાર પર પહોંચ્યા હતા. પણ એમને લાગ્યું કે લક્ષ્મી કરતાં સરસ્વતીનો પોતા પર વધુ અધિકાર છે અને પોતાનું ખરું સ્થાન અને શક્તિનો સાચો વ્યય વિજ્ઞાનદેવીની સેવામાં જ છે. એટલે સારી આમદાનીવાળી ઉજળી અમલદારીને સલામ ફરમાવી એ કલકત્તા યુનિવર્સિટીમાં વિજ્ઞાનના અધ્યાપક બન્યા;—એવે વખતે, કે જ્યારે એ ઊગીને ઊભી થતી વિદ્યાપીઠ પોતાના સેવકોને પૂરા અને નિયમિત પગાર પણ નહોતી આપી શકતી પણ વિજ્ઞાનસેવાની ધગશવાળા વ્યંકટરામનને લક્ષ્મીની તમા નહોતી.

કલકત્તા વિદ્યાપીઠના એ વખતના કુલનાયક અને બંગાળમાં જ્ઞાનયજ્ઞના અધ્વર્યુ સમા સર અસુતોષ મુકરજી અધ્યાપકો આગળ આદર્શ મૂકતા તેમ પ્રાચીન સમયના ખરા આર્ય ગુરુની પેઠે રામને અકિંચનભાવે વિદ્યાદાન અને જ્ઞાનસેવા માટે જીવન અર્પ્યું. પણ એમણે કશું યે ખોયું નથી. સંપત્તિની દૃષ્ટિએ એમણે જે ગુમાવ્યું તેનાથી અધિક મૂલ્યવાન નામના અને ગૌરવ એમણે સિદ્ધિની દૃષ્ટિએ મેળવ્યાં છે અને જગતના જ્ઞાનમાં મોંઘો ઉમેરો કરી પોતાની સાથે પોતાની માતૃભૂમિના નામને પણ ગૌરવાન્વિત કર્યું છે.

ધરતીકંપના ભોગ

વળી પાછો, ગઇ ૨૬મી (નવેમ્બર) તારીખે જાપાનમાં ભયંકર ધરતીકંપ થયો છે, અને હમણાં એકજ દાયકા પહેલાં એ કુદરતી હોનારતે એ દેશ પર વર્તાવેલો કેર યાદ આવે છે. પૃથ્વીની એ નાની સરખી ધ્રુજારી કેટલાં માનવીનો કોળિયો કરી જાય છે તેનો સરેરાશ વાર્ષિક અંદાજ ટાઇમ્સના ૨૧મી જુલાઇના અંકમાં ડૉ. સી. ડેવિસને આપ્યો છે. મિલનિએ પોતાના વિનાશક ધરતીકંપના કેટલોગમાં ઓગણીસમા સૈકામાં (૧૮૦૦ થી ૧૮૯૯) ઉગ્ર પંક્તિના ૩૬૪ અને ગૌણ પંક્તિના ૫૧૦ ધરતીકંપ ગણ્યા છે. એથી ઊતરતી પંક્તિના ધરતીકંપથી જાનોની થએલી ખુવારી નહિ જેવી છે. ૧૯૦૧ થી ૧૯૦૦ સુધીમાં અતિ વિનાશક ધરતીકંપથી દટાલીમાં, સરેરાશ ગણતાં દરેક ધરતીકંપ દીઠ ૪૨૨૨ માણસોની ખુવારી થઈ છે, અને ગૌણ પંક્તિના ધરતીકંપ દીઠ સરેરાશ ૮૦૩ જાનનું નુકસાન થયું છે. એ તેરીખે બધા ધરતીકંપ માટે ગણીએ તો આખી દુનિયામાં ધરતીકંપથી વાર્ષિક ખુવારી ૧૫,૪૧૦ જાનની થાય છે!

૧૮ અને ૧૯મા સૈકામાં જાપાનમાં ઉગ્ર ધરતીકંપથી સરેરાશ ૩૮૯૨ મરણ નિપજ્યાં છે. એ રીતે ગણતાં આખી દુનિયામાં ધરતીકંપથી વાર્ષિક હાનિ ૧૪,૧૯૯ની થાય છે. આ રીતે ડૉ. ડેવિસ એવા અનુમાન ઉપર આવે છે કે દર વરસે દુનિયામાં ધરતીકંપથી સરેરાશ ૧૪ થી ૧૫ હજાર જીવની ખુવારી થાય છે.

પણ નવાઇ જેવી વાત તો એ બીજી એ છે, કે આ કુદરતી હોનારત કરતાં માણસે ઉત્પન્ન કરેલી મોટર વધારે ભોગ આરોગી જાય છે! દુનિયા આખીના આ ધરતીકંપના ભોગની સંખ્યા ઘણી નાની છે; અને ગ્રેટબ્રિટનમાં મોટરોથી થતાં મરણોની સંખ્યા આના અરધા આંકે પહોંચવા જાય છે!

અજેય નગાધિરાજ

યોગીઓનું પવિત્ર શાંતિનિકુંજ સમું દિવ્ય ધામ, કવિઓ ને કલાકારોને પ્રેરણા પાતું સૌંદર્યકેન્દ્ર, ધર્મિષ્ઠોનું ધર્મક્ષેત્ર અને વિલાસીઓનું વિહારસ્થાન હિમાલય જગતભરમાં અજોડ છે. પોતાની અંતરેચ્છા પૂરી કરવા માટે એ ઉન્નતશૃંગ પર્વતરાજના દર્શને દુનિયાના દૂરદૂરના દેશોમાંથી સંતો અને સાહસિકો, જ્ઞાનીઓ અને સહેલાણીઓ હિંદને આંગણે આવેછે.



કાંચનગંગાનાં શિખર

ગયા જુલાઇ માસમાં પશ્ચિમના ભિન્નભિન્ન પાંચ દેશ–જર્મની, સ્વિટઝર્લેંડ, ઑસ્ટ્રિયા, ઇટાલી અને ગ્રેટબ્રિટનના શોધખોળ ખાતાના વિદ્વાનો જર્મન પ્રો. જી. ઓ. ડીરેનફર્થની સરદારી નીચે આવેલા. ઘણી મુસીબતો ઠંડી અને બરફના તોફાનનો સામનો કરતાંકરતાં તેમાંના ૬ જણ ૨૪,૩૦૦ ફીટ ઊંચા જોંનસોંગ શિખર સુધી પહોંચવા ભાગ્યશાળી થયા. પણ આ ટોળીની ઉમેદ તો કાંચનગંગા શિખર સુધી જવાની હતી. પરંતુ તુરત તો પડેલી મુસીબતો અને લાગેલા પરિશ્રમથી કંટાળી એ વિચાર મોકૂફ રાખ્યો.

અત્યાર સુધીમાં એ પર્વતરાજને તાગવા જતાં ઘણાએ પોતાની જિંદગી અર્પણ કરી છે. એવા વીરાત્માઓમાં મેલોરી અને ઇરવીન તો છેક ૨૮૦૦૦ ફીટ ઊંચે, ગૌરીશંકર (માઉન્ટ એવરેસ્ટ)ની લગભગ પહોંચેલા. પણ એ વિજયી વીરો દુનિયાને પોતાની સાહસકથા કહેવા કદી પાછા ન જ ફર્યા. હિમાલયની ગોદમાં જ તેઓ ચિર શાંતિ પામ્યા.

હિંદનું શોષણ

આજથી દસ વરસ ઉપરના આંકડા જોતાં માલૂમ પડે છે કે હિંદની સરેરાશ વાર્ષિક આવક રૂ. ૩૦ છે. હિંદની તુરંગમાં દરેક કેદીને નિભાવવા પાછળ સરકારને વાર્ષિક સરેરાશ રૂ. ૪૫ ખર્ચ થાય છે. એટલે, પ્રત્યેક હિંદીને એક કેદીના જેવું જીવન ગાળવું હોય તો પણ રૂ. ૧૫ના ખાડો પડે છે! આજે એક હિંદીને કેદીનું જીવન ગાળવું પણ મહામુશ્કેલ છે તે આ દાખલા ઉપરથી સમજાશે.

સને ૧૭૫૭ થી ૧૯૨૩ સુધીનાં ૧૬૬ વરસમાં અંગ્રેજોએ હિંદને કેવી રીતે ફોલેચ્યું છે તેના આંકડા અંગ્રેજ લોકોએ જ જણાવ્યા છે. અને તે આંકડા પ્રમાણે ગણતાં ૧૬૬ વરસમાં આ સુધરેલા લૂંટારાઓએ હિંદમાંથી ૩૮૭૨ અબજની લૂંટ ચલાવી છે. આ રકમનું પાંચ ટકા લેખે દર સાલનું વ્યાજ ૧૯૩–૯૪ અબજ થાય! જો હિંદનું આ અખૂટ દ્રવ્ય દરેક હિંદીને વહેંચી આપવામાં આવે તો નાના બાળકથી માંડીને ઘરડાં ડોસા સુધી દરેકને સરેરાશ ૧૨૧:૩૮ રૂપિયા લગભગ ભાગે

આવે અને તેનું દર સાલનું વ્યાજ રૂ. ૯૦૭ આવે. તે પ્રમાણે ગણતાં દરેક હિંદીની સરેરાશ આવક દુનિયાના બીજા કોઇ દેશ કરતાં ચડી જાય. આ અખૂટ મિલકતથી આપણે ઈંગ્લંડમાં આજે છે તેના કરતાં પાંચગણું નૌકાબળ રાખી શકાય અને ત્યાંની રેલ્વે, એરોપ્લેન, કારખાનાં વગેરે તમામ વસ્તુ તેમના મોંમાગ્યા ભાવે ખરીદી શકીએ અને છતાં મોટી રકમ ફાજલ રહે. આ ફાજલ રકમનાં વ્યાજમાંથી (મૂડીમાંથી નહિ) હિંદુસ્તાનના દરેકેદરેક બાળકને ફરજિયાત કેળવણી મફત આપી શકાય, હિંદુસ્તાનના દરેકેદરેક ખેડુતને કાંસનું પાણી મફત આપી શકાય અને છતાં યે વ્યાજની રકમ ફાજલ પડે!

જ્ઞાનલીલા

કારતકની જ્ઞાનલીલાના મળેલા ઉત્તરોમાંથી બધા સાચા નીચેના ૨૦ ભાઇઓના છે. તેમાંથી જે ૧૭ ભાઇઓ ગ્રાહક છે તેમને ઈનામ મોકલાશે. (૧) ઉમિયાશંકર ઠાકર–આણંદ (૨) જગજીવન શાહ–મુંબાઇ (૩) જયંતકુમાર ઓઝા–જામનગર (૪) હરિભાઈ સિદ્ધપુરા–અમરેલી (૫) ત્રિભોવનદાસ શેઠ–પાટણ (૬) રતિલાલ પંડિત–સાણંદ (૭) હરકિસનદાસ સોની–પોરબંદર (૮) સોમાભાઈ પટેલ–નડિયાદ (૯) રમણલાલ ગાંધી–નડિયાદ (૧૦) ત્રંબકરાય ખંભોલજા–મુંબાઇ (૧૧) શંભુભાઇ પટેલ–નડિયાદ (૧૨) પન્નાલાલ શાહ–વાલવોડ (૧૩) આશાભાઇ પટેલ–વીરસદ (૧૪) એસ. કે. બૂચ–ભાવનગર (૧૫) ચિમનલાલ ઠાકર–પાટણ (૧૬) રણછોડભાઇ પટેલ–નડિયાદ (૧૭) બાલુભાઇ પટેલ–સાણંદ (૧૮) હરિપ્રસાદ ત્રિવેદી–કપડવણજ (૧૯) રમણલાલ–પાટણ (૨૦) ચંપા બહેન દવે–ગડવાળ. સાચા જવાબો નીચે મુજબ:

(૧) ગણિત-ગમ્મત: જગુની ઉમર ૧૩ વર્ષ. **(૨) શોધી કાઢો:** નવલરામ **(૩) એ શું?** મેઘધનુષ. **(૪) શબ્દ-શંકુ:** નીચે મુજબ: સવાલમાં મૂકેલા આંકડા પ્રમાણે શંકુઓ ગોઠવતાં વચ્ચેનું એક ટપકું ખાલી રહેવું જોઇએ એ વાત તરફ દુર્લક્ષ કરવાથી કેટલાક ભાઇઓએ જવાબમાં ભૂલથાપ ખાધી છે.

ભા
વ જી **ર**
ન વ જ ગ **ત**
અ ખા ર · જ સ **મા**
ર ણ સં ગ્રા મ હા ભા ર **ત**

(૫) શબ્દ-સાંકળી: વિવેકાનંદ (અથવા દયાનંદ), નંદનવન, વનરાજ, રાજનગર, ગરક, રકઝક. **(૬) શબ્દ-ગોઠવણ:** નીચે જમણી તરફ બતાવ્યા મુજબ:

પ
સ **રો** જ
પ્ર **તા** **પ** **સિં** **હ**
જ **કા** ત
ર

(૭) ચિત્ર-પ્રશ્ન: બધાં વાસણમાં મળીને ચાર મણ ને બશેર દૂધ માઈ શકે.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: મારી પાસે જેટલી પેન્સિલ છે તેથી બે પેન્સિલ વધારે હોત તો દરેક વિદ્યાર્થીને આઠ-આઠ પેન્સિલ વહેંચી શકાત, પરંતુ જો બે વિદ્યાર્થી ઓછા હોત, તો છે તેટલી જ પેન્સિલ સરખે ભાગે વહેંચી આપતાં દરેકને નવનવ પેન્સિલ મળત; તો વિદ્યાર્થીની સંખ્યા કેટલી તથા મારી પાસે પેન્સિલ કેટલી હશે? (મ. ના. ખત્રી) (૨) ૪૦ ચોરસ એકરના ખેતર ફરતી વાડ બાંધવા માટે જો એક માઇલ લાંબો તાર જોઇએ તો બે માઈલ લાંબા તાર વડે કેટલા ચોરસ એકરના ખેતર ફરતી વાડ બાંધી શકાય? **(૨) એ શું?** ચાર અક્ષરનો એક શબ્દ છે ને 'કુમાર'ના દરેક અંકમાં તે આવે છે. તેના પહેલા ત્રણ અક્ષરો એક આભુષણ છે ને છેલ્લા ત્રણ અક્ષરો ખેતીનું ઓજાર છે; તો એ શું હશે? (૨) એવું શું છે જે હમેશાં તમારી સામે જ હોય છે છતાં કદી તમે તેને જાણી શકતા નથી? **(૩) શબ્દ-સાંકળી:** નીચેના અર્થ મુજબ પાંચ શબ્દો એવા શોધી કાઢો કે પ્રથમ શબ્દના છેલ્લા બે અક્ષરથી શરૂ થતો પછીનો શબ્દ અનુક્રમે આવતો જાય: (૧) હિંદનું એક બંદર (૨) ઇતિહાસ પ્રસિદ્ધ એક સ્ત્રી (૩) હિંદના એક બાદશાહ (૪) એક યાત્રાધામ (૫) એક વિખ્યાત મુનિ. (દે. મુ. શેઠ)

(૪) શબ્દ શોધન: પાંચપાંચ અક્ષરના પાંચ શબ્દોનું બાજુનું ચોકઠું છે. દરેક આડી લીટીમાં ગુજરાતી ભાષાનો એકએક શબ્દ મૂકીને તમારે આખું ચોકઠું ભરી કાઢવાનું છે. એક શબ્દ બે વાર ભરાય નહિ તેમજ સવાલમાં મૂકેલ કોઈ અક્ષરને હેરવાય ફેરવાય પણ નહિ.

· · · · ન
· · · વ ·
· · જી · ·
· વ · · ·
ન · · · ·


(૫) શબ્દ ફેરવણી:



બાજુની આકૃતિના પ્રથમ ખાનામાં 'મહાત્મા' શબ્દ આપેલો છે. તેમાંથી ખાનાંવાર દર વખતે માત્ર એક જ અક્ષર બદલી શબ્દો રચતા જાઓ અને છેલ્લે 'દુશ્મન' લાવી દો.

(૬) અંક-ચોરસ: બાજુના ચોરસમાં ફુદડીની જગ્યાએ એકથી નવ સુધીનો દરેક આંકડો એકએક વાર એવી રીતે ગોઠવવાનો છે કે જેથી બાજુ ઉપર મૂકેલા આડા ઊભા સરવાળા બરોબર આવી રહે.

*	*	*	=૧૩
*	*	*	=૧૩
*	*	*	=૧૯
૧૯	૧૩	૧૩	



(૭) ચિત્ર-પ્રશ્ન: બાજુની આકૃતિમાં તમે ધારતા હો તેથી ઘણા વધારે સમચોરસ આવેલા છે: તમે નાનાંમોટા બધા સમચોરસ ગણી શકશો?


૧૯૧૦માં ઇંગ્લંડના માજી વડા પ્રધાન મિ. ઍસક્વિથનાં પત્નીએ એક વખત વિદેશી વસ્ત્રો ને વસ્તુઓની ખરીદી કરેલી. આ વાતની જાણ થતાં સમાજમાં ભારે ખળભળાટ મચી રહ્યો ને પરિણામે મિ. ઍસક્વિથને સ્વજનો આગળ પોતાની પત્નીના એ કૃત્ય માટે ખુલાસો કરીને માફી માગવી પડી. હિંદના 'સ્વદેશી'ની સામે સૂગ ધરાવતા અંગ્રેજો પોતાના સ્વદેશીના તો કટ્ટા હિમાયતી છે.

લખતી વખતે વાક્યરચનામાં વિશેષણો તેના નામથી દૂર મૂકવાની ભૂલ ઘણી સામાન્ય છે અને તેને લીધે બહુ હસવા જેવા પ્રયોગો થઈ પડે છે. જેમકે 'બરફમાં ઠંડા કરેલા ધનજીભાઇના સોડાલીંબુ'. એમાં લખનાર કહેવા માગે છે સોડાલીંબુને ઠંડા, પણ થઇ જાય છે 'બરફમાં ઠંડા કરેલા ધનજીભાઇ.' ખરી રીતે 'ધનજીભાઇના બરફમાં ઠંડા કરેલા સોડાલીંબુ' એમ લખવું જોઇએ.

કપડાં પર ચા ઢોળાય કે તરત ગરમ પાણીથી ધોઈ નાખશો તો ડાઘ નહિ પડે.

કોલસાની સગડીમાં થોડા ચાકના કકડા નાખવાથી કોલસાની કરકસર થશે.

કપડાં પર પડેલા લોહીના ડાઘ પર મેંદાની પાતળી લાહી ચોપડો. સુકાઇ ગયે ખંખેરી નાખો. ડાઘ ચાલ્યો જશે.



તારાના જેવા આકારની આ માછલીનું એક અથવા ગમે તેટલાં (ધારો તો પાંચેપાંચ) અંગ કાપી નાખવા છતાં તેને જરા પણ ઇજા નથી થતી ને ફરી ઊગે છે. એકનાં બે ફડશિયાં કરી નાખો તો પણ કપાએલા ભાગ ફરી ઊગી નીકળે!



ડોલનું દેવળ

બ્રહ્મદેશના ટીનાસરીમ પ્રાંતમાં ક્યાઇક-હીટો ગામથી ૧૫ માઇલ દૂર એક જંગી ઇંડાકાર ખડક પર આવેલા આ પૅગોડા-એ પહોંચવાનો રસ્તો બહુ જ કપરો છે ને લાંબા વાંસની સીડીથી મહામુસીબતે ત્યાં ચડાય છે. મંદિરમાં ભગવાન બુદ્ધનો એક વાળ સાચવી રાખવામાં આવ્યો છે ને એ પવિત્ર અવશેષના સતથી જ આ જંગી ખડક આમ ચમત્કારિક રીતે તોળાઇ રહ્યો છે એવી શ્રદ્ધાળુ લોકોની માન્યતા છે.

આરસની વસ્તુઓને મીઠું ઘસીને સારી સાફ કરી શકાશે.

કંજુસ બાપા—બેટા, ચાલતી વખતે ડગલાં હમેશાં લાંબાં ભરવાં.

બેટા—કેમ બાપા?

બાપ—જોડા વધુ ટકે

૨૧મી ડિસેમ્બર આખા વર્ષમાં ટૂંકામાં ટૂંકો દિવસ આવશે. ધ્યાન રાખજો.

શિયાળામાં શૌચ માટે ગરમ પાણી વાપરવાની ટેવ હરસનો ઉપદ્રવ કરે છે.

કૉફીમાં ચપટી મીઠું નાખવાથી એની ખુશબો ખીલી આવશે.

કપડાં, કાગળ કે વાળમાં ચોંટેલો ગુંદર ઑલિવ ઓઇલથી તરત નીકળી જાય છે.

ચોપડીઓના કબાટમાં લવંડર ઑઇલનાં થોડાં ટીપાં નાખી રાખવાથી ભેજ લાગતો નથી તેમ ફૂગ થતી નથી.

કોઈ ગરમ ખોરાક કે પીણાંને જલદી ઠંડું કરવાની જરૂર પડે તો એક મોટા વાસણમાં પાણી તથા મીઠું નાખી તેમાં તે ગરમ વસ્તુ મૂકજો. જલદી ઠરી જશે.

નવા શોધાએલા ગ્રહ પ્લૂટો ઉપરનો એક દિવસ એટલે આપણી પૃથ્વી પરનાં ૨૫૦ વરસ. ત્યાં એકાદ રવિવારની રજા ગાળી હોય તો? ૨૫૦ વરસની મઝા!

કાતરની ધાર ખરાબ થઇ ગઇ હોય તો તે વડે રેતીઆ કાગળના થોડા ટુકડા કાપી નાખજો. સરાણે ચડાવ્યા જેવી થઇ જશે.

પરણેલા છો? તો કરી જુઓ: તમારા જન્મની સાલમાં તમારા લગ્નની સાલ ઉમેરો. તેમાં તમને પરણ્યે જેટલાં વરસ થયાં તે ઉમેરો, ને પછી તેમાં તમારી ઉંમરનાં વરસ ઉમેરો. સરવાળો ૩૮૬૦ જ આવશે (ભેદ સાવ સહેલો છે.)



અમેરિકાના બ્લુહિલ ગામની આ બાઈ મિસ એક્સ્પીરિયન્સ ગિલફર્ડે જુવાનીમાં પ્રેમમાં નિરાશા મળવાથી જીવનભરનું મૌનવ્રત લીધેલું. ૫૦ વરસની વયે તે મરી ત્યાં સુધી તેણે એ પાળેલું. પણ એ પાછલા દિવસોમાં એણે જોએલું કે એની વાચા જ નાબુદ થઈ ગઇ હતી!